દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 221 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ સુદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 September 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૧ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# ટાટા જૂથમાં જંગ



## નોએલ ટાટાના વિરોધ છતાંય ચંદ્રશેખરનની ટાટા સન્સના ચેરમેનપદે ફરી નિમણૂક

- ટાટા ટ્રસ્ટ્સ બૉર્ડના નિર્ણયને પડકારશે
- ટાટા સન્સના લિસ્ટિંગ માટે પ્રક્રિયા આગળ વધારશે
- એજીએમમાં મંજૂરી લેવી જરૂરી
- ચંદ્રશેખરનની હોદ્દા પર ચાલુ રહેવાની અનિચ્છા
- સર દોરાબજી ટાટા ટ્રસ્ટે લિસ્ટિંગની વિરુદ્ધ મત આપવાની કરેલી અરજ નકારાઈ

મુંબઈ: ટાટા સન્સ લિમિટેડના બૉર્ડે એન. ચંદ્રશેખરનની વધુ પાંચ વર્ષ માટે એક્ઝિક્યૂટિવ ચેરમેનપદે નિમણૂકને ગુરુવારે બહાલી આપી હતી.

ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટાએ ચંદ્રશેખરનની નિમણૂકની વિરુદ્ધ મત આપ્યો હોવા છતાં બૉર્ડે બહુમતીથી ઠરાવ પસાર કર્યો હતો. ટાટા સન્સમાં અંદાજે ૬૬ ટકા અંકુશ ધરાવતું ટાટા ટ્રસ્ટ્સ બૉર્ડના આ નિર્ણયને પડકારે એવી શક્યતા છે.

બૉર્ડે ટાટા સન્સના લિસ્ટિંગની પ્રક્રિયામાં આગળ વધવાનું પણ નક્કી કર્યું હતું.

કંપનીની એજીએમમાં બન્ને નિર્ણયને મંજૂર કરાવવા જરૂરી છે. ચંદ્રશેખરન પોતાની ફેરનિમણૂક માટે બૉર્ડમાં સર્વાનુમત નહિ હોવાથી આ હોદ્દા પર વધુ મુદત માટે ચાલુ રહેવાની અનિચ્છા ધરાવતા હોવાનું કહેવાય છે.

લિસ્ટિંગના નિર્ણયને લીધે પણ આ ટ્રસ્ટ્સમાં મોટા પાયે વિખવાદ ચાલી રહ્યો હોવાનું જાહેર થયું હતું.

સર દોરાબજી ટાટા ટ્રસ્ટે નૉમિની ડિરેક્ટર વેણુ શ્રીનિવાસનને લિસ્ટિંગની વિરુદ્ધ મત આપવા વિનંતિ કરી હોવાનું કહેવાય છે, પરંતુ તેમણે પોતે બૉર્ડમાં જોઇન્ટ નૉમિની તરીકે સ્વતંત્ર અખત્યાર સંભાળતા હોવાનું કારણ આપીને આ અરજ નકારી કાઢી હતી.

અગાઉ, મુંબઈમાં બૉર્ડની બેઠક અંદાજે ત્રણ કલાક ચાલી હતી.

૬૩ વર્ષીય એન. ચંદ્રશેખરને ઑગસ્ટમાં ડિરેક્ટર્સને જણાવ્યું હતું કે મારી હાલની મુદત ૨૦૨૭ની ૨૦ ફેબ્રુઆરીએ પૂરી થાય, તે પછી હું આ હોદ્દા પર વધુ ચાલુ રહેવા માગતો નથી.

નમકથી સૉફ્ટવેર અને કાર્સ બનાવતી કંપનીઓના ગ્રૂપમાં હૉલ્ડિંગ ધરાવતા ટાટા સન્સના બૉર્ડે લિસ્ટિંગની પ્રક્રિયા આગળ વધારવાનો નિર્ણય લીધો હતો.

ટાટા સન્સે નૉન-બૅન્કિંગ ફાઇનાન્શિયલ કંપની તરીકેનું પોતાનું રજિસ્ટ્રેશન સરેન્ડર કરવા કરેલી અરજી ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઇ)એ ગયા અઠવાડિયે નકારી કાઢતા કંપનીએ આ પગલું ભર્યું હોવાનું કહેવાય છે.

ટાટા સન્સની નૉમિનેશન ઍન્ડ રિમ્યૂનરેશન કમિટી ૬૩ વર્ષીય ચંદ્રશેખરનને ઑગસ્ટના પોતાના નિર્ણય અંગે ફેરવિચારણા કરવા સત્તાવાર વિનંતિ કરશે.

ભારતીય રિઝર્વ બૅન્કે અગાઉ ટાટા સન્સને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું હતું કે 'અપર લૅયર' નૉન-બૅન્કિંગ ફાઇનાન્શિયલ કંપની તરીકેના પદ (ડેઝિગ્નેશન) માટે ૨૦૨૨થી ત્રણ વર્ષમાં લિસ્ટિંગ કરાવવું જરૂરી હતું અને તેની મુદત ૨૦૨૫ના સપ્ટેમ્બરમાં પૂરી થઇ હતી. ટાટા સન્સે એક્ઝમ્પશન માટે ક્વૉલિફાઇ થવા પોતાના પરનું જંગી કરજ ભરપાઇ કરી દીધું હતું.

ચંદ્રશેખરન ૨૦૧૭ના ફેબ્રુઆરીમાં રતન ટાટાની જગ્યાએ વચગાળાના અધ્યક્ષ બન્યા હતા. તેની પહેલાં બૉર્ડે સાયરસ મિસ્ત્રીને હોદ્દા પરથી દૂર કર્યા હતા. ચંદ્રશેખરની બીજી પાંચ વર્ષની મુદત માટેની નિમણૂક ૨૦૨૨માં કરાઇ હતી. આ બીજી મુદત ૨૦૨૭ની ૨૦ ફેબ્રુઆરીએ પૂરી થાય છે.

ટાટા સન્સમાં અંદાજે ૧૮ ટકા હિસ્સો ધરાવતા શાપુરજી પાલનજી ગ્રૂપે લિસ્ટિંગ માટે ભાર આપ્યો હોવાનું કહેવાય છે.

ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટ્સે બૉર્ડના નિર્ણય પર તાત્કાલિક પ્રતિભાવ નહોતો આપ્યો. (એજન્સી) ■

## નરેન્દ્ર મોદીનો જીવનમંત્ર છે 'ભારત પ્રથમ': અમિત શાહ

### પીએમના જન્મદિવસે માત્ર દેશમાંથી જ નહીં પણ વિદેશમાંથી પુતિન, મેલોની અને નેતાન્યાહુ સહિતના મહાનુભાવોનાં વધામણાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ અને જનસેવાથી રાષ્ટ્રસેવાના અવિરત પચીસ વર્ષના ઉપલક્ષમાં મહેસાણાના વડનગર ખાતે 'સેવા સંકલ્પ અભિયાન'નો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. વડનગરના શર્મિષ્ઠા તળાવના કિનારે આયોજિત આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહ, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મહાનુભાવોએ શર્મિષ્ઠા તળાવ ખાતે આયોજિત મહાઆરતીમાં સહભાગી થઈને વડા પ્રધાનના દીર્ઘાયુ અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરી હતી.



**જન્મદિન મુબારક:** વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિન નિમિત્તે ગુજરાતના વડનગર ખાતે આરતી કરી રહેલા કેન્દ્રીય પ્રધાન અમિત શાહ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અન્યો. (એજન્સી)

માત્ર દેશભરના જે નેતાઓ અને અભિનેતાઓ જ નહીં પણ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન, ઇટલીનાં વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોની અને ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સહિતના વિશ્વના નેતાઓએ ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના ૭૬મા

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત પર ૧૦૦ ટકા ટૅરિફની લટકતી તલવાર, ટ્રમ્પને મળી સત્તા

### રશિયા પર પ્રતિબંધ લાદવાની, ચીન સામે પગલાં લેવાની અમેરિકાના પ્રમુખને છૂટ મળી

વૉશિંગ્ટન: અમેરિકાની પ્રતિનિધિસભા (હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ)એ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને રશિયા પર પ્રતિબંધ મૂકવાની અને મૉસ્કો પાસેથી ખનિજ તેલ તેમ જ ગૅસ ખરીદતા વેપારી ભાગીદાર દેશો (ભારત અને ચીન સહિતનાં રાષ્ટ્રો) પરની ટૅરિફમાં જંગી વધારો કરવાની સત્તા આપતો ખરડો પસાર કર્યો હતો. અગાઉ, અમેરિકાના સેનેટે આ ખરડાને બહાલી આપી દીધી હતી. આ સાથે ભારત પર પ્રસ્તાવિત ૧૦૦ ટકા ટૅરિફ લાદવા માટે ટ્રમ્પનો માર્ગ મોકળો થયો છે.

દરમિયાન, ભારતે આ સંબંધમાં પોતાનું મક્કમ વલણ અપનાવતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ભારત પોતાના વેપારી અને આર્થિક હિતની સુરક્ષા માટે દરેક જરૂરી પગલાં લેશે.

રશિયાએ ચેતવણી આપી હતી કે અમેરિકાનો સંબંધિત નિર્ણય યુક્રેન સાથેની લડાઇનો અંત આણવા માટેની મંત્રણા પર માઠી અસર કરી શકે છે.

ચીને પણ જણાવ્યું હતું કે અમારા દેશના અન્ય રાષ્ટ્રો સાથેના સામાન્ય વેપાર અને આર્થિક સહકારમાં ત્રીજા કોઇ દેશની દખલગીરી ચલાવી નહિ લઇએ.અમેરિકાની સેનેટે ગયા મહિને 'લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્કશનિંગ રશિયા ઍન્ડ ઇરાન ઍક્ટ ઑફ ૨૦૨૬'ને બહાલી આપી હતી. તેને અમેરિકાની પ્રતિનિધિસભાએ બુધવારે સાંજે ૨૬૨ વિરુદ્ધ ૧૫૯ મતથી

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતને સેમિકન્ડક્ટર હબ બનાવાશે: મોદી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભારતને વૈશ્વિક ઉત્પાદન ક્ષેત્રનું ભરોસાપાત્ર હબ લેખવ્યું હતું અને ચિપ ઈન્ડસ્ટ્રીઝને જણાવ્યું હતું કે દેશને પસંદગીનું સેમિકન્ડક્ટર ડેસ્ટિનેશન બનાવવા અમારી સરકાર જરૂરી તમામ પગલાં લઈ રહી છે. પાંચમી સેમિકોન ઈન્ડિયા પરિષદનું ઉદ્ઘાટન કરતાં મોદીએ કહ્યું હતું કે વિશ્વ નવા અને ભરોસાપાત્ર મેન્યુફેક્ચરિંગ ડેસ્ટિનેશન પર મીટ માંડી રહ્યું છે અને ભારત ધીમે ધીમે આ જરૂરિયાતને પહોંચી વળવાની તૈયારી કરી રહ્યું છે.

દેશને પસંદગીનું સેમિકન્ડક્ટર ડેસ્ટિનેશન બનાવવા ભારત જરૂરી તમામ પગલાં લઈ રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું. ભારતીય બનાવટની ચિપ્સ પ્રથમ જ વાર ગ્રાહકો સુધી પહોંચી રહી છે. ભારતીય પ્લાન્ટમાંથી તૈયાર થઈને આવતી આપણી ચિપ્સે હવે દેશ-વિદેશના ગ્રાહકો સુધી પહોંચવાનું શરૂ કરી દીધું છે, એમ તેમણે કહ્યું હતું.

ભારતનું અર્થતંત્ર વિકસી રહ્યું છે અને સાથે સાથે જ વિશ્વનો ભારત પરનો વિશ્વાસ પણ વધી રહ્યો છે, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૨૨માં લૉન્ચ કરવામાં આવ્યા બાદથી અત્યાર સુધીમાં ભારતના સેમિકન્ડક્ટર પ્રોગ્રામે સાધેલી પ્રગતિ પર પણ તેમણે પ્રકાશ પાડ્યો હતો. (એજન્સી)■

## છઠ્ઠા ધોરણ માટે ત્રણ ભાષા: આવતા વર્ષથી અમલનું સૂચન

નવી દિલ્હી: વર્ષ ૨૦૨૭થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ માટે ત્રણ ભાષાના અભ્યાસની નીતિ અમલમાં મૂકવા અંગે વિચારણા કરવાનું સુપ્રીમ કોર્ટે ગુરુવારે સીબીએસઈને જણાવ્યું હતું.

આ ત્રણ ભાષઓમાં બે મૂળ ભારતીય ભાષાનો સમાવેશ કરવાની વાત છે. સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યૂકેશન (સીબીએસઇ) વતી હાજર રહેલા વધારાના સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટિયાએ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની ખંડપીટને જણાવ્યું હતું કે બૉર્ડ આ સૂચન પર વિચાર કરશે. ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીએ આરંભમાં કહ્યું હતું કે બાળકોને સુવિધા આપવા માટે સીબીએસઈએ ત્રણ ભાષાની નીતિનો અમલ આગામી શૈક્ષણિક વર્ષથી મુલતવી રાખવા અંગે વિચારવું જોઈએ.

તેમણે ઉમેર્યું હતું કે હાલમાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જો આ વર્ષથી ત્રણ ભાષા ભણવા માગતા હોય તો તેમને પણ ત્રણ ભાષાઓ ભણવાની મંજૂરી આપી શકાય. સીબીએસઈ આ સૂચન પર વિચાર કરશે અને આ મુદ્દે નવી નોંધ સાથે ફરી આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## ભારતીયો માટે નવું ટેન્શન: ગ્રીનકાર્ડ સ્પૉન્સર પ્રોસેસમાં ફેરફાર કરાશે

ન્યૂ યૉર્ક: અમેરિકામાં ગ્રીન કાર્ડ માટે અરજી કરનારા ભારતીય વર્કર્સ માટે એક મહત્ત્વના વાવડ આવ્યા છે. અપડેટ એવી છે કે, તે વિદ્યાર્થીઓને પણ લાગુ પડી રહી છે. અમેરિકામાં અભ્યાસ કરીને નોકરી કરવા માગતા લોકો માટે અને અહીંયા વસવાટ કરવા લોકો માટે અમેરિકા ડિપાર્ટમેન્ટ ઓફ લેબરે એક પ્રસ્તાવ મૂક્યો છે. જેમાં કર્મચારી અથવા કંપની અંતર્ગત વિદેશી વર્કર્સને રોજગાર આધારિત ગ્રીનકાર્ડ સ્પોન્સર કરવાની પ્રોસેસમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની સરકારે રોજગાર આધારિત ઇમિગ્રેશન પ્રોસેસમાં ફેરફાર કરી રહી છે. આ માહોલ વચ્ચે એક પ્રસ્તાવની ચર્ચા અમેરિકામાં રહેતા ભારતીયો પણ કરી રહ્યા છે. આ પ્રસ્તાવ અંતર્ગત પરમનન્ટ લેબર સર્ટિફિકેટ પ્રોગ્રામની સમીક્ષા કરવામાં આવી રહી છે. આ પ્રસ્તાવને ૧૪ સપ્ટેમ્બરના રોજ વાઈટ હાઉસ ઓફિસ ઓફ ઈન્ફોર્મેશન ઓફ રેગ્યુલેટરી અફેર્સને મોકલવામાં આવશે. હાલમાં રેગ્યુલેટરી રીવ્યૂ કરી રહી છે. આ રીવ્યૂ બાદ એક રિપોર્ટ જનરેટ કરાશે અને એ પછી આગળની પ્રોસેસને

(જુઓ પાનું ૨) ▸▸

## 'નીટ-એસએસ'માં ક્વૉલિફાઇંગ પર્સન્ટાઇલ ઘટાડીને 30 કરાયા

નવી દિલ્હી: કેન્દ્રે ગુરુવારે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે અમે નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ - સુપર સ્પેશ્યાલિટી (નીટ-એસએસ) સીટ્સ માટેના ક્વૉલિફાઇંગ પર્સન્ટાઇલ પચાસથી ઘટાડીને ત્રીસ કરવા સહમત થયા છીએ.

કેન્દ્રે સર્વોચ્ચ અદાલતમાં ફાઇલ કરેલી નૉટમાં જણાવ્યું હતું કે 'નીટ-એસએસ' કાઉન્સિલિંગનો બીજો રાઉન્ડ પૂરો થયા બાદ ૧,૮૫૭ સુપર સ્પેશ્યાલિટી સીટ હાલમાં ખાલી પડી છે અને આ સીટ્સમાંની ઘણી સીટ્સ ઉચ્ચ કૌશલ્ય માટેની મેડિકલ અને સર્જિકલ શાખાની છે.

કેન્દ્ર સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે આ કિસ્સામાંના પક્ષકારોની સાથે સલાહમસલત કરાઇ હતી. સુપર સ્પેશ્યાલિટી સીટ્સ ખાલી પડી ન રહે અને તાલીમની ક્ષમતાનો મહત્તમ લાભ મળી રહે તે માટે ખાલી બેઠકો ભરવા માટેના સૂચિત સ્પેશ્યલ સ્ટ્રે વૅકન્સી રાઉન્ડ માટે 'નીટ-એસએસ'ના ક્વૉલિફાઇંગ પર્સન્ટાઇલ હાલના પચાસથી ઘટાડીને ત્રીસ કરવાનો નિર્ણય લેવાયો હતો.

કેન્દ્ર સરકાર વતી અદાલતમાં રજૂઆત કરી રહેલા એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ જણાવ્યું હતું કે ક્વૉલિફાઇંગ પર્સન્ટાઇલમાંના ઘટાડાને લીધે વધુ અંદાજે ૬,૦૦૦ ઉમેદવાર રાઉન્ડમાં ભાગ લેવા લાયક બનશે. હાલમાં ૧,૮૫૭ સીટ ખાલી છે અને તેની સામે આશરે ૬,૦૦૦ ઉમેદવાર એટલે કે ત્રણ ગણા ઉમેદવાર રહેશે.

અગાઉ, સર્વોચ્ચ અદાલતે સુપર સ્પેશ્યાલિટી સીટ્સ મોટી સંખ્યામાં ખાલી પડેલી હોવાથી તે ભરવા પગલાં લેવા કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો. (એજન્સી)■

## ધોળાવીરામાં હવે શોધાશે હડપ્પા કાળનું દરિયાઈ જીવન

ભુજ: કચ્છની ધરતી પર હજારો વર્ષ પહેલાં માત્ર માનવ વસાહતો જ નહોતી, પરંતુ અહીં સમુદ્ર, નદીઓ અને ખાડીના બદલાતા સ્વરૂપ સાથે માણસે કેવી રીતે જીવન ગોઠવ્યું હતું તેનું રહસ્ય પણ ધરબાયેલું છે. હવે ધોળાવીરા અને આસપાસના હડપ્પાકાલીન સ્થળોએ ચાલી રહેલા નવા સંશોધનથી આ રહસ્યના નવા પાનાં ખૂલવાની શક્યતા છે. ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી અને ઓક્સફર્ડ યુનિવર્સિટીએ ત્રણ વર્ષના સંયુક્ત સંશોધન પ્રોજેક્ટની શરૂઆત કરી છે. તેમાં ધોળાવીરા સહિતના હડપ્પાકાલીન સ્થળોના પ્રાચીન પર્યાવરણ, દરિયાઈ સપાટીમાં આવેલા ફેરફાર અને પ્રાચીન દરિયાઈ માર્ગોની તપાસ કરવામાં આવશે.સૌથી રસપ્રદ સવાલ એ છે કે આજના સમયમાં રણ અને ખારા પ્રદેશ તરીકે ઓળખાતું કચ્છ ચારથી પાંચ હજાર વર્ષ પહેલાં કેવો દેખાતું હતું? સંશોધકોનું અનુમાન છે કે તે સમયના કેટલાક હડપ્પાકાલીન વસવાટો આજે જ્યાં રણ કે સૂકા વિસ્તારો છે ત્યાંના બદલાયેલા દરિયાઈ અથવા એસ્ટચુરાઇન પર્યાવરણની નજીક આવેલા હોઈ શકે છે. આનો સીધો સંબંધ વેપાર સાથે પણ જોડાય છે. જો સંશોધનથી પ્રાચીન દરિયાઈ માર્ગોની પુષ્ટિ થાય તો ધોળાવીરા માત્ર એક પ્રાચીન શહેર નહોતું, પરંતુ કચ્છના બદલાતા દરિયાઈ ભૂગોળનો લાભ લઈને વિકસેલું મહત્ત્વનું વેપારી કેન્દ્ર હતું તે સમજવામાં વધુ મદદ મળશે.

## યુપીઆઇ ટૅક્સ છતાં રોકડનું ચલણ વધવાની શક્યતા ઓછી: સરકાર

નવી દિલ્હી: સરકારના નાણા મંત્રાલયને આશા છે કે ૧૫ ઓક્ટોબરથી અમલમાં આવનારા ૨૦૦૦ રૂપિયાથી વધુના યુપીઆઇ ટ્રાન્ઝેક્શન પર ૦.૪ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) લાગુ થવા છતાં રોકડ વ્યવહારોમાં વધારો થશે નહીં. સૂત્રોએ જણાવ્યું હતું કે એમડીઆર લાગુ થવાથી યુપીઆઇ ટ્રાન્ઝેક્શનમાં ઘટાડો થવાની શક્યતા નથી કારણ કે આ નિર્ણયથી કુલ ટ્રાન્ઝેક્શન વોલ્યૂમના ફક્ત ૪ ટકા હિસ્સા પર જ અસર પડી રહી છે.જ્યારે ૧૫ ઓક્ટોબર બાદ રોકડ વ્યવહારોમાં વધારો થવાની ચિંતાઓ વિશે પૂછવામાં આવતા સૂત્રોએ કહ્યું કે આવું થવાની શક્યતા ઓછી છે, કારણ કે રકમ ગમે તે હોય રૂપે ડેબિટ કાર્ડથી ટ્રાન્ઝેક્શન સંપૂર્ણપણે મફત છે.

સૂત્રોએ વધુમાં કહ્યું કે મંત્રાલય એક મોનિટરિંગ સિસ્ટમ બનાવવાની તૈયારી પણ કરી રહ્યું છે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે યુપીઆઇ એમડીઆરનો બોજ ગ્રાહકો પર ન નાખવામાં આવે. જેનાથી એમડીઆર ચાર્જ યુઝર્સ પર નાખવામાં આવશે તેવી ફેલાયેલી વ્યાપક ચિંતાઓને દૂર કરવામાં મદદ મળી શકે.

સૂત્રોએ જણાવ્યું હતું કે મંત્રાલયે પેમેન્ટ એગ્રીગેટર્સ અને યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ ઇકોસિસ્ટમના

(જુઓ પાનું ૨) ▸▸

## તરણેતર લોકમેળાના અંતિમ દિવસે ત્રિનેત્રેશ્વર મહાદેવને ભક્તિભાવપૂર્વક ધજા ચડાવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: વિશ્વપ્રસિદ્ધ તરણેતર લોકમેળાના અંતિમ દિવસે સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ પરિવાર અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે શ્રી ત્રિનેત્રેશ્વર મહાદેવને ભક્તિભાવપૂર્વક ધજા અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાય, જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલું સહિતના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તરણેતર આઉટ પોસ્ટથી નીકળેલી ભવ્ય ધજા યાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ, સ્થાનિકો તથા પોલીસ પરિવારના સભ્યો જોડાયા હતા. યાત્રાના સમગ્ર રૂટ દરમિયાન રાસમંડળીઓ દ્વારા પરંપરાગત રાસની રમઝટ બોલાવવામાં આવી હતી. આંટાડી પાઘડી, રંગબેરંગી કેડિયાં અને તરણેતર મેળાની આગવી ઓળખ સમી મોરલાવાળી છત્રીઓ સાથે સજ્જ લોકો યાત્રામાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

ધજા યાત્રા શ્રી ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચતા પોલીસ જવાનો દ્વારા પુષ્પવર્ષા કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુખ્ય પૂજારીએ શાસ્ત્રોક્ત વિધિથી ધજાનું પૂજન કરાવ્યું હતું. વિધિવત પૂજન બાદ મંદિરના શિખર પર ધ્વજારોહણ કરવામાં આવતા સમગ્ર મંદિર પરિસર 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

ધ્વજારોહણ બાદ મંદિર પરિસરમાં રાસ-ગરબાનું આયોજન થયું હતું, જેમાં રાસમંડળીઓ સાથે પોલીસ જવાનો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ સમગ્ર ધાર્મિક અને સાંસ્કૃતિક માહોલે તરણેતર લોકમેળાના સમાપન પ્રસંગને યાદગાર બનાવ્યો હતો.

રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાયે જણાવ્યું હતું કે, મેળાના સમાપન પ્રસંગે પોલીસ પરિવાર અને રેન્જમાંથી પધારેલા અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા ભગવાન ત્રિનેત્રેશ્વરના ચરણોમાં ધ્વજ અર્પણ કરી આશીર્વાદ મેળવવામાં આવ્યા છે. તા. ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થયેલા મેળામાં પશુ પ્રતિયોગિતા, લાડવા ખાવાની હરીફાઈ સહિતની વિવિધ ગ્રામીણ સ્પર્ધાઓમાં સહેલાણીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સમગ્ર મેળા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુચારુ રીતે જળવાઈ રહી હોવાનું જણાવાયું હતું. પોલીસ બંદોબસ્તની સફળ પૂર્ણાહુતિ સાથે લોકમેળાનું સમાપન થયું હતું. ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ ભારતનું કાંડું આમળવા ૧૦૦ ટકા ટૅરિફનો કાયદો લાવ્યા?

**રશિયા** અને ઈરાન પાસેથી જંગી પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદનારા ભારત સહિતના દેશોમાંથી આવતા માલ પર તોતિંગ ટૅરિફ લાદવાની દાટી અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ લાંબા સમયથી આપી રહ્યા છે. રશિયા અને ઈરાન સાથે ઘરોબો રાખનારા દેશોને દબાવવા માટે ટ્રમ્પ ઊંચાનીચા થયા કરતા હતા પણ તેની સત્તા નહોતી તેથી થૂંક ઉડાડીને સંતોષ માનતા હતા. અમેરિકી સંસદના નીચલા ગૃહ એટલે કે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે રશિયા અને ઈરાન પાસેથી કુદરતી ગૅસ અને ક્રૂડ ઓઈલ ખરીદનારા દેશોમાંથી આવતા માલ પર ૧૦૦ ટકા સુધી ટૅરિફ લાદવાની પ્રમુખને સત્તા આપતું બિલ પસાર કરતાં હવે ટ્રમ્પ પાસે એ સત્તા આવતાં ટ્રમ્પ ચાબૂક વીંઝીને ભારત સહિતના દેશો પર ૧૦૦ ટકા ટૅરિફનો વાર કરશે એવી ઘૂસપૂસ ચાલુ થઈ છે. લિન્ડસે ઓ ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬ હેઠળ ટ્રમ્પને રશિયાથી અમેરિકામાં આવતા રશિયન સામાન પર ૫૦૦ ટકા સુધી ટૅરિફ લગાવવાની સત્તા પણ મળી છે.

અમેરિકાની સંસદ એટલે કે કૉંગ્રેસમાં સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ એમ બે ગૃહ છે. તેમાં સેનેટ આપણી રાજ્યસભાની જેમ ઉપલું જ્યારે હાઉસ લોકસભાની જેમ નીચલું ગૃહ મનાય છે. અમેરિકી સેનેટે ઓગસ્ટમાં આ બિલને ૮૬-૧૧ મતથી પસાર કરી દીધું હતું. હવે હાઉસે પણ ૨૬૨ વિરુદ્ધ ૧૫૯ મતે બિલને પસાર કરતાં તોતિંગ ટૅરિફ લાદવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. હવે અમેરિકાના પ્રમુખ એટલે કે ડોનલ્ડ ટ્રમ્પની સહી થશે એટલે આ કાયદો બની જશે ને આ કાયદા હેઠળ ડોનલ્ડ ટ્રમ્પ ભારત પર ૧૦૦ ટકા સુધી ટેરિફ લગાવી શકે છે.

ભારતે આ કાયદા સામે સાવચેતીપૂર્ણ પ્રતિક્રિયા આપીને કહ્યું છે કે, ભારત માટે ૧૫૦ કરોડ ભારતીયોની એનર્જીની જરૂરિયાતો અને ભારતમાં હિતો મહત્ત્વનાં છે. ભારત તેને ધ્યાનમાં રાખીને વર્તશે અને એ પ્રમાણે નિર્ણયો લેશે. ભારતના વિદેશ મંત્રાલયે સત્તાવાર રીતે આપેલા નિવેદનમાં અમેરિકાના કાયદાનો ઉલ્લેખ છે પણ આ મામલે ભારત અમેરિકા સામે બાંયો ચડાવશે એવી કોઈ સીધી વાત નથી પણ ભારતે આડકતરી રીતે કહી દીધું છે કે, અમેરિકાને જે કાયદો બનાવવો હોય એ બનાવે જે કરવું હોય એ કરે, અહીં તો એક, બે ને સાડા ત્રણ. ભારત પોતાની જરૂરિયાતો પ્રમાણે જ વર્તશે. ભારતીય નાગરિકોને પેટ્રોલ સહિતનાં બળતણ મળતાં રહે તેના સિવાય અમારા માટે કશું મહત્ત્વનું નથી.

ભારત સરકારનું વલણ એકદમ યોગ્ય છે કેમ કે અમેરિકા પોતાનાં હિતોની ચિંતા કરીને વર્તતું હોય તો ભારત પણ પોતાનાં હિતોની ચિંતા કરે જ ને ? આપણે એક સ્વતંત્ર ને સાર્વભૌમત્વ દેશ છીએ તેથી આપણને આપણાં હિતોની ચિંતા કરીને કોની સાથે કેવા સંબંધો રાખવા, કોની સાથે આર્થિક વ્યવહારો કરવા તેનો અધિકાર છે જ. ભારત એ અધિકારનો ઉપયોગ કરીને વર્તે એ યોગ્ય જ છે. નરેન્દ્ર મોદી સરકાર એ જ વલણ અપનાવી રહી છે તેથી તેને ટેકો આપવો જ જોઈએ.

ટ્રમ્પે હજુ ૧૦૦ ટકા ટૅરિફની ચાબૂક ચલાવી નથી કેમ કે ટ્રમ્પ પાસે એ સત્તા નથી. હવે બિલ પર ટ્રમ્પે જ સહી કરવાની છે તેથી બહુ જલદી કાયદો બની જ જશે એ સંજોગોમાં એકાજ અઠવાડિયામાં જ ભારત પર ૧૦૦ ટકા ટૅરિફ ઠોકી બેસાડાય એ શક્ય છે. એક અટકળ એવી છે કે, ટ્રમ્પ ભારત પર ટૅરિફ નહીં લાદે પણ અમેરિકા-ભારત વ્યાપાર કરારમાં ભારતનું કાંડું આમળવા માટે આ કાયદાનો ઉપયોગ કરશે. ભારત પર ૧૦૦ ટકા ટૅરિફ નહીં લાદવાની શરતે અમેરિકન કંપનીઓને ફાયદો થાય એવો વ્યાપાર કરાર કરાવડાવશે. અમેરિકાની કૃષિ અને ડેરી કંપનીઓને ભારતમાં મોકળું મેદાન આપવા સહિતની શરતો સ્વીકાર કરવા માટે મજબૂર કરવા ટ્રમ્પ આ કાયદાનો ઉપયોગ કરશે.

ટ્રમ્પની નીચ માનસિકતા જોતાં આ અટકળ સાચી હોઈ શકે છે પણ ભારત સરકારનું અત્યાર લગીનું વલણ અમેરિકાની શરતે વ્યાપાર કરાર નહીં કરવાનું રહ્યું છે. ભારત અમેરિકા સાથે વ્યાપાર કરવા તૈયાર છે પણ તેમાં ભારતીય કંપનીઓનાં હિતોને નુકસાન ના થાય એ મુખ્ય શરત છે. ભારત સરકાર આ વલણ પર મક્કમ રહે તો ટ્રમ્પ અકળાઈને ૧૦૦ ટકા ટૅરિફ લાદી દે એવું બને. તેના કારણે ભારતની અમેરિકામાં થતી નિકાસ પર અસર પડી શકે ને આર્થિક ફટકો પડે પણ એ બધા સંજોગો માટે લોકોએ તૈયાર રહેવું પડે.

અમેરિકાના ૧૦૦ ટકા ટૅરિફની સીધી અસર ભારતના ટેક્સટાઇલ, જેમ્સ-જ્વેલરી, એન્જિનિયરિંગ ગુડ્સ, લેધર, દરિયાઈ ઉત્પાદનો, કેમિકલ્સ વગેરે ઉદ્યોગો પર પડશે કેમ કે ભારત અત્યારે બહુ મોટા પ્રમાણમાં આ ચીજો અમેરિકામાં ઠાલવે છે. ૧૦૦ ટકા ટૅરિફ લદાય તેથી ભારતીય સામાન અમેરિકામાં અતિશય મોંઘો થઈ જાય. સ્વાભાવિક રીતે જ અમેરિકન ખરીદદારો સસ્તા વિકલ્પ શોધવા માંડે ને તેની કમી નથી. બાંગ્લાદેશ, વિયેતનામ, મેક્સિકો, ચીન સહિતના દેશો સસ્તો માલ આપે જ છે તેથી તેમની નિકાસ વધે. આપણું નુકસાન બીજાનો ફાયદો થાય જ પણ બીજાને ફાયદો ના થાય એટલા માટે અમેરિકાની દાદાગીરી સામે ઘૂંટણ ટેકવી ના લેવાય. તેના બદલે લડી લેવું ને આપણા જ હિતોની ચિંતા કરવી એ વલણ યોગ્ય જ છે તેથી આ મુદ્દે સરકાર જે કંઈ કરે તેમાં આખો દેશ એક થઈને તેના પડખે ઊભો રહેવો જોઈએ. ભારત સરકાર તેનો સામનો કરવા તૈયાર હોવાનો સંકેત મળી રહ્યો છે ત્યારે લોકોએ તેમાં સાથ આપવો પડે.

આ બિલ પસાર થયા પછી ભારતે અમેરિકા સાથેના સંબધો અંગે પણ વિચાર કરવો જરૂરી છે કેમ કે આ બિલ ભારતની મેથી મારવા માટે જ લવાયું હોવાનું લાગે છે. દુનિયાના ઘણા દેશો રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને કુદરતી ગૅસ ખરીદે છે પણ આ કાયદામાં અમેરિકાનાં હિતો સાચવવા માટે આવા મોટા ભાગના દેશોને એક યા બીજા બહાને ૧૦૦ ટકા ટૅરિફના દાયરામાંથી બહાર રખાયા છે. ઉદાહરણ તરીકે રશિયા પાસેથી કુદરતી ગેસ ખરીદનારા ચીન, ફ્રાન્સ, જાપાન, હંગેરી અને બેલ્જિયમ પર ૧૦૦ ટકા ટૅરિફ નહીં લાગે. એ જ રીતે ૧૫ યુરોપિયન દેશોને પણ આ ૧૦૦ ટકા ટૅરિફમાંથી મુક્તિ આપવામાં આવી છે. ટ્રમ્પનું કહેવું છે કે, જે દેશો રશિયાની કુલ કુદરતી ગૅસ નિકાસના ૧૫ ટકાથી ઓછો ગૅસ આયાત કરે છે અને રશિયા પરની નિર્ભરતા ઘટાડવાની દિશામાં પગલાં લઈ રહ્યા છે, તેમને છૂટ અપાઈ છે.

હવે ચીન, ફ્રાન્સ કે યુરોપના બીજા દેશોને મુક્તિ અપાઈ તો રહ્યું કોણ ? ભારત જ રહ્યું ને ? મતલબ કે, ભારતને દબાવા કે ડરાવવા આ કાયદો બનાવાયો છે. હવે ટ્રમ્પને ભારત માટે આવો જોરદાર પ્રેમ હોય તો આપણે પણ તેનો જવાબ પ્રેમથી આપવો જોઈએ કે નહીં? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, શુક્રવાર, તા. ૧૮-૯-૨૦૨૬,
જયેષ્ઠા ગૌરી પૂજન, મહાલક્ષ્મી વ્રતારંભ

- ભારતીય દિનાંક ૨૭, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૭મો મેહેરસને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૭મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૨૨-૪૫ સુધી, પછી મૂળ
- ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૨૨-૪૪ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૮, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૯, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૫-૩૨, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૩ (તા. ૧૯)
- ઓટઃ સવારે ક. ૦૯-૫૫, રાત્રે ક. ૨૨-૦૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - સપ્તમી.

જયેષ્ઠા ગૌરી પૂજન, મહાલક્ષ્મી વ્રતારંભ, લલિતા સપ્તમી (બંગાળ, ઓરિસ્સા), વિંછુડો સમાપ્તિ રાત્રે ક. ૨૨-૪૪. ભદ્રા બપોરે ક. ૧૩-૦૦ થી ૨૬-૧૨. મેલાપાટ (કાશ્મીર), મંગળ કર્કમાં સાંજે ક. ૧૬-૩૨. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ શનિ-બુધ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્રદેવતાનું પૂજન, પ્રયાણ મધ્યમ, પરદેશગમનનું પસ્તાનું, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ઈન્દ્રદેવતાનું પૂજન, શનિ-બુધ ગ્રહદેવતાનું પૂજન, વાહન, યંત્ર ખેતીવાડી, પશુ લે-વેંચ, પ્રાણી પાળવા.

- શ્રી ગણેશ મહિમાઃ બાજરા અને સાકરની કુલેર ગણપતિને નૈવેદ્યમાં ધરાવવા. આજથી ૧૬ દિવસ સુધી પ્રસિદ્ધ મહાલક્ષ્મી વ્રત શ્રદ્ધાવાનો દ્વારા ઉજવવામાં આવે છે. જ્યોતિષશાસ્ર પ્રમાણે દેવ, મનુષ્ય અને રાક્ષસ એમ ત્રણ ગણ છે. છંદશાસ્રમાં પણ જુદા જુદા આઠ ગણ કે સમૂહ છે, જેના પરથી જુદા જુદા છંદ રચાય છે. ગણેશજી આ બધા જ પ્રકારના ગણોના ઈશ કે અધિપતિ છે. વળી અક્ષરોને પણ ગણ કહેવામાં આવે છે. એમના ઈશ હોવાના કારણે પણ ગણેશજી વિદ્યા અને બુદ્ધિના દાતા મનાય છે. જ્ઞાન અને મોક્ષ એ બંનેના ઈશ એટલે કે સ્વામી પરબ્રહ્મ, પરમાત્મારૂપ શ્રી ગણેશ. કુંડળીમાં બુધ-શનિ-સૂર્યના ચંદ્ર સાથેના અશુભ યોગો હોય તેમણે પણ ગણેશજીની ઉપાસના અવશ્ય કરવી.
- આચમનઃ બુધ-શનિ પ્રતિયુતિ તકરારી સ્વભાવ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ રાજકારણમાં મુશ્કેલી પડે.
- ખગોળ જ્યોતિષઃ બુધ-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ (તા. ૧૯)
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-મિથુન/કર્ક માર્ગી બુધ-કન્યા, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# પાકિસ્તાન-ચીન સંયુક્ત સરહદી યંત્રણા સક્રિય, ભારતનો વિરોધ

ઇસ્લામાબાદઃ પાકિસ્તાન અને ચીને તેમની સામાન્ય સરહદના સંચાલન માટે એક સંયુક્ત વ્યવસ્થા તંત્રને કાર્યરત કર્યું છે. ભારતે એમ કહીને આ વ્યવસ્થાનો વિરોધ કર્યો છે કે ગેરકાયદે કબજા હેઠળના ભારતીય પ્રદેશને લગતી વ્યવસ્થાઓ નક્કી કરવાનો આ સંસ્થાને કોઈ કાનૂની આધાર નથી. વિદેશ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર ૨૦૧૩ના સરહદ વ્યવસ્થાપન કરારને આધારે રચાયેલા કમિશનની ઉદ્ઘાટન બેઠક બુધવારે ઇસ્લામાબાદમાં વિદેશ મંત્રાલય ખાતે યોજાઈ હતી. પાકિસ્તાન અને ચીન દ્વારા રચાયેલા કહેવાતા 'સરહદ સંયુક્ત કમિશન'ને ભારતે બુધવારે નકારી કાઢ્યું હતું અને કહ્યું હતું કે ગેરકાયદે કબજા હેઠળના ભારતીય પ્રદેશને લગતી વ્યવસ્થાઓ નક્કી કરવાનો આ સંસ્થાને કોઈ કાનૂની આધાર નથી.

ભારત સતત એ વાત પર ભાર મૂકતું આવ્યું છે કે ૧૯૬૩માં પાકિસ્તાન દ્વારા શક્સગામ ખીણ જેવા કેટલાક પ્રદેશો ચીનને સોંપી દેવામાં આવ્યા હતા જે ગેરકાયદે અને અસ્વીકાર્ય છે.

ભારતે ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર-સીપેકનો પણ વિરોધ કર્યો છે કેમ કે તેનો એક હિસ્સો પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)માંથી પસાર થાય છે. (એજન્સી)

# બંગાળમાં અન્નપૂર્ણા યોજનાનો લાભ દરેક યોગ્યતાપ્રાપ્ત મહિલાને મળશેઃ મોદી

કોલકાતાઃ બંગાળની કોઈ પણ યોગ્યતાને પાત્ર મહિલા અન્નપૂર્ણા યોજનાના લાભથી વંચિત ન રહે તેની ખાતરી બંગાળની સરકાર કરશે અને આ લક્ષ્યને પાર પાડવાની દિશામાં સરકાર કામ કરી રહી છે, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું હતું.

કોલકાતા નજીક સૉલ્ટ લેક ખાતે એક કાર્યક્રમને સંબોધન કરતા મુખ્ય પ્રધાન સુવેન્દુ અધિકારીએ કહ્યું હતું કે રાજ્યમાં દર વરસની ૧૭ સપ્ટેમ્બરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિનની ઉજવણી 'અન્નપૂર્ણા દિન' તરીકે કરવામાં આવશે.

આ યોજના અંતર્ગત મહિલાઓને દર મહિને ૩,૦૦૦ રૂપિયાની સહાય આપવાની બાંયધરી આપવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવેલા અન્નપૂર્ણા દિવસની ઉજવણીના કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે માતાઓ, બહેનો અને પુત્રીઓ સાથે સંકળાયેલી તમામ દૈનિક સમસ્યાઓનો ઉકેલ લાવવો ભાજપ સરકારની પ્રાથમિકતા છે. બંગાળમાં અમારી સરકાર રચાયાના ગણતરીના દિવસોમાં જ અન્નપૂર્ણા યોજનાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું હતું એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આજે અનેક મહિલાઓ આર્થિક સહાય સીધી જ તેમનાં બૅન્ક ખાતાઓમાં મેળવી રહી છે.

કોઈ મિડલમેન પણ નથી અને કોઈ કટકી પણ નથી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# ઉધમપુરમાં બે આતંકવાદી ઠાર

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લાના મજાલતા વિસ્તારમાં બુધવારે સુરક્ષા દળ સાથેની અથડામણમાં બે આતંકવાદી ઠાર મરાયા હોવાનું અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું. ઠાર મરાયેલા આતંકવાદીઓ પાસેથી હથિયાર, દારૂગોળો કબજે કરવામાં આવ્યો હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે ઠાર મરાયેલા આતંકવાદીઓની ઓળખ હજુ સુધી થઈ શકી નથી.

તેમણે કહ્યું હતું કે આ વિસ્તારમાં વધુ આતંકવાદીઓની હાજરી હોવાની શક્યતાને કારણે પોલીસ અને સેનાની સંયુક્ત ટુકડી દ્વારા સર્ચ ઑપરેશન ચાલુ રાખવામાં આવ્યું છે. મજાલતા વિસ્તારમાં બુધવારે મોડી રાત સુધી ગોળીબારનો અવાજ સંભળાયા બાદ આ અથડામણ શરૂ થઈ હતી. ઘટનાને પગલે સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી હતી અને આતંકવાદીઓની ઉપસ્થિતિની જાણકારી મળ્યા બાદ મોટાપાયે સર્ચ ઑપરેશન શરૂ કર્યું હતું. ■

# પેટ્રોલ-ડીઝલ અને એટીએફના નિકાસ પર વિંડફોલ ટૅક્સ ઘટાડાયો

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ) ની નિકાસ પર વિન્ડફોલ ટેક્સ ઘટાડી દીધો છે. ડીઝલ નિકાસ પર સ્પેશિયલ એડિશનલ એક્સાઇઝ ડ્યૂટી (એસએઇડી) અને રોડ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેસ હવે પ્રતિ લિટર ૨૦ રૂપિયા હશે જે અગાઉ પચીસ રૂપિયા પ્રતિ લિટર હતો.

એટીએફના નિકાસ પર એસએઇડીનો દર ઘટાડીને પ્રતિ લિટર ૧૫ રૂપિયા કરવામાં આવ્યો છે, જે અગાઉ ૧૯ રૂપિયા હતો. પેટ્રોલ નિકાસ પરની ડ્યૂટી પણ ૧૬ સપ્ટેમ્બરથી પ્રતિ લિટર ૦.૫ કરવામાં આવી છે. ગયા પખવાડિયામાં આ દર ૧.૫ રૂપિયા હતો. નાણા મંત્રાલયે એક નોટિફિકેશનમાં કહ્યું કે સુધારેલી ડ્યૂટી ૧૬ સપ્ટેમ્બરથી લાગુ થશે. ■

# નાઈજીરિયામાં ઝેરી દારૂએ ૪૮ લોકોના જીવ લીધા

અબુજા, નાઇજીરિયાઃ નાઇજીરિયાના ઓન્ડો રાજ્યમાં ઝેરી દારૂ પીવાના કારણે ઓછામાં ઓછા ૪૮ લોકોનો મોત થયા હતા જ્યારે ૧૦૦ અન્ય લોકો સારવાર લઈ રહ્યા છે. અધિકારીઓએ ગુરુવારે આ જાણકારી આપી હતી. ઓન્ડો પોલીસ પ્રવક્તા અબાયોમી જીમોહે જણાવ્યું હતું કે આ ઘટનાના સંદર્ભમાં ધરપકડ કરાયેલા ૧૫ લોકોમાંથી એક વ્યક્તિએ આ ડ્રિંક બનાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે પીણામાં મિથેનોલ હોવાની શંકા છે અને શંકાસ્પદ વ્યક્તિ હાલમાં પોલીસને તપાસમાં મદદ કરી રહ્યો છે.

રાજ્યના આરોગ્ય કમિશનર બાંજી અજાકાએ જણાવ્યું હતું કે તાજેતરના દિવસોમાં ઓન્ડોના ઓડિગ્બો અને ઇરેલે વિસ્તારોમાં આ ડિંકસ પીધા પછી ૧૦૦થી વધુ લોકો બીમાર પડ્યા છે. ઓડિગબો અને ઈરેલે સ્થાનિક સરકારી વિસ્તારોમાં આ કેસો નોંધાયા છે. તેમણે કહ્યું કે કુલ ૧૮૨ લોકો આનાથી પ્રભાવિત થયા હોવાનું માનવામાં આવે છે. એકવાર ઝેરી દારૂ પીવાથી કિડની કામ કરવાનું બંધ કરી દે છે અને મગજને નુકસાન થાય છે.

પોલીસ અને આરોગ્ય વિભાગો હવે તપાસ કરી રહ્યા છે કે આ ઝેરી દારૂ ક્યાંથી પૂરો પાડવામાં આવ્યો હતો જેથી વધુ મોત થતા અટકાવી શકાય. ઓન્ડો વહીવટીતંત્રે સ્થાનિક લોકોને અપીલ કરી છે કે તેઓ કોઇ પણ શંકાસ્પદ સ્થાનિક દારૂ પીવે નહીં. ■

# ટ્રમ્પના દીકરાઓનો હિસ્સો ધરાવતી કંપની પાકિસ્તાનને ડ્રૉન વેચશે

ઇસ્લામાબાદઃ અમેરિકાની કંપની પાકિસ્તાનને ડ્રૉન વેચવાની છે. આ અંગે ડીલ પણ કરવામાં આવી છે. જેમાં અમેરિકાની કંપની પાવર્સે પાકિસ્તાની સેના સાથે આ અંગે કરાર કર્યો છે. કંપનીના સહ-સ્થાપક બ્રેટ વેલિકોવિચે જણાવ્યું હતું કે આ કરારમાં ડ્રૉન માટેના પ્રારંભિક ઓર્ડરનો સમાવેશ થાય છે.

આ ડીલનું મહત્વનું પાસું એ પણ છે કે, પાવર્સ ગ્રીનવે હોલ્ડિંગ્સ નામની કંપની સાથે મર્જ થવાની તૈયારીમાં છે. આ બંને કંપનીઓના જણાવ્યા અનુસાર, આ સોદો ઓક્ટોબરની શરૂઆતમાં થઈ શકે છે.

અમેરિકાપ્રમુખ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના પુત્રો, ડોનલ્ડ ટ્રમ્પ જુનિયર અને એરિક ટ્રમ્પ, ઓરિયસ ગ્રીનવે હોલ્ડિંગ્સમાં હિસ્સો ધરાવે છે. યુએસ ફાઇલિંગ સૂચવે છે કે તેમનો હિસ્સો અમેરિકન વેન્ચર્સ નામના રોકાણ ભંડોળ દ્વારા રાખવામાં આવ્યો છે. આ મર્જર પછી આ ભંડોળ નવી કંપનીમાં આશરે ૯.૯ ટકા હિસ્સો ધરાવશે તેવી ધારણા છે.

# ૯-૧૧ આતંકવાદી હુમલાના કાવતરાંખોરો કંઇ ગુફામાં નહોતા સંતાયાઃ ભારતે પાકને ફટકાર્યું

સંયુક્ત રાષ્ટ્રસંઘઃ પાકિસ્તાન પર આક્રમક પ્રહાર કરતાં ભારતે કહ્યું હતું કે ૯-૧૧ આતંકવાદી હુમલાના કાવતરાંખોરો ગુફામાં નહોતા સંતાયા, પરંતુ લાંબા સમય સુધી તેઓ પકડાઈ જવાનું ટાળી શક્યા હતા કેમ કે લશ્કરે-તૈયબા અને જૈશે મોહંમદ જેવા આતંકવાદી જૂથોના આ લોકો જ આશરો અને મદદ આપી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિની બેઠકમાં બોલતાં ભારતના કાયમી પ્રતિનિધિ હરીશ પર્વતનેનીએ ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના આતંકવાદી હુમલાનો ઇતિહાસ જણાવ્યો હતો અને કહ્યું હતું કે ઓસામા બિન લાદેન અને ખાલિદ શેખ મોહંમદ અંતે તો અંતરિયાળ વિસ્તારમાં આવેલા ગુપ્ત સ્થળને બદલે પાકિસ્તાનના નાગરિકી વિસ્તારમાંથી જ મળી આવ્યા હતા.

૯-૧૧ના હુમલા વિરુદ્ધની વૈશ્વિક ઝુંબેશને આંતરરાષ્ટ્રીય સમુદાયે ટેકો આપ્યો હતો. આપણે એ ન ભૂલવું જોઈએ કે અલકાઈદાએ અફઘાનિસ્તાનથી આગળ વધીને તેની આતંકવાદની સંપૂર્ણ યંત્રણાની રચના મદદકર્તા દેશોની સહાયથી કરી હતી. ૯-૧૧ હુમલાનું કાવતરું ઘડનાર અને પાકિસ્તાનમાંથી ઝડપાયેલા અલકાઈદાના નેતાઓના નામની યાદી આપી હતી. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ભારત પર ૧૦૦ ટકા

પસાર કર્યો હતો અને તેને કાયદો બનાવવા ટ્રમ્પની સહી માટે મોકલી દેવાયો હતો.

અમેરિકાની પ્રતિનિધિસભામાં ૨૦૩ રિપબ્લિકન્સ, ૫૮ ડેમોક્રેટ્સ અને એક અપક્ષ સાંસદે આ ખરડાની તરફેણમાં મતદાન કર્યું હતું, જ્યારે સાત રિપબ્લિકન્સ અને ૧૫૨ ડેમોક્રેટ્સે તેનો વિરોધ કર્યો હતો.

ડેમોક્રેટ્સ ટ્રમ્પને જંગી ટૅરિફ લાદવાની સત્તા આપતી કલમનો મુખ્ય વિરોધ કરી રહ્યા હતા.

સાઉથ કેરોલિનાના સેનેટર લિન્ડસે ગ્રેહામ આ ખરડા માટે અન્ય સાંસદોનો ટેકો મેળવવા છેલ્લા એક વર્ષથી પ્રયાસ કરતા હતા અને ગયા જુલાઇમાં તેમનું નિધન થયું હતું. તેથી આ ખરડાનું નામ તેમના પરથી રખાયું હતું.

ડેમોક્રેટ કૉંગ્રેસમેન રિચાર્ડ નીલે આ ખરડા પરની ચર્ચામાં જણાવ્યું હતું કે અમે પ્રમુખને અન્ય દેશો પરની ટૅરિફ વધારવાની સત્તા આપવાનો વિરોધ કરીએ છીએ.

આ ખરડામાં માત્ર રશિયાના નેતૃત્વ અને તેના ઊર્જા ક્ષેત્ર પર જ પ્રતિબંધ મૂકવાની વાત નથી કરાઇ, પરંતુ મૉસ્કોને તેલની નિકાસમાં સહાય કરતા જહાજો પર પણ પ્રતિબંધ મૂકવાની તેમાં જોગવાઇ છે.

ડેમોક્રેટિક સેનેટર રિચર્ડ બ્લૂમેન્થલે આ ખરડો પસાર થયા બાદ જણાવ્યું હતું કે ભારત અને ચીને હવે પોતાની જરૂરિયાતનું તેલ અને ગૅસ રશિયા સિવાયના અન્ય દેશ પાસેથી ખરીદવું પડશે.

ડેમોક્રેટિક સેનેટર જેન શાહીને જણાવ્યું હતું કે રશિયા પાસેના તેલ અને ગૅસ સસ્તાં દરે ખરીદનારા દેશોમાં ભારત અને ચીન મુખ્ય છે. મૉસ્કો પાસેથી તેલ અને ગૅસ ખરીદનારાં રાષ્ટ્રોએ તેની મોટી કિંમત ચૂકવવી પડશે.

રશિયા પાસેથી તેલ અને ગૅસ ખરીદતા દેશોમાં ભારત, ચીન ઉપરાંત સ્કોવાકિયા, હંગેરી અને અઝરબૈજાન મુખ્ય છે. (એજન્સી) ■

### યુપીઆઇ ટેક્સ

અન્ય હિતધારકો સાથે ચર્ચા શરૂ કરી દીધી છે, જેથી તેમને એમડીઆર વિશે માહિતગાર કરી શકાય અને ખાતરી કરી શકાય કે તેનો બોજ ગ્રાહકો પર ન પડે. આ ચાર્જને કારણે વસ્તુઓ અને સેવાઓના ભાવમાં વધારો થઈ શકે છે તેવી ચિંતાઓ અંગે સૂત્રોએ કહ્યું કે આ પગલાથી મોંઘવારી વધવાની શક્યતા નથી.

સૂત્રોએ એમ પણ કહ્યું કે એમડીઆર પર લાગુ થતો ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) મોટાભાગે ઇનપુટ ટેક્સ ક્રેડિટ દ્વારા સરભર થઈ જશે અને તેથી એકંદરે ખર્ચ પર તેની અસર મર્યાદિત રહેવાની અપેક્ષા છે. ■

### ભારતીયો માટે નવું ટેન્શન

શરૂ કરવામાં આવશે. યુનાઇટેડ સ્ટેટ્સમાં, જે કંપની કોઈ વિદેશી કામદારને કાયમી નિવાસી માટે સ્પોન્સર કરવા માગતી હોય તેના માટે આ પ્રક્રિયા એ એક મહત્વપૂર્ણ પગલું છે. વર્તમાન વ્યવસ્થા હેઠળ, કંપનીએ સામાન્ય રીતે એ સાબિત કરવું પડે છે કે, જે હોદ્દા પર તે વિદેશી કામદારની નિમણૂક કરવા માગે છે, તે માટે કોઈ લાયક અમેરિકન કામદાર ઉપલબ્ધ નથી. આ ઉપરાંત, કંપનીએ એ પણ દર્શાવવું પડે છે કે વિદેશી કામદારની નિમણૂકથી અમેરિકન કામદારોના વેતન કે રોજગારી પર કોઈ પ્રતિકૂળ અસર પડશે નહીં. ■

### નરેન્દ્ર મોદીનો

જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી હતી અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવામાં તેમના નેતૃત્વ તથા યોગદાનની પ્રશંસા કરી હતી. નોંધનીય છે કે વડાપ્રધાન મોદીનો જન્મ ૧૭ સપ્ટેમ્બર,૧૯૫૦ના રોજ ગુજરાતના વડનગરના એક નાના શહેરમાં થયો હતો.

કેન્દ્રીય પ્રધાનો અને ભાજપના વરિષ્ઠ નેતાઓએ ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી અને જાહેર જીવનમાં તેમના પચીસ વર્ષ તથા વિકાસ, કલ્યાણ અને સુશાસનમાં તેમના યોગદાનને બિરદાવ્યું હતું.

ઇટલીના વડાંપ્રધાન મેલોનીએ એક્સ પર પોસ્ટ કરીને વડાપ્રધાન મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે લખ્યું હતું કે ''મારા મિત્ર નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ, હું તેમના સારા સ્વાસ્થ્ય, ઊર્જા અને સફળતાની કામના કરું છું. ઈટાલી અને ભારત મિત્રતાના બંધનને મજબૂત કરવાનું ચાલુ રાખશે અને સાથે મળીને આપણા દેશો માટે સહયોગ અને સમૃદ્ધિનું ભવિષ્ય ઘડશે.''

ગુજરાતમાં અમિત શાહે સંબોધનમાં જણાવ્યું હતું કે આઝાદી પછી અત્યાર સુધી કોઇ પણ રાજનેતાએ સતત પચીસ વર્ષ સુધી રાજ્ય અને દેશના વડા તરીકે સેવા આપવાનો વિક્રમ સ્થાપ્યો નથી. વડા પ્રધાને એક પણ દિવસની રજા લીધા વિના પચીસ વર્ષ રાષ્ટ્રની સેવામાં વ્યતીત કર્યા છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પચીસ વર્ષના જાહેર જીવનમાં તેમના પર ભ્રષ્ટાચારનો એક પણ ડાઘ લાગ્યો નથી. વિરોધ પક્ષો પણ તેમના પર વ્યક્તિગત ભ્રષ્ટાચારનો આક્ષેપ કરી શકતા નથી. તેમણે ૧૪૦ કરોડ ભારતીયને જ પોતાનો પરિવાર માન્યો છે અને 'ભારત પ્રથમ'ના મંત્ર સાથે દેશને નવી દિશા આપી છે.

દેશના વિકાસના ચિત્રને રજૂ કરતા શાહે જણાવ્યું હતું કે ૧૨ વર્ષના કાર્યકાળને ગરીબ કલ્યાણના સુવર્ણ યુગ તરીકે ઓળખવામાં આવશે. પચીસ કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર લાવવાનું ભગીરથ કાર્ય આ શાસનમાં થયું છે. ૮૦ કરોડ ગરીબોને નિઃશુલ્ક અનાજ, આવાસ, શૌચાલય, વીજળી, ગૅસ સિલિન્ડર અને પાંચ લાખ સુધીની મફત સારવારની સુવિધા પૂરી પાડીને છેવાડાના માનવીનું જીવન સ્તર સુધારવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું કે ભારતને 'ફ્રેઝાઈલ ફાઈવ'માંથી બહાર કાઢીને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનાવવાનું શ્રેય નરેન્દ્ર મોદીના મજબૂત નેતૃત્વને જાય છે.

ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેના ગાળાને યાદ કરતા અમિત શાહે જણાવ્યું કે ૨૪ કલાક વીજળી, જ્યોતિગ્રામ યોજના, વનબંધુ અને સાગરખેડૂ કલ્યાણ યોજના જેવા મૉડેલ્સ દ્વારા ગુજરાતનો સર્વસ્પર્શી વિકાસ થયો હતો. આજે એ જ ગુજરાત મૉડેલ દેશના વિકાસનો આધાર બન્યું છે.

તેમણે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદી, ટ્રિપલ તલાકની સમાપ્તિ, સર્જિકલ સ્ટ્રાઈક અને ડિજિટલ ઈન્ડિયા જેવા સાહસિક નિર્ણયોનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે વડા પ્રધાને રાષ્ટ્રીય સુરક્ષા અને આત્મવિશ્વાસને નવી ઊંચાઈએ પહોંચાડ્યા છે. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનો જે સંકલ્પ લેવાયો છે, તેને પૂર્ણ કરવા માટે આ સેવા સંકલ્પ અભિયાન યુવાનો માટે પ્રેરણા સ્રોત બનશે.

અમિત શાહ અને ભૂપેન્દ્ર પટેલે વડનગર હાટકેશ્વર મંદિર ખાતે વડનગરથી આધ્યાત્મિક નગરી વારાણસી સુધીની બાઈક યાત્રાને ફ્લેગ ઑફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. ■

# વડનગરની માટીમાંથી ઉઠેલો અવાજ આજે વૈશ્વિક સ્તરે ગુંજી રહ્યો છે : એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમત્તે વડનગર આવેલા મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વડાપ્રધાનને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, વડનગરની માટીમાંથી ઉઠેલો અવાજ આજે વૈશ્વિક સ્તરે ગુંજી રહ્યો છે. તેમણે કલમ ૩૭૦ નાબૂદી, રામ મંદિર નિર્માણ અને ડિજિટલ ઈન્ડિયા જેવા ઐતિહાસિક નિર્ણયોનો ઉલ્લેખ કરી વડાપ્રધાનના મક્કમ નેતૃત્વને બિરદાવ્યું હતું.



મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગુરુવારે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફક્ત દેશને આગળ લઈ જવાના તેમના કામ પર ધ્યાન કેન્દ્રિત કરે છેઅને વિપક્ષમાં રહેલા લોકો સામે જોતા પણ નથી. જેઓ આરોપો લગાવતા રહે છે.

ઉદ્ધવ ઠાકરેની શિવસેના દ્વારા વારંવાર વડા પ્રધાન અને મહારષ્ટ્ર સરકાર સામે આક્ષેપો કરવામાં આવે છે, તેવા સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે તેઓ મોદીજી પર અસંખ્ય આરોપો લગાવે છે, પરંતુ મોદી તેમની તરફ જોતા પણ નથી. પીએમ મોદી ફક્ત દેશને આગળ લઈ જવાના તેમના કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને ક્યારેય આરોપો પર ધ્યાન આપતા નથી, શિંદેએ હાથીઓ આગળ કૂચ કરે છે તે વાક્યનો ઉલ્લેખ કરતા કહ્યું, પરંતુ 'ભસતા કૂતરાઓ' ના ભાગને કાપી નાખ્યો હતો.

શિંદેએ એમ પણ કહ્યું કે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ બંને રાજ્યોને ખૂબ મદદ કરશે, ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની મહા વિકાસ આઘાડી સરકારે આ પ્રોજેક્ટનું કામ અટકાવી દીધું હતું.

જ્યારે હું ૨૦૨૨માં મહારાષ્ટ્રનો મુખ્ય પ્રધાન બન્યો, ત્યારે મેં તે સ્પીડ બ્રેકર દૂર કર્યો. મેં સ્ટે ઉઠાવી લીધો. પછી બુલેટ ટ્રેનનું કામ બુલેટની જેમ ઝડપથી આગળ વધવા લાગ્યું. આ પ્રોજેક્ટ ફક્ત ગુજરાત અને મુંબઈ માટે જ નહીં, પરંતુ બાકીના મહારાષ્ટ્ર માટે પણ ખૂબ ફાયદાકારક રહેશે,તેમ તેમણે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં હાજર રહેલાં કેન્દ્રીય પ્રધાન અનુપ્રિયા પટેલે પણ વડાપ્રધાનની લાસ્ટ માઈલ ડિલિવરીની નીતિની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીની રેખામાંથી બહાર આવ્યા છે, જે વડાપ્રધાનની દૂરદર્શી નીતિઓનું પરિણામ છે. તેમણે ઉમેર્યું કે ભારત આજે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. ■

# વડા પ્રધાને સમર્પણ ભાવથી સતત અને અવિરત જનસેવાથી દેશમાં મોટું પરિવર્તન લાવી દીધુંઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જન્મદિવસે વડનગર ખાતે ઉપસ્થિત મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલે તેમની જન્મભૂમિથી શરૂ થઈ રહેલી બાઈક યાત્રાને રાષ્ટ્ર સેવાની સંકલ્પ યાત્રા ગણાવી હતી.



તેમણે જણાવ્યું હતું કે વડનગરની ભૂમિએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને દેશપ્રેમ, સેવા-સાદગી અને સમાજ માટે રાષ્ટ્રહિત પ્રથમના ભાવથી સમર્પિત થવાની પ્રેરણા આપી છે. વડાપ્રધાને આ જ સમર્પણ ભાવથી સતત અને અવિરત જનસેવાથી દેશમાં મોટું પરિવર્તન લાવી દીધું છે તેની વિસ્તૃત ભૂમિકા ભૂપેન્દ્ર પટેલે આપી હતી.

આ સંદર્ભમાં તેમણે કહ્યુ હતું કે, એક સમયે નગણ્ય ગણાતું ભારત આજે તકોનો દેશ બન્યું છે. જે દેશના યુવાઓ રોજગાર માટે બહારની દુનિયા તરફ જોતા એ દેશ આજે મોટો ટેલેન્ટ પૂલ બન્યો છે. ટેકનોલોજીના ઉપયોગમાં પાછળ રહેવાનું ભારતનું મેણું ભાંગીને આજે ડિજિટલ પેમેન્ટથી લઈને સ્પેસ ટેકનોલોજી સુધી ભારત નો ડંકો વાગે છે.

મુખ્ય પ્રધાને આ પરિવર્તન અને અપ્રતિમ વિકાસના મૂળમાં વડાપ્રધાનની ૨૫ વર્ષની જનસેવા સાધના અને સમર્પણ રહ્યા છેતેની સરાહના કરી હતી. તેમણે કહ્યુ હતું કે, કરોડો લોકોનો વિશ્વાસ અને ભરોસો મેળવીને નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાન સેવક તરીકે દેશને વિશ્વ ગૌરવ અપાવ્યું છે.

એટલુ જ નહિ, ૨૫ કરોડ લોકો ગરીબીથી બહાર આવ્યા છે. ૪ કરોડ લોકોને પાકા આવાસ મળ્યા છે અને સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ, સૌના પ્રયાસના મંત્રથી વિકાસનું જન આંદોલન ચાલ્યું છે.

વડાપ્રધાનની આ સેવા સાધના અને નેશન ફર્સ્ટનો ભાવ જન જન સુધી પહોંચાડવામાં વડનગરથી વારાણસીની બાઈક યાત્રા મહત્વનું માધ્યમ બનશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.


તેમણે કહ્યું કે, આત્મનિર્ભરતાના મંત્ર સાથે ૭.૮ ટકાના વિકાસ દરથી દેશને વધુ તેજ ગતિ મળી છે. વડાપ્રધાન અને ગૃહ પ્રધાનના નેતૃત્વમાં ભારતમાંથી નક્સલવાદનો સફાયો થયો છે. તાજેતરમાં ભારતમાં પૂર્ણ થયેલી બ્રિક્સ સમિટની સફળતાથી વડાપ્રધાનના નેતૃત્વમાં ભારત વિશ્વમિત્ર તરીકે ઉભરી આવ્યું છે.

આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ શર્મિષ્ઠા ઘાટ પરથી કળશમાં જળ ગ્રહણ કર્યું હતું, જે વડનગરથી વારાણસી જનાર બાઈકર્સ દ્વારા કાશી વિશ્વનાથના ચરણોમાં અર્પણ કરવામાં આવશે.

જે આ બે ઐતિહાસિક અને આધ્યાત્મિક નગરો વચ્ચેના અતૂટ સંબંધને પ્રદર્શિત કરશે. મહાઆરતી બાદ મહાનુભાવોએ શર્મિષ્ઠા તળાવથી સુપ્રસિદ્ધ હાટકેશ્વર મંદિર સુધી પદયાત્રા યોજી હતી.આ સાથે મહાનુભાવોએ ઐતિહાસિક તીર્થધામ શ્રી હાટકેશ્વર મહાદેવના ચરણોમાં શીશ નમાવી દેશ અને રાજ્યની પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.

વડનગરથી વારાણસી માટે ૨૫૦ જેટલા બાઇકર્સની આ રેલી નક્કી કરાયેલા રૂટ પર વિવિધ સ્થળોએ રોકાણ કરીને વડાપ્રધાનના સેવા, સમર્પણ અને રાષ્ટ્ર નિર્માણના સંદેશ સાથે જનજાગૃતિનો પ્રસાર કરશે.

ત્યારબાદ કેન્દ્રીય ગૃહ પ્રધાન અને મુખ્ય પ્રધાન તેમ જ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વડનગર રેલવે સ્ટેશન ખાતે આયોજિત સ્વચ્છતા અભિયાનમાં શ્રમદાન કરી નાગરિકોને પોતાના પરિસરને સ્વચ્છ રાખવાનો પ્રેરણાદાયી સંદેશ પાઠવ્યો હતો તેમજ પર્યાવરણ જતનના સંકલ્પ સાથે એક પેડ મા કે નામ ઝુંબેશ અંતર્ગત સ્ટેશન પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ■



**પ્રકાશ:** વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન અને જનસેવાથી રાષ્ટ્ર સેવાનાં ૨૫ ગૌરવવંતા વર્ષ નિમિત્તે અમદાવાદના કાંકરિયા લેકફ્રન્ટ ખાતે કેન્દ્રીય ગૃહ તથા સહકાર પ્રધાન અમિતભાઈ શાહ અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં 'એક દીવો આશીર્વાદનો' કાર્યક્રમ યોજાયો હતો. કાંકરિયા લેકફ્રન્ટ પરિસર અંદાજિત સવા લાખ જેટલા દિવડાઓથી ઝગમગી ઊઠ્યું હતું.

# અમદાવાદથી ઉજ્જૈન અને શિરડી જવા એસટીએ શરૂ કરી એસી બસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (જીએસઆરટીસી) એ અમદાવાદથી ઉજ્જૈન અને શિરડીના યાત્રાધામો માટે નવી એસી સીટર બસ સેવાઓ શરૂ કરી છે, તેથી હવે મહાકાલ અને સાંઈબાબાના દર્શન કરવા ઈચ્છતા શ્રદ્ધાળુઓને સીધી બસસેવા મળી જશે.

મળતી વિગતો અનુસાર અમદાવાદ-ઉજ્જૈન બસ દરરોજ ગીતામંદિરથી સાંજે ૭૦૦ વાગ્યે ઉપડશે, ગોધરા, દાહોદ અને ઇન્દોર થઈને ઉજ્જૈન પહોંચે છે. અમદાવાદથી ઉજ્જૈનનું ભાડું લગભગ રૂ. ૧,૧૮૧ છે. પરત ફરતી બસ ઉજ્જૈનથી દરરોજ સાંજે ૫૪૦ વાગ્યે ઉપડશે.

તેવી જ રીતે, અમદાવાદ-શિરડી એસી સીટર સેવા દરરોજ સવારે ૭૦૦ વાગ્યે નહેરુનગરથી ઉપડશે અને સુરત, સાપુતારા અને નાસિક થઈને શિરડી જશે. આ બસનું ભાડું લગભગ રૂ. ૧,૨૮૯ છે, જ્યારે રીટર્ન બસ દરરોજ સવારે ૧૦૦૦ વાગ્યે શિરડીથી ઉપડશે.

આ સેવા શરૂ થઈ ગઈ છે અને શ્રદ્ધાળુઓ તેનો લાભ લઈ શકે છે, તેમ જીએસઆરસીટીના સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સી. એમ. ભૂપેન્દ્ર પટેલે વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા આયોજિત 'હરિત ઘર - સ્વસ્થ સમાજ' અભિયાનનો શુભારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસની પૂર્વ સંધ્યાએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા આયોજિત 'હરિત ઘર - સ્વસ્થ સમાજ' અભિયાનના શુભારંભ કરાવી જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશે વિકાસની સાકર ચાખી લીધી છે, એટલે દેશના લોકોનો આજે પણ તેમના પર ભરોસો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાને વિકાસની સાથે હંમેશાં પર્યાવરણ સંરક્ષણની ચિંતા કરી છે, વિશ્વ ગુજરાતી સમાજનું હરિત ઘર - સ્વસ્થ સમાજ અભિયાન એ જ દિશા તરફનો પ્રશંસનીય પ્રયાસ છે. લોકો પોતાના ઘરમાં શાકભાજી ઉગાડશે, એટલે તેમને પર્યાવરણ અને વિકાસની સમજ વધારે સ્પષ્ટ થશે, એવું તેમણે ઉમેર્યું હતું.

વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ ભાવેશ ભાઈ લાખાણીને મુખ્ય પ્રધાનના હસ્તે કિચન ગાર્ડનના ૭૬,૦૦૦ રોપા વિતરણના અનોખા અભિયાન માટે ગોલ્ડન બુક ઑફ રેકોર્ડ દ્વારા વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. ■

# અંબાજી મંદિરના ભંડારામાંથી ભાજપે રાજકીય કાર્યક્રમ કર્યો હોવાનો કૉંગ્રેસનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે અંબાજી મંદિરમાં આયોજિત કાર્યક્રમ સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ વિરોધ નોંધાવ્યો હતો. સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું હતું કે અંબાજી માતા મંદિર ખાતે ભાજપના રાજકીય ઉત્સવ અને તેના માટે ભક્તોના પૈસાના દુરુપયોગ સામે ભારે આક્રોશ વ્યક્ત કરે છે અને આ ઘટનાક્રમ સામે સખત શબ્દોમાં વિરોધ નોંધાવે છે.

તેમણે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬ વર્ષ પૂર્ણ થાય ત્યારે તેમના નિરોગી અને ૧૦૦ વર્ષથી વધુના દીર્ઘાયુ જીવન માટે દેશનો દરેક નાગરિક અને કોંગ્રેસ પક્ષ પણ મા અંબાના ચરણોમાં પ્રાર્થના કરે છે. અમે વડા પ્રધાનના જન્મદિવસની શુભકામનાઓના વિરોધી નથી, પરંતુ અમારો વિરોધ એ વાતે છેકે વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી એ કોઈ સરકારી કે ધાર્મિક કાર્યક્રમ નથી, પરંતુ એક રાજકીય પક્ષ ભાજપનો કાર્યક્રમ છે. અંબાજી મંદિરમાં યોજાયેલા ૭૬,૦૦૦ દીવાના દીપોત્સવની આમંત્રણ પત્રિકામાં બનાસકાંઠા જિલ્લા ભાજપ એવું સ્પષ્ટ લખેલું છે, જે સાબિત કરે છે કે આ માત્ર ને માત્ર ભાજપનો કાર્યક્રમ છે.

જો આ ભાજપનો ઉત્સવ હોય, તો વિશ્વની સૌથી ધનિક પાર્ટી અને ૧૦,૦૦૦ કરોડથી વધુનું ભંડોળ ધરાવતી પાર્ટી પોતાના ભંડોળમાંથી ખર્ચ કેમ નથી કરતી? આ ઉજવણી માટે અત્યારે ૭૬,૦૦૦ દીવાઓ પાછળ અંબાજી મંદિરના ભંડારમાંથી રૂ. ૨૦ લાખનો મોટો ખર્ચ કરવામાં આવી રહ્યો છે, જે અત્યંત ગંભીર અને વિરોધજનક મુદ્દો છે. જો આ ૨૦ લાખ રૂપિયા વડા પ્રધાનના જન્મદિવસ નિમિત્તે દાંતા તાલુકાના ગરીબ આદિવાસી બાળકોના શિક્ષણ પાછળ ખર્ચવામાં આવ્યા હોત, તો મા અંબા ખરા અર્થમાં રાજી થાત. અંબાજીમાં વારંવાર પરંપરાઓ સાથે ચેડા કરવામાં આવે છે એક તરફ અંબાજીમાં ૫૧ શક્તિપીઠમાં માતાજીને થાળ ધરાવવામાં નથી આવતો માતાજીને ભૂખ્યા રાખવામાં આવે છે બીજી તરફ અંબાજી મંદિરમાં તેલનો સંપૂર્ણ નિષેધ છે અંબાજી મંદિરમાં માતાજીનો ભોગ પ્રસાદ પણ બને છે તે સંપૂર્ણ ઘીમાં બને છે વળી લાકડાને અગ્નિથી પ્રજ્વલ્લિત કરવાના હોય તેના માટે પણ ઘીનો જ ઉપયોગ કરવામાં આવે છેછતાં પણ સમગ્ર મંદિરમાં તેલનો ઉપયોગ કરવામાં આવનાર છે. સાથે સાથે અંબાજી મંદિર માતાજીને આરામ માટે થઈને સાંજે સાડા ચારથી સાત વાગ્યા સુધી બંધ રહે છે પરંતુ ભાજપે કાર્યક્રમનો સમય સાંજે ૫.૧૫ કલાકનો રાખેલ હોવાથી ખાસ કિસ્સામાં માતાજીને પણ આરામ કરવા મળનાર નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અંબાજી મંદિર એ સરકારના નિયંત્રણ હેઠળનું જાહેર ટ્રસ્ટ છે.જ્યાં સરકારી નિયમોનું કડક પાલન થવું જોઈએ. મંદિર ટ્રસ્ટ અને સરકાર તાત્કાલિક વિવિધ મુદ્દે સ્પષ્ટતા કરે, નહિતર કોંગ્રેસ પક્ષ ભક્તોની આસ્થા અને મંદિરની પવિત્રતાની રક્ષા માટે ઉગ્ર આંદોલન કરશે. ■

# અમદાવાદમાં ૧૩ સંરક્ષિત ભારતીય સ્ટાર કાચબાના બચ્ચાં સાથે એક પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના શાહપુરના એક રહેવાસી પાસેથી ૧૩ ભારતીય સ્ટાર કાચબાના બચ્ચાં મળી આવ્યા હતા. આ સંરક્ષિત વન્ય પ્રજાતિને ઘરમાં રાખવા બદલ નવ વિભાગે તેની સામે ગુનો નોંધ્યો હતો. આરોપી નીતિન દાતાનિયા પર વન્યજીવન (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ ની કલમ ૯ અને ૫૧ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. તેને એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. મેજિસ્ટ્રેટે બે દિવસની રિમાન્ડ મંજૂર કરી હતી. અધિકારીઓ તેની પૂછપરછ કરશે કે તેણે કાચબાઓ કેવી રીતે મેળવ્યા અને તે વેચાણ માટે લાવવામાં આવ્યા હતા કે અન્ય કોઈ ઈરાદે ઘરે રાખવામાં આવ્યા હતા. ■

# સુરતના પાંડેસરામાં એસઓજી અને આરોગ્ય વિભાગના દરોડા, આઠ બોગસ ડૉક્ટરો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના પાંડેસરા વિસ્તારમાં વિજિલન્સ અને એસઓજી ટીમે સ્થાનિક આરોગ્ય વિભાગ સાથે મળીને બોગસ ડોક્ટરોના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. કોઈ પણ માન્ય મેડિકલ ડિગ્રી વગર ક્લિનિકો ચલાવીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવામાં આવતા હોવાની ચોક્કસ બાતમી મળતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. સીધા દરોડા પાડવાને બદલે શંકાસ્પદ ક્લિનિકોમાં પહેલા ડમી દર્દીઓ મોકલીને લાયકાત અંગે તપાસ કરવામાં આવી હતી. આક્ષેપો સાચા સાબિત થતાં જ ૩ અલગ-અલગ ટીમો બનાવી એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા.

દરોડા દરમિયાન પોલીસે કુલ ૮ બોગસ ડોકટરોને કસ્ટડીમાં લેવામાં આવ્યાં હતાં. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ આરોપીઓમાં એક માત્ર ધોરણ ૧૨ પાસ હતો. કેટલાક ભૂતકાળમાં હોસ્પિટલોમાં કમ્પાઉન્ડર કે ઓપરેશન થિયેટર આસિસ્ટન્ટ તરીકે કામ કરતા હતા. જેના આધારે પોતે જ ડોક્ટર બની બેઠા હતા. આ બોગસ ડોક્ટરો છેલ્લા ૨ થી ૧૦ વર્ષથી કોઈ પણ ડર વગર દવાખાના ચલાવતા હતા. પોલીસે સ્થળ પરથી એલોપેથિક દવાઓ, ઇન્જેક્શનો અને મેડિકલ સાધનો સહિત રૂપિયા ૯૮,૮૨૫નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાનૂની કાર્યવાહી શરૂ કરી હતી.

ઝડપાયેલા આરોપીઓ પૈકી પાર્થ દેવનાથ નામના શખ્સ સામે ૧૪ વર્ષના સગીર બાળકના મોત અંગે ગંભીર આક્ષેપો થયા હતાં. પરિવારનો આરોપ હતો કે, ખોટી સારવારના કારણે બાળકનું મૃત્યુ થયું હતું. એસઓજીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, બાળકના મોતમાં દવાની આડઅસર જવાબદાર હતી કે કેમ તે દિશામાં તપાસ ચાલી રહી છે. આટલા વર્ષો સુધી આ બોગસ ડોક્ટરો કોના છત્રછાયા હેઠળ ક્લિનિક ચલાવતા હતા અને દરરોજ કેટલા દર્દીઓને સારવાર આપતા હતા તે તમામ દિશામાં પોલીસે તપાસ શરૂ કરી હતી. ■

# સુરતના ૮૪ વર્ષીય વૃદ્ધાની હત્યાનો ભેદ ઉકેલાયો:

## ભાડે મકાન જોવાની આડમાં ચોરીના ઈરાદે આવેલી મહિલાએ લઈ લીધો જીવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરના નાનપુરા વિસ્તારમાં ૮૪ વર્ષીય વૃદ્ધા આમેનાબેન(એમીબેન) મોતીવાલાની હત્યાનો ભેદ પોલીસે ઉકેલ્યો હતો. જોકે આ હત્યાએ શહેરોમાં એકલા રહેતા સિનિયર સિટિઝન્સની સુરક્ષા સામે ફરી સવાલો ઊભા કર્યા છે. એકલાં રહેતાં એમીબેનની હત્યા બે દિવસ પહેલા ભાડાનું મકાન જોવા આવેલી છાયા શાહ નામની એક મહિલાએ કરી હોવાનું પોલીસસૂત્રોએ જણાવ્યું હતું.

૮૪ વર્ષીય મૃતકનાં પતિ અને એકના એક પુત્રનું દેહાંત થયા બાદ તેઓ અહીંના મોનાલીસા અપાર્ટમેન્ટમાં એકલાં રહેતાં હતાં. થોડા સમયથી તેઓ તેમનાં ૭૧ વર્ષીય બહેન દુરૈયાના ઘરે વધારે સમય વિતાવતા, પરંતુ રોજ ફ્લેટ પર આવતા હતા. ૧૧મી સપ્ટેમ્બરે છાયા શાહ નામની મહિલા આ એપાર્ટમેન્ટમાં અન્ય એક ખાલી ફ્લેટ જોવા ગઈ હતી. તે સમયે એમીબેન તેમને મળ્યાં હતાં અને પોતે એકલા રહેતા હોવાનું પણ જણાવ્યું હતું, તેવી માહિતી પોલીસસૂત્રોએ આપી હતી.

૧૩મી સપ્ટેમ્બરે છાયા શાહ પોતાના ૧૫ વર્ષના દીકરા સાથે આવી હતી અને અમીબેને ઘર ખોલ્યું હતું. ઘરમાં ઘુસ્યાની થોડી મિનિટોમાં તેણે સીધી તિજોરી ખોલવાની કોશિશ કરી હતી. એમીબેને રોકતાં મહિલા ગુસ્સે ભરાઈ હતી અને ઈસ્ત્રી વડે તેમને માર્યા હતાં અને ત્યારબાદ કેબલ વાયરથી તેમનું ગળું દબાવ્યું હતું. મહિલાનો પુત્ર આ જોઈ હેબતાઈ ગયો હતો અને તેણે બૂમો પાડવાનું શરૂ કરતા મહિલા ત્યાંથી માત્ર તેમનો મોબાઈલ અને થોડા પૈસા લઈને નાસી હતી.

બહેન ફરી ઘરે ન આવતા અને તેનો ફોન પર પણ સંપર્ક ન થતા દુરૈયાબહેન તેમનાં ઘરે આવ્યાં ત્યારે તેમને લોહીલુહાણ મૃતદેહ જોવા મળ્યો હતો અને પોલીસને બોલાવી હતી.

પોલીસ માટે આ કેસ ઉકેલવો અઘરો હતો કારણ કે એપાર્ટમેન્ટમાં સીસીટીવી કેમેરા ન હતા અને મૃતકના શરીર પરનું લગભગ સાત તોલા સોનું પણ ચોરાયું ન હતું. પોલીસે આસપાસના વિસ્તારના ૩૦૦ સીસીટીવી ફૂટેજ ચેક કર્યા બાદ એક સંદિગ્ધ મહિલાને ટ્રેસ કરી હતી, જે હત્યારણ છાયા શાહ હોવાનું પૂછપરછમાં ખૂલ્યું હતું.

મૂળ રાજકોટની છાયા સુરતમાં એકલી રહેતી હતી. કેરટેકર તરીકે કામ કરી પોતાનું અને દીકરાનું ભરણપોષણ કરતી હતી. પૈસાની લાલચે મહિલાની એકલતાનો લાભ લેવા ગઈ હતી, જેમાં હત્યા કરી નાખી અને પુત્રએ બૂમો પાડતા દાગીના ચોર્યા વિના જ ભાગી ગઈ હતી, તેવી પોલીસની પૂછપરછમાં બહાર આવ્યું હતું. મૃતક મહિલા અને તેમનાં બહેન મુંબઈ જવાની તૈયારી કરતા હતા અને તે માટે જ એમીબેન ફ્લેટ પર સામાન લેવા ગયાં હતાં, પરંતુ તેમની આ રીતે હત્યા થતા બહેન સહિતનો પરિવાર શોકમાં ડૂબી ગયો હતો. ■

# જાણીતા કોમેડિયન 'ગુજ્જુ લવ ગુરુ' ફેમ ચંદન રાઠોડનું ભાભર પાસે માર્ગ અકસ્માતમાં કમકમાટીભર્યું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વાવ-થરાદ પંથકના સુઈગામના વતની અને સોશિયલ મીડિયા પર 'ગુજ્જુ લવ ગુરૂ' તરીકે જાણીતા કોમેડિયન ચંદન રાઠોડનું એક ગંભીર માર્ગ અકસ્માતમાં કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ભાભર ગૌશાળા નજીક સર્જાયેલા આ અકસ્માતમાં બાઈક પર સવાર ચંદન રાઠોડ અકસ્માતે પટકાતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પોતાના અલગ અંદાજ અને હાસ્યરસ પીરસતા કન્ટેન્ટ થકી મોટી નામના મેળવનાર ચંદન રાઠોડના અચાનક નિધનના સમાચાર સામે આવતા જ તેમના ચાહકો અને સોશિયલ મીડિયા જગતમાં ભારે શોકની લાગણી છવાઈ ગઈ હતી.

સૂત્રોના જણાવ્યાં અનુસાર, ચંદન રાઠોડ પોતાનું બાઈક લઈને જઈ રહ્યા હતા ત્યારે ભાભર ગૌશાળા પાસે અકસ્માતમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટના બાદ તેમને તાત્કાલિક સારવાર અર્થે ભાભરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. નોંધનીય છે કે, આ જીવલેણ અકસ્માત સર્જાયો તેની થોડીવાર પહેલા જ તેઓ એક પેટ્રોલ પંપ પર બાઇકમાં પેટ્રોલ પુરાવવા માટે ઊભા હતા, જેનો એક વીડિયો પણ હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો

આ અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તબક્કે બાઈક પરથી પડી જવાના કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનું જાણવા મળ્યું હતું, પરંતુ અકસ્માતનું ચોક્કસ કારણ શું હતું તે દિશામાં પોલીસે સઘન તપાસ શરૂ કરી દીધી હતી. માત્ર સોશિયલ મીડિયા પૂરતા સીમિત ન રહેતા નાની ઉંમરમાં મોટી લોકપ્રિયતા મેળવનાર આ યુવા કલાકારનું મોત થતા પરિવારમાં શોક છવાયો હતો. ચંદન રાઠોડે ગુજરાતના જાણીતા સુપરસ્ટાર વિક્રમ ઠાકોર સાથે ફિલ્મમાં પણ કામ કરેલું છે. ■

## સંસ્થા સમાચાર

### ધીરગુરુદેવની નિશ્રામાં વાર્ષિક ગૌમાતા દત્તક યોજનામાં જોડાતા ભાવિકો



એમ્બીવેલી સિટીમાં પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ પર્વ આરાધનાપૂર્વક ઉજવાયેલ. અમીશા વોરાએ ઋણ સ્વીકાર કરતાં ધન્યતા અનુભવી હતી. ગૌમાતા લિફ્ટીંગ મશીનનો રૂા. ૩૧૦૦૦/-માં દાતાઓ લાભ લઈ રહેલ છે.

ગૌમાતા વાર્ષિક દત્તક યોજનામાં ૧૧૦૦ રૂપિયા અથવા તેના ગુણાંકમાં દાતાઓ જોડાઈ રહ્યા છે. દાતાઓને લાભ લેવા શ્રી વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ - રાજકોટનો સંપર્ક કરવો. ધોરાજી - ઉપલેટા હાઇવે ખાતે સુપેડીમાં સરોજબેન છબીલદાસ દોશી (ગુંદિયાળાવાળા) ઉપાશ્રય અને ડુમિયાણીમાં કાંતાબેન ગુલાબચંદ ઝોંસા-ઉપાશ્રયનું નિર્માણ કાર્ય પૂર્ણતાના આરે છે. શ્રી હિંગવાલા સંઘ - ઘાટકોપરના ટ્રસ્ટી મુકેશભાઈ કામદાર, મનસુખભાઈ કોઠારી, છાયા પ્રવર કોટીચા, રેખા રમેશ શેઠ, રીટાબેન કોઠારી, ભરત જસાણી વગેરેએ દર્શનનો લાભ લીધેલ. ચીંચપોકલી સંઘ રવિવારે સત્સંગમાં જોડાશે. પરસેપ્ટ એડ. પરિવારના સંગીતા સિંઘનું અભિવાદન અમીશા વોરાએ કરેલ.

# ચારિત્ર્ય હનન બંધ કરો: ઉદ્ધવ ઠાકરે

છત્રપતિ સંભાજીનગર: દિશા સાલિયાન કેસમાં સીબીઆઈએ નોંધેલી એફઆઈઆરમાં આદિત્ય ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેના નામ સામેલ છે. આદિત્ય ઠાકરેએ આ મામલે પોતાનો કોઈ સંબંધ હોવાનો ઈનકાર કર્યો હતો, જ્યારે ઉદ્ધવ ઠાકરેએ આને 'ચારિત્ર્ય હનન' ગણાવીને કડક કાનૂની પગલાં ભરવાની ચેતવણી આપી હતી.

ઉદ્ધવ ઠાકરેને છત્રપતિ સંભાજીનગરની મુલાકાત દરમિયાન દિશા સાલિયાન કેસ અંગે પ્રશ્ન પૂછવામાં આવતા તેઓ ગુસ્સે ભરાયા હતા. 'અમારે આ કેસ સાથે દૂર-દૂર સુધી કોઈ સંબંધ નથી. આ અંગે આદિત્ય પહેલાથી જ ખુલાસો કરી ચૂક્યો છે. આ કેસમાં કોઈનું પણ નામ લેવામાં આવી રહ્યું છે. કાલે તમારું નામ પણ આવી જશે. તમારું પણ ચારિત્ર્ય હનન થશે. આ કેસમાં અત્યાર સુધી મોદી અને ટ્રમ્પનું નામ કેમ ના આવ્યું? એનું મને આશ્ચર્ય થાય છે,' એવો કટાક્ષ ઉદ્ધવ ઠાકરેએ કર્યો હતો.

'જ્યાં સુધી તપાસ પૂરી ન થાય ત્યાં સુધી કશું જ બોલવું નહીં, એવું અમે નક્કી કર્યું હતું. આ કેસ સાથે અમારે કોઈ લેવાદેવા નથી. તે છોકરીએ જીવ ગુમાવ્યો. અમે તેને ઓળખતા પણ નહોતા. તેની સાથે ક્યારેય મુલાકાત થઈ નથી. તેની

### આદિત્ય ઠાકરેને ૫૦૦ કરોડ રૂપિયાની માનહાનિની નોટિસ

મુંબઈ: દિશા સાલિયનના પિતા સતીશ સાલિયને શિવસેનાના નેતા આદિત્ય ઠાકરે અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહપ્રધાન અનિલ દેશમુખને તેમની પુત્રીના મૃત્યુ અંગેના નિવેદનો બદલ ૫૦૦ કરોડ રૂપિયાના વળતરની માગ કરતી માનહાનિની નોટિસ ફટકારી છે. નોટિસમાં માગ કરવામાં આવી છે કે બંને નેતાઓ માફી માગે, તેમના નિવેદનો પાછા ખેંચે અને ૫૦૦ કરોડ રૂપિયાનું વળતર ચૂકવે. આ માગણીઓનું પાલન કરવા માટે તેમને સાત દિવસનો સમય આપવામાં આવ્યો છે. આ નોટિસ ત્યારે આવી છે જ્યારે બુધવારે ઠાકરેએ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર સાલિયનને ક્યારેય મળ્યા હોવાનો ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તેમનું નામ સાલિયનનાં મૃત્યુ સાથે જોડવાની કોશિશો એક ''ખોટા અભિયાન''નો ભાગ છે. આદિત્ય ઠાકરેએ પોતાને બદનામ કરવાનું રાજકીય કાવતરું ગણાવ્યું હતું. સતીશ સાલિયનના વકીલ નિલેશ ઓઝાએ સોમવારે જણાવ્યું હતું કે આ એફઆઈઆરમાં ઠાકરે, રોહન રોય, રિયા ચક્રવર્તી, પરમબીર સિંહ, ડીનો મોરિયા, સૂરજ પંચોલી અને તત્કાલીન ડીસીપી વિશાલ ઠાકુર સહિત અન્યનાં નામનો ઉલ્લેખ છે.

### એફઆઈઆર ઠાકરે પરિવારને લાંછન લગાવવાની કોશિશ: રાઉત

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ગુરુવારે દિશા સાલિયન મૃત્યુ કેસના સંદર્ભમાં પક્ષના સાથીદાર આદિત્ય ઠાકરેની પડખે ઊભા રહ્યા હતા. આ કેસમાં સીબીઆઈએ એફઆઈઆર દાખલ કરી છે. લોકોને ઠાકરે પરિવાર પર વિશ્વાસ હોવાનું રાઉતે જણાવ્યું હતું.સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા ૨૦૨૦માં દિશા સાલિયન મૃત્યુ કેસમાં ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ નોંધવામાં આવ્યો હતો. એફઆઇઆરમાં દિશાના પિતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર બોમ્બે હાઇ કોર્ટના નિર્દેશોનું પાલન કરીને કોઈ આરોપીનું નામ આપવામાં આવ્યું ન હતું. પોતાના બચાવમાં આદિત્ય ઠાકરેએ એવો દાવો કર્યો છે કે કેટલાક લોકો રાજકીય હેતુઓથી તેમના ચારિત્ર્યને કલંકિત કરવા માટે જાણી જોઈને તેમનું નામ કેસ સાથે જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. રાઉતનું કહેવું હતું કે સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆર ઠાકરે પરિવાર પર લાંછન લગાવવાનો પ્રયાસ છે.

# મોગરા નાળામાં કચરો ઠાલવવાના આરોપ હેઠળ પાલિકાના કૉન્ટ્રેક્ટર સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંધેરીમાંથી એકત્રિત કરાયેલા સૂકા કચરાને રિસાયક્લિંગ માટે નિર્ધારિત વર્ગીકરણ કેન્દ્ર પર લઈ જવાને બદલે મોગરા નાળામાં ઠાલવવામાં આવ્યો હોવાનું જણાઈ આવ્યા બાદ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલી ફરિયાદને પગલે ઓશિવરા પોલીસે ડ્રાય વેસ્ટ કલેક્શન સેન્ટરનું સંચાલન કરનારી સંસ્થાના પ્રમુખ સામે એફઆઈઆર નોંધ્યો છે.

સોશિયલ મીડિયા પર ૧૪ સપ્ટેમ્બરના અંધેરી પશ્ચિમમાં લોંખડવાલા બેક રોડ પર મોગરા નાળાં નજીક સૂકો કચરો ઠાલવવામાં આવતો હોવાનો વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો. એ બાદ પાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના જુનિયર સુપરવાઈઝર ૫૪ વર્ષીય અનીશ બોરિચાની ફરિયાદ બાદ બુધવારે રાત્રે ઓશિવરા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો.

એફઆઈઆરમાં જણાવાયું છે કે બીએમસીએ સૂકા કચરાના વ્યવસ્થાપન માટે અંધેરી વિભાગને ૧૬ વિભાગમાં વહેંચ્યો છે.

'આકાર મુંબઈ' નામની ખાનગી સંસ્થાને આ વિભાગોમાંથી સૂકો કચરો એકત્રિત કરવાની અને તેને રિસાયક્લિંગ માટે નિર્ધારિત સૂકા કચરાના સોર્ટિંગ સેન્ટરો સુધી પહોંચાડવાની જવાબદારી સોંપવામાં આવી છે. ફરિયાદમાં ત્રણ સોર્ટિંગ સેન્ટરોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં એક જોગેશ્વરી વેસ્ટમાં અજીત ગ્લાસ ખાતેની બીજી વીરા દેસાઈ રોડ પર યશ રાજ સ્ટુડિયોની પાછળ અને ત્રીજી જુહુ-વર્સોવા લિંક રોડ પર કપાસવાડી ખાતેની સંસ્થાનો સમાવેશ થાય છે.

ફરિયાદ મુજબ ત્રણેય કેન્દ્રો 'આકાર મુંબઈ'ના નિયંત્રણ હેઠળ છે. પાલિકાના કર્મચારીની ફરિયાદ મુજબ 'રાજકુમાર ચોકી' વિભાગમાંથી એકત્રિત કરાયેલા સૂકા કચરાને આ નિર્ધારિત કેન્દ્રોમાંથી કોઈ એક પર લઈ જવાનો હતો. તેના બદલે કચરો મોગરા નાળામાં ઠાલવી દેવામાં આવ્યો હતો. એફઆઈઆરમાં ફરિયાદી દ્વારા કરવામાં આવેલા આરોપો નોંધાયેલા છે પણ તપાસ દરમ્યાન પોલીસે આ આરોપોની તપાસ કરવી પડશે.

### સાત દિવસ તમામ તપાસ

મોગરા નાળામાં એક વાહન દ્વારા કથિત રીતે એકત્રિત સૂકો કચરો ફેંકવામાં આવ્યો હોવાની ઘટના બાદ પાલિકાએ શહેરવ્યાપી નિરીક્ષણ અને સૂકા કચરા સંગ્રહ અને અલગીકરણ કેન્દ્રોનું કડક નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. પાલિકાએ નિર્ધારિત એસઓપીમાં તમામ આસિસ્ટન્ટ કમિશનરોને તેમના સંબંધિત વોર્ડમાં દરેક ડ્રાય વેસ્ટ કલેક્નશ ઍન્ડ સેગ્રીગેશનલ સેન્ટરનું સાત દિવસની અંદર ઈન્સ્પેકશન કરવાનો નિર્દેશ આપ્યો છે. ઈન્સ્પેકશન દરમ્યાન અધિકારીઓને ઓપરેટરોના વર્ક ઓર્ડરની માન્યતા, તહેનાત વાહનો અને ડ્રાઇવરોની વિગતો અને વાહનોમાં સ્થાપિત જીપીએસ/વેહિકલ ટ્રેકિંગ અને મોનિટરિંગ સિસ્ટમ (વીટીએમએસ) ઉપકરણો કાર્યરત છે કે કેમ તે ચકાસવા માટે કહેવામાં આવ્યું છે.

### પેટા કૉન્ટ્રેક્ટની નોંધ લેવી પડશે

અધિકારીઓએ દરેક કેન્દ્ર પર સ્રોત મુજબ કચરાના સંગ્રહ અને ટ્રીપ રેકોર્ડ, પ્રાપ્ત, પુનઃપ્રાપ્ત, અસ્વીકૃત અને મોકલવામાં આવેલા કચરાના દૈનિક જથ્થા તેમજ ક્લોઝિંગ સ્ટોકની પણ તપાસ કરવી પડશે. રિસાયકલર્સ અને પ્રોસેસિંગ સુવિધાઓ પાસેથી પ્રાપ્તિઓ અને અધિકૃતતાઓ, અને અસ્વીકૃત પ્રક્રિયાના અંતિમ સ્થળની પણ તપાસ કરવામાં આવશે. પાલિકાના અધિકારીઓને કેન્દ્રો પર સીસીટીવી કવરેજ અને ફૂટેજની જાળવણીની તપાસ કરવા અને અગ્નિ સલામતી, ગૃહનિર્માણ અને કચરાના સંગ્રહના ધોરણોનું પાલન તપાસવાનો પણ આદેશ આપ્યો છે. કોઈપણ અનધિકૃત પેટા કૉન્ટ્રેક્ટ અથવા કચરાના ડાયવર્ઝનની નોંધ લેવી પડશે.

# સાયન બ્રિજ ઓક્ટોબર અંતમાં ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાયન રેલવે સ્ટેશન નજીક આવેલા સાયન રેલવે ઓવરબ્રિજનું કામ ૧૫ ઑક્ટોબર, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરીને તેને ઓક્ટોબર અંતમાં જ ખુલ્લો મૂકી દેવાનું આયોજન હોવાનું પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું.

એડિશનલ કમિશનરે ગુરુવારે બ્રિજની સાઈટનું ઈન્સ્પેકશન કરીને કામની સમીક્ષા કરીને જરૂરી સૂચનાઓ આપી હતી. મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (એમયૂટીપી-બે) હેઠળ મધ્ય રેલવે દ્વારા છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) અને કુર્લા વચ્ચે બે વધારાના રેલવે ટ્રેક (પાંચમી અને છઠ્ઠી ) નાખવાનું આયોજન છે. આ ટ્રેક માટે જગ્યા ઉપલબ્ધ કરાવવા માટે રેલવે પ્રશાસનની જરૂરિયાત અનુસાર સાયન સ્ટેશન નજીક રેલવે પુલનું પુનર્નિર્માણ હાથ ધરવામાં આવ્યું છે. સાયન બ્રિજ ૧૧૨ વર્ષ જૂનો અને અસુરક્ષિત જાહેર કરવામાં આવતા તેનું પુનર્નિર્માણ કરવું આવશ્યક હતું. રેલવે વિસ્તારની અંદરના મુખ્ય પુલનું પુનર્નિર્માણ રેલવે દ્વારા અને પાલિકાની હદમાં એપ્રોચ રોડનું કામ પાલિકા દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ પુલ પ્રોજેક્ટનો સંપૂર્ણ ખર્ચ રેલવે વિભાગના ભંડોળમાંથી કરવામાં આવી રહ્યો છે. ટેન્ડર મુજબ આ પુલનો પુનર્નિર્માણ સમયગાળો ફેબ્રુઆરી ૨૦૨૭ સુધીનો છે.

રેલવે ટ્રેક પરથી પસાર થતા ૫૦૦ ટન વજનના પહેલા સટીલ બીમ (ગર્ડર) ના ડેક સ્લેબનું કૉંક્રિટિંગ ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું હતું અને બીજા સ્ટીલ બીમના ડેક સ્લેબનું કૉંક્રિટિંગ ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ મધ્ય રેલવે દ્વારા કરવામાં આવ્યું હતું. હાલ બંને બીમના ક્રેશ બેરિયરનું કામ ચાલુ છે. ડેક સ્લેબના કૉંક્રિટ વેઅરિંગ કોટનું કામ પણ ચાલુ છે.

હાલમાં પુલની પશ્ચિમ બાજુએ લાલ બહાદુર શાસ્ત્રી માર્ગથી સંત રોહિદાસ માર્ગ (ધારાવી) સુધીના એપ્રોચ રોડનું બાંધકામ અંતિમ તબક્કામાં છે. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ થી એપ્રોચ રોડના કામ માટે પુલનો પૂર્વ ભાગ મધ્ય રેલવે પાસેથી પાલિકાને આંશિક રીતે ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. તે મુજબ પાલિકા દ્વારા પૂર્વીય એપ્રોચ રોડનું કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. અન્ય સિમેન્ટ કૉંક્રિટનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે.

આ નવા ફ્લાયઓવરમાં ૫૪.૫ મીટરનો સિંગલ સ્પાન અને ૨૯ મીટર પહોળાઈ છે. યોજના મુજબ, પુલ નીચે કોઈ થાંભલો નથી, જે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને કુર્લા વચ્ચે પાંચમી અને છઠ્ઠી રેલવે લાઇનના વિસ્તરણ માટે પૂરતી જગ્યા પૂરી પાડે છે.

# નેશનલ પાર્કની વાઘણ 'બિજલી'નું અવસાન

મુંબઈ: મુંબઈના સંજય ગાંધી નેશનલ પાર્ક (એસજીએનપી)નું મુખ્ય આકર્ષણ ગણાતી વાઘણ 'બિજલી'નું વય-સંબંધિત બીમારીઓને કારણે અવસાન થયું છે, તેમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું. પાર્કના સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, ૧૮ વર્ષીય આ વાઘણે બુધવારે રાત્રે અંતિમ શ્વાસ લીધા હતા. તેમણે જણાવ્યું કે, ૨૦૧૬થી 'બિજલી' એસજીએનપી પરિવારનું એક મુખ્ય આકર્ષણ અને પ્રિય સભ્ય રહી હતી. સંરક્ષિત વનક્ષેત્રના એક અધિકારીના જણાવ્યા અનુસાર, છેલ્લા એક મહિના દરમિયાન વાઘણના ખોરાક લેવાના પ્રમાણમાં ક્રમશઃ ઘટાડો જોવા મળ્યો હતો, જેને પગલે તેના સ્વાસ્થ્ય પર નજર રાખવામાં આવી રહી હતી. પશ્ચિમ મહારાષ્ટ્રની 'ટેકનિકલ વેટરનરી એડવાઇઝરી ટીમ'ના તકનીકી માર્ગદર્શન હેઠળ પશુચિકિત્સા અધિકારી દ્વારા તેને તબીબી અને સહાયક સારવાર આપવામાં આવી રહી હતી. બિજલીને પેંચ ટાઈગર રિઝર્વમાંથી એસજીએનપી લાવવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, પાર્કમાં તેના દાયકા લાંબા રોકાણ દરમિયાન તેણે વન્યજીવ વ્યવસ્થાપન, સંરક્ષણ અંગેની જાગૃતિ અને કેદમાં રાખવામાં આવેલાં પ્રાણીઓની સારસંભાળના પ્રયાસોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. (પીટીઆઈ)

# થાણેમાં૧૮,૬૦૦ કિલો નિર્માલ્ય પર સાયન્ટીફિકલી પ્રક્રિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણેમાં પર્યાવરણને અનુરૂપ ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત પ્લાસ્ટર ઓફ પેરિસની નાની મૂર્તિઓના વિસર્જન કૃત્રિમ તળાવમાં કરવામાં આવી રહ્યા છે. એ સાથે જ ગણેશમૂર્તિ પર ચઢાવવામાં આવતા ફૂલ-હારનું પણ પાણીમાં વિસર્જન નહીં કરતા તેને જમા કરીને તેના પર વૈજ્ઞાનિક રીતે પ્રક્રિયા કરીને તેનો પુનઃઉપયોગ કરવાનો થાણે પાલિકા પ્રશાસને નિર્ણય લીધો છે.

થાણે મહાનગરપાલિકાની હદમાં દોઢ દિવસના ૨૦,૭૦૩ ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. વિસર્જન દરમ્યાન એકત્રિત કરવામાં આવેલા ૧૮,૬૦૦ કિલો ફૂલ-હારના નિર્માલ્ય પર વૈજ્ઞાનિક રીતે પ્રક્રિયા કરવામાં આવી રહી છે. થાણે મહાનગરપાલિકાના ઘન કચરા વ્યવસ્થાપન વિભાગ દ્વારા એકત્રિત કરવામાં આવેલી ફૂલ-હારના નિર્માલ્યનું વિકેન્દ્રિત રીતે સંચાલન કરવામાં આવી રહ્યું છે. હીરાનંદાની એસ્ટેટ, રીતુ પાર્ક અને કૌસા ખાતે મિકેનિકલ બાયો-કમ્પોસ્ટિંગ પ્રોજેક્ટમાં નિર્માલ્ય પર વૈજ્ઞાનિક પદ્ધતિઓ અનુસાર પ્રક્રિયા કરવામાં આવી રહી છે. એકત્રિત કરવામાં આવેલા નિર્માલ્યમાં લગભગ ત્રણ ટકા પ્લાસ્ટિક બેગ હોવાનું જાણવા મળ્યું છે. આ પ્લાસ્ટિકને ફૂલ-હારથી અલગ કરીને તેનો અલગથી નિકાલ કરવામાં આવશે. આ દ્વારા નિર્માલ્યને નદીઓ, તળાવો, ખાડીઓ અથવા અન્ય જળ સ્રોતોમાં પ્રવેશતા અટકાવીને જળ પ્રદૂષણ અટકાવવામાં આવી રહ્યું છે.

# શક્તિપીઠ માટે જમીન સંપાદન વિરોધમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન

હિંગોલી: મહારાષ્ટ્રના હિંગોલી શહેરમાં પ્રસ્તાવિત શક્તિપીઠ એક્સપ્રેસ-વે માટે જમીન સંપાદન વિરોધમાં સેંકડો ખેડૂતો અને મહિલાઓએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ખેડૂતોએ મરાઠવાડા મુક્તિ દિવસ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમમાં આવી રહેલા હિંગોલીના પાલક પ્રધાન નરહરિ ઝિરવાલના કાફલાનો રસ્તો રોક્યો હતો.

પોલીસ કર્મચારીઓએ રસ્તા રોકોને દૂર કરવાનો પ્રયાસ કરતા દેખાવકારો અને પોલીસ વચ્ચે નજીવું ઘર્ષણ થયું હતું. પોલીસ દ્વારા ઊભી કરવામાં આવેલી આડશો (બેરિકેડ્સ) કથિત રીતે હડસેલવાનો પ્રયાસ કર્યો હતો. ખેડૂતોના જણાવ્યા અનુસાર બાંયધરી આપ્યા પછી પણ પ્રસ્તાવિત હાઈવે સંદર્ભે સંભવિત જોખમો સંદર્ભે ઝીરવાલ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત નથી કરાવી શક્યા. (પીટીઆઈ)

# ભાયખલાના રાણીબાગમાં જાન્યુઆરી સુધીમાં ટનલ ઍક્વેરિયમનું કામ પૂર્ણ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ જ નહીં પણ દેશ-વિદેશના પર્યટકોના પણ માનીતા રહેલા ભાયખલામાં આવેલા વીરમાતા જિજાબાઈ ભોસલે વનસ્પતિ ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલયમાં નવા વર્ષના આગમન સાથે જ પર્યટકો દરિયાઈ સૃષ્ટિનો અનુભવ કરી શકશે. લગભગ ૬૦ કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલા ટનલ ઍક્વેરિયમમાં દેશ-વિદેશની પ્રજાતિની દરિયાઈ માછલીઓ જોવા મળશે. આ ટનલ ઍક્વેરિયમનું કામ જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. મુંબઈ મહાનગરપાલિકા કમિશનર અશ્વિની ભીડેએ ગુરુવારે પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લીધી હતી. એ દરમ્યાન તેમણે પ્રોજેક્ટને ડેડલાઈનમાં પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. એ સાથે જ અન્ય પ્રોજેક્ટને લગતી કામની પણ તેમણે સમીક્ષા કરી હતી. કેન્દ્ર સરકારના 'એક પેડ મા કે નામ' અભિયાનના ભાગરૂપે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે તેમણે પ્રાણીસંગ્રહાલયમાં સેન્ચ્યુરી પામ વૃક્ષનું વાવતર પણ કર્યું હતું.

વીરમાતા જીજાબાઈ ભોસલે વનસ્પતિ ઉદ્યાન અને પ્રાણીબાગમાં ગુંબજ આકારનું ટનલ ઍક્વેરિયમ બનાવવામાં આવી રહ્યું છે. ટેન્ડર બહાર પાડ્યા બાદ તેનું કામ એસકેએસ કરકાલા ઈન્ફ્રા પ્રોજેક્ટને આપવામાં આવ્યું હતું, જેને એક વર્ષની અંદર ઍક્વેરિયમની ટનલ અને હાલના પૅંગ્વિન કક્ષની સુવિધાનું વિસ્તરણનું કામ પૂર્ણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ ઍક્વેરિયમ પૅંગ્વિન કક્ષની બાજુમાં ૫,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં બનાવવામાં આવી રહ્યું છે. પ્રાણી સંગ્રહાલયના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં કામ પૂર્ણ કરવાની ડેડલાઈન છે અને તેમાં ૭૦થી વધુ દરિયાઈ અને જળચર પ્રજાતિઓ રાખવામાં આવશે. મુલાકાતીઓને કાચની ટનલમાંથી પસાર થઈને તેમને દરિયાઈ જીવસૃષ્ટિનો અદ્ભુત અનુભવ મળશે.

વધુમાં અધિકારીએ જણાવ્યું હતું કે અંદર બે ટનલ હશે. એટલે બે 'વોક-થ્રુ' (અંદરથી ચાલીને પસાર થઈ શકાય તેવી) ટનલ બનાવવામાં આવી રહી છે, જેમાં ૧૪ મીટરની 'કોરલ ફિશ' ટનલ અને ૩૬ મીટરની 'ડીપ ઓશન' ટનલ તેમ જ ૩૬૦ ડિગ્રી દૃશ્યો પ્રદાન કરતી 'પોપ-અપ' બારીઓ પણ હશે.

## હિન્દુ મરણ

સ્વ. હિંમતસિંહ તુલસીદાસ વેદ (ઉં. વ. ૮૬) તા. ૧૬-૯-૨૬ના રોજ શ્રીજીના ચરણોમાં લીન થયા. તે સ્વ. જમનાબેન તુલસીદાસ રામદાસ વેદ (કોલ્હાપુર)ના પુત્ર. સુરેખાબેનના પતિ. સ્વ. ચંદાબેન તથા નેણસી હરિદાસ કજારિયા (નાશિક)ના જમાઇ. સ્વ. કેતન, સૌ. હર્ષિકા હમીર આશર તથા, પ્રીતિ ધર્મેશ ટોપરાનીના પપ્પા. વર્ષાબેનના જેઠ. દિશા તથા દિવ્યેશના કાકા અને ભુવી, પૃથા તથા રિયાના નાના. પ્રાર્થનાસભા તા. ૧૮-૯-૨૬ના સાંજે ૪થી ૫. ઠે. ગીતા મંદિર, કાવલા નાકા, કોલ્હાપુર.

**કચ્છી લોહાણા**

મૂળ નખત્રાણાના હાલ મુલુંડ નિવાસી સ્વ. ખીમજીભાઇ જોબનપુત્રા તે સ્વ. મૈયાબેન નારાણજી જોબનપુત્રાના સુપુત્ર. શર્મિષ્ઠાબેન (સમુબેન)ના પતિ. પૂજા, અંક્તિના પિતાશ્રી. સ્વ. ભગવાનલાલ કરુણાશંકર વ્યાસ (રોહા)ના જમાઇ. સ્વ. નર્મદાબેન માવજીભાઇ, ગં. સ્વ. જયાબેન દયારામ, ગં. સ્વ. લતાબેન ચંદ્રકાંત, સ્વ. ઝવેરબેન રતનશી, મંગળાબેન, ગં. સ્વ. દમયંતીબેન લક્ષ્મીકાંતના ભાઇ. કુમુદ અનિલ, જિજ્ઞા જગદીશ, રાખી ચેતન, મોના તરુણ, અનિતા પિયુષ, જેલમ સિતેશ, પ્રતિમા પ્રફુલ, સુધા કિશોર, ગીતા અનિલ, દીપા ભરત, હર્ષા સંજય, નીતા અજય, ઉર્વશી રણજીત, શીતલ આલોકના કાકા. તા. ૧૬-૯-૨૬ બુધવારના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૯-૨૬ શુક્રવાર, સાંજે ૫થી ૭. ઠે. પદ્માવતી બેન્કવિટ હોલ, ફિફ્થ ફ્લોર, શિવસેના ઓફિસની ઉપર, એમ. જી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**લુહાર સુતાર**

ગામ જેતપુર હાલ ભાયંદર, સ્વ. મગનભાઈ વાલજીભાઈ ઉમરાણિયા સ્વ.મંજુલાબેન, હંસાબેનના પુત્ર ભાવિનભાઈ (ઉં. વ. ૪૮) તા. ૧૪/૯/૨૦૨૬ સોમવારના શ્રીરામચરણ પામ્યા છે. તે દિપાલીબેનના પતિ. સ્વ. જયંતીભાઈ, સ્વ. અરવિંદભાઈના ભત્રીજા. ગામ અમરેલી હાલ ભાયંદર સ્વ. મણીભાઈ પરષોતમભાઈ ડોડિયાના જમાઈ. વત્સલના પિતાશ્રી. પ્રાર્થનાસભા તા. ૧૮/૯/૨૬ શુક્રવારના રોજ સાંજે ૫ થી ૭. સ્થળ: શ્રી લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર કાર્ટર રોડ -૩, વિશ્વકર્મા ચોક બોરીવલી ઇસ્ટ.

**પરજીયા સોની**

ગામ લાઠી હાલ કાંદિવલી, સ્વ. સોની ડાયાલાલ કાશીરામ ભગત સુરૂના પુત્ર કિશોરભાઈ (ઉં. વ. ૭૬) ૧૬/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે જ્યોત્સનાબેનના પતિ. રાજેશ, નિતેશ, ગૌરાંગના પિતા. સ્વ. દેવયાનીબેન, સ્વ. જીતેન્દ્રભાઈ, સ્વ. વિજયભાઈ, સ્વ. રમેશભાઈના ભાઈ. સ્વ. સોની વ્રજલાલ ભાનજીભાઈ ધકાણના જમાઈ. પ્રાર્થનાસભા ૧૮/૯/૨૬ના રોજ ૧૦ થી ૧૨. સોની વાડી, શીમ્પોલ રોડ બોરીવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

દુબઈ વાસી હાલ મુંબઈ, કિરીટભાઈ ગોપાલદાસ ચોટાઈ (ઉં. વ. ૬૬) તા. ૧૪/૦૯/૨૬ના સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વિજયાબેન તથા સ્વ. ગોપાલદાસ પોપટલાલ ચોટાઇના સુપુત્ર, પારુલબેનના પતિ. હિતેશભાઈ તથા સ્વ. રીટાબેન રાજેશકુમાર કુંડલીયાના ભાઈ. હાર્દિકભાઈ તથા અલ્પાબેન વિવેકકુમાર રાજાના પિતાશ્રી. વિવેકકુમાર પ્રવીણભાઈ રાજાના સસરા, નટવરલાલભાઈ ગોંધિયાના ભાણેજ.

### ભાયખલા-નાગપાડા-મઝગાંવ જંકશનના ટ્રાફિકમાં ઘટાડો થશે

# કેબલ સ્ટેડ ફ્લાયઓવર અને આર્મ્સ બ્રિજનું કામ ૨૦૨૮ સુધીમાં પૂરું થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાયખલાના વાય બ્રિજથી જે.જે. ફ્લાયઓવરને જોડનારો જે.જે.રોડ અને સાબૂ સિદ્ધીક ટેક્નિકલ કોલેજ જંકશન પર ફ્લાયઓવરનું કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટમાં મુખ્ય કેબલ-સ્ટે પુલ અને વાય ડક્ટ તેમ જ પૂર્વ-પશ્ચિમને જોડનારા ફ્લાયઓવરને બનાવવામાં આવી રહ્યો છે. પ્રસ્તાવિત ફ્લાયઓવરને કારણે સર જમશેટજી જિજિભાઈ રોડ (જે.જે.) સહિત ભાયખલા, નાગપાડા-મઝગાંવ આ દક્ષિણ મુંબઈના મહત્ત્વના રોડ પરના જંકશન પર ટ્રાફિકમાં ઘટાડો થશે. તેમ જ પ્રવાસનો સમય ઘટી જશે અને પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણ દિશામાં થનારો વાહનવ્યવહાર પણ વધુ ઝડપી બનશે એવો દાવો પાલિકા દ્વારા કરવામાં આવ્યો છે. પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે (પ્રોજેક્ટ) ગુરુવારે પ્રોજેક્ટ સાઈટ પર ઈન્સ્પેકશન કર્યું હતું અને કામનો અહેવાલ લઈને ફ્લાયઓવરનું કામ શક્ય એટલી વહેલી તકે પૂરો કરવાનો નિર્દેશ આપ્યો હતો. પાલિકાના બ્રિજ ડિપાર્ટમેન્ટ અધિકારીના જણાવ્યા મુજબ ભાયખલામાં સીતારામ સિલમ ફ્લાયઓવર (વાય બ્રિજ)થી કુતુબ-એ-કોંકણ મખદૂમ અલી માહિમી ફ્લાયઓવર (જે.જે.ફ્લાયઓવર)ને જોડનારા જે.જે.રોડ અને સાબૂ સિદ્દીકી તંત્રનિકેતન કોલેજ જંકશન સુધી ફ્લાયઓવરનું કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટમાં મુખ્ય કેબલ સ્ટે પુલ અને વાયર ડક્ટ તેમ જ પૂર્વ-પશ્ચિમ બાજુને જોડનારા ફ્લાયઓવર આર્મ્સનો સમાવેશ થાય છે.

અધિકારીના જણાવ્યા મુજબ કોમ્પ્રેહેન્સિવ મોબિલિટી પ્લાન અનુસાર આ ફ્લાયઓવરનું કામ હાથમાં લેવામાં આવ્યું છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ઢસા નિવાસી હાલ, કાંદીવલી વેસ્ટ, સ્વ. જયાબેન ચીમનલાલ શેઠના પુત્ર નિલેશભાઈ (ઉં.વ.૫૯) તા. ૧૫- ૯-૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. જે નીતાબેનના પતિ. રિદ્ધિ અર્પણકુમાર પટેલ, નિકીના પિતાશ્રી. દક્ષા પરેશકુમાર કામદાર, જીજ્ઞેશ, કૃપાલીના ભાઈ. બીપીનભાઈ હરિલાલ કોન્ટ્રાક્ટરના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝા. દશા શ્રીમાળી સ્થા. જૈન**

વિંછીયા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. હરિલાલ નંદલાલ અજમેરાના ધર્મપત્ની ગં.સ્વ. સુભદ્રાબેન (ઉં. વ. ૯૪) તે રાજેશ તથા હેમંતીના માતુશ્રી. જયશ્રીબેન તથા સંજયભાઈ તલસાણીયાના સાસુ. પિયરપક્ષે સ્વ. મોહનલાલ મોતીચંદ શાહના દીકરી. વિનીત, મીરલ અમર શાહ, બિંદી ધવલ શાહ, આનંદ તલસાણીયાના દાદી-નાની. નિકિતાના દાદી સાસુ. તા.૧૬.૦૯.૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વીસા શ્રીમાળી જૈન**

વંથલી સોરઠ નિવાસી હાલ ગ્રાંટરોડ, સ્વ. શશીકાંત લવચંદ વસાનાં ધર્મપત્ની જ્યોત્સ્નાબેન (ઉં. વ. ૭૮) ગુરુવાર તા. ૧૭-૦૯-૨૬ના અરિહંતશરણ પામ્યાં છે. તે અંજલિ, નેમિષનાં માતુશ્રી. ધર્મેશભાઈનાં સાસુ. ધાન્યાનાં નાની. પિયર પક્ષે ધોરાજી નિવાસી પ્રભાશંકર જયશંકર દોશીનાં સુપુત્રી. સાદડી તથા લૌકિક વહેવાર રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયણના કાંતિલાલ મીઠુભાઈ ગડા (ઉં. વ. ૮૪) તા. ૧૨-૯-૨૬ના અવસાન પામેલ છે. રતનબેન મીઠુભાઈના પુત્ર. પ્રભાબેનના પતિ. અરૂણા, લલિતના પિતા. પ્રભાબેન ના ભાઈ. નવાવાસ દેવકાંબેન રતનશી પાલણના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર-ઈ. ટાઈમ. ૪ થી ૫.૩૦.

નાની ખાખરના વસંતલાલ ઠાકરશી સાલિયા (ઉં. વ. ૭૮) તા. ૧૬-૯-૨૬ના અવસાન પામેલ છે. વેજબાઈ ઠાકરશીના પુત્ર, મંજુલાના પતિ. હરખચંદ, ચંદનના ભાઈ, રામાણીયાના લાછબાઈ વેલજી લખમશીના જમાઈ, પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. હીરેન સાલીયા, ૧, કૈલાસ આશિષ, આંબેડકર રોડ, મુલુંડ વે, મું-૮૦.

ભુજપુરના પ્રફુલ માલદે (ઉં. વ. ૬૮) કચ્છમાં તા.૧૩/૯/૨૬ ના અવસાન પામેલ છે. નાનબાઈ જાદવજીના પુત્ર. પ્રવિણાના પતિ. સાહિલ, શીતલ, બિનલના પિતાશ્રી. કલાવતિ, રસિક, લતા, નિતા, ભરત, ફાલ્ગુની, જયંત, રમણ, અનિલના ભાઈ. કાંડાગરા મણીબેન વિસનજી દેવજી દેઢિયાના જમાઈ. પ્રા. શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ સંચાલિત કરસન લઘુ નિસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦.

પત્રીના મોરારજી ઉમરશી સાવલા (ઉં. વ. ૮૪) તા. ૧૫-૯-૨૬ના અવસાન પામેલ છે. રતનબાઈ ઉમરશીના પુત્ર. સ્વ. રંજનબેનના પતિ. ગિતેશના પિતા. ભાણજી, કરમશી, રાજબાઈ, નાનબાઈના ભાઈ. સાડાઉના રતનબેન જેઠાલાલ હંસરાજ ગાલાના જમાઈ. પ્રા. શ્રી કુર્લા ક.વિ.ઓ. સમાજની કુર્લા મહાજન વાડી, એલ.બી.એસ. માર્ગ, (જૂની પોસ્ટ ઓફીસની સામે), કુર્લા (વે), ૩.૦૦ થી ૪.૩૦.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ કાંદિવલી મીરાંબેન રમેશચંદ્ર સંઘાણીના સુપુત્ર મનીષ (ઉં. વ. ૪૮) તા. ૧૬-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મિત્તલના પતિ. યશવી, ફિયોનીના પિતાશ્રી. અભિષેકના મોટાભાઇ, ડોલીના જેઠ. પ્રવિણાબેન પ્રવીણભાઇ કામદાર (ચારણીયાવાળા)ના જમાઇ. ઉષા, ભૂપેન્દ્ર, ચારુ, મહેશ, રમણીકલાલના ભત્રીજા. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૯-૯-૨૬ના બપોરે ૩.૩૦થી ૫.૩૦. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય (મોટા ઉપાશ્રય) એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**ઝાલાવાડી દશા શ્રીમાળી દિગંબર જૈન**

વિંછીયા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ન્યાલચંદ મોહનલાલ ટોળિયાના પત્ની જયાબેન (ઉં. વ. ૮૮) તા. ૧૫-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રાકેશ, રાજેશ્રીબેન, દેવ્યાની બેન, કિમ્પલબેનના મમ્મી. તે છાયાબેન, પરેશભાઇ, સુનીલભાઇ, તથા મનિષભાઇના સાસુ. સ્વ. હરિલાલ, સ્વ. હિંમતભાઇ, સ્વ. ચંદુભાઇ, સ્વ. ચંપકભાઇ, સ્વ. વાડીલાલ, સ્વ. ગજરાબેન મુગટલાલ શાહ તથા સ્વ. મંજુલાબેન પ્રતાપરાય ડેલીવાળાના ભાભી. શ્રેયા તથા દર્શિલના દાદી. રંગપુર નિવાસી સમરતબેન હકમચંદભાઇ મેતલિયાની દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રોળ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. પ્રવીણચંદ્ર રતિલાલ મહેતા તથા સ્વ. હંસાબેનના સુપુત્રી નયના (ઉં. વ. ૬૭) તે સ્વ. પ્રફુલભાઇ, હર્ષાબેન તથા રાજેશભાઇના બહેન. તે નીતાબેન, સ્વાતિબેનના નણંદ. ચેતનભાઇના સાળી. સ્વ. ચંદનબેન, સ્વ. મંજુબેન, સ્વ. લીલમબેન તથા ગજેન્દ્રભાઇની નાની ભત્રીજી. તા. ૧૧-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી જૈન**

ધોરાજી નિવાસી સ્વ. મથુરભાઇ જાદવજી લાઠીયાના ધર્મપત્ની ગં. સ્વ. મંજુલાબેન લાઠીયા (ઉં. વ. ૯૮) તા. ૧૩-૯-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે મોટી પામેલી નિવાસી સ્વ. ફૂલચંદ રાયચંદ શાહના દીકરી. ભૂપેન્દ્રભાઇ, જીતેન્દ્રભાઇ, હરેશભાઇ તથા સ્વ. ભારતીબેન રાજુભાઇ ગાઠાણી, હર્ષાબેન કમલેશભાઇ મહેતા, ભાવનાબેન સતીષભાઇ બાટવીયાના માતુશ્રી. લતાબેન, રીટાબેન તથા સ્વ. આશાના સાસુ. રૂષભ, જય-રોનક-દિપ, મિનલ, ચાંદનીના દાદીમા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ. હસુમતીબેન મનસુખલાલ શાહના સુપુત્ર રાજેશ શાહ (ઉં. વ. ૬૫) તા. ૧૫-૯-૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. તે રૂપાબેનના પતિ. વિધિ દીપ ગુઢકા અને ખુશ્બુ વિનિત મામણીયાના પિતા. ભદ્રેશ, સ્વ. કલ્પના અને પારુલ અતુલકુમાર શાહના ભાઇ. પુષ્પાબેન રજનીકાંત શાહ, (ઘોઘાવાળા) ના જમાઇ. દિપ્તી-નીલેશ, બિંદુ-સંદીપ, અલ્પા-કલ્પેશ, સેજલ-વિજય, જીનલ-કિરિટના બનેવી. ચક્ષુદાન કરેલ છે, અને લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# વેનિસનાં વહાલાં-દવલાં

**ઈટલી ફિલ્મ ફેસ્ટિવલમાં સમાન વિષયની ઈઝરાયલ ડૉક્યુમેન્ટરીને મીડિયાએ વધાવી લીધી જ્યારે પેલેસ્ટાઇનની ડૉક્યુમેન્ટરીની ઉપેક્ષા કરી...**




ડૉક્યુમેન્ટરી 'નાઝા'નું દૃશ્ય અને એના મેકર યુવાલ અબ્રાહમ અને રાચેલ શોર




પેલસ્ટાઇન ડૉક્યુમેન્ટરી 'સિટિઝન ઓસામા' અને ડિરેક્ટર અહમદ હસાના

'વસુંધરાનાં વહાલાં - દવલાં' ઝવેરચંદ મેઘાણીની પ્રસિદ્ધ સામાજિક નવલકથા છે. આ નવલકથાનો મુખ્ય સાર પૃથ્વી (વસુંધરા) પર જીવતા મનુષ્યો વચ્ચેના સામાજિક ભેદભાવ, અન્યાય અને ઉપેક્ષિત લોકોના સંઘર્ષને ઉજાગર કરવાનો છે.

તાજેતરમાં ઈટલીના વેનિસ શહેરમાં આયોજિત ફિલ્મ ફેસ્ટિવલમાં બે દાના દુશ્મન ઈઝરાયલ અને પેલેસ્ટાઇનના ફિલ્મમેકરોએ પેલેસ્ટાઇન નાગરિકોના જીવન - મૃત્યુના સંઘર્ષનું વર્ણન કરતી બનાવેલી બે ડૉક્યુમેન્ટરીને ઉત્તર - દક્ષિણ અનુભવ થયા છે. ઈઝરાયલની ડૉક્યુમેન્ટરી 'નાઝા'ને ફિલ્મ ફેસ્ટિવલનું સ્પેશ્યલ જ્યુરી પ્રાઇઝ અને અગાઉ કોઈને ન મળ્યું હોય એવું ૨૫ મિનિટનું સ્ટૅન્ડિંગ ઓવેશન (સીટ પરથી ઊભા થઈ તાળીઓના ગડગડાટથી દર્શકોનું અભિવાદન) મળ્યું. સાથે ફેસ્ટિવલમાં ભૂખમરો, નુકસાન અને માનસિક આઘાત વચ્ચે પણ પેલેસ્ટાઇન ફોટોગ્રાફરની પોતાની પત્ની અને નવજાત બાળકની સુરક્ષા કરવાની સાથે-સાથે આસપાસની તબાહીને કૅમેરામાં કેદ કરતી અને પેલેસ્ટાઇન તરફથી 'બેસ્ટ ઇન્ટરનૅશનલ ફીચર ફિલ્મ'ની કૅટેગરીમાં ઑસ્કર અવોર્ડમાં સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ થયેલી ફિલ્મ 'સિટિઝન ઓસામા' સુધ્ધાં પ્રીમિયર થઈ હતી, પણ પ્રસાર માધ્યમો (મીડિયા)એ એની સાવ ઉપેક્ષા કરી. એકંદરે 'ગાઝા' અને 'સિટિઝન ઓસામા' વેનિસ ફિલ્મ ફેસ્ટિવલના વહાલાં - દવલાં સાબિત થયાં છે.

આ બંને ફિલ્મ વિશે જાણતા પહેલાં ઈઝરાયલ અને પેલેસ્ટાઇન સમસ્યાની પાર્શ્વભૂમિ જાણવી જરૂરી છે. ઈઝરાયલ અને પેલેસ્ટાઇન વચ્ચેનો સંઘર્ષ એ દુનિયાનો સૌથી જૂનો અને જટિલ વિવાદ છે. આ લડાઈ મુખ્યત્વે જમીન, ધર્મ, અને પોતાના સ્વતંત્ર દેશના અધિકાર માટેની છે.

**NAZA - 'નાઝા' શું છે?**

આ ફિલ્મ ઇઝરાયેલી સૈન્ય અને ઇન્ટેલિજન્સ એજન્સીઓના બે ડઝન અનામીના ઇન્ટરવ્યૂ અને જુબાની પર આધારિત છે. ગાઝા પર કરવામાં આવેલા હુમલાઓમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (AI) અને જનસમુદાય પર સતત અને વિશાળ પાયે નજર રાખતી પદ્ધતિ (માસ સર્વેલન્સ સિસ્ટમ)નો ઉપયોગ કરી નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

ફિલ્મનું શીર્ષક 'NAZA' હિબ્રુ મિલિટરીનો એક શબ્દ પ્રયોગ અથવા એક્રોનિમ (ટૂંકું નામ) છે. લશ્કરી ભાષામાં એનો અર્થ 'કોલેટરલ ડેમેજ' (સામૂહિક નુકસાન) થાય છે. સરળ ભાષામાં કહીએ તો એનો અર્થ એ થાય કે હવાઈ હુમલા પહેલાં જ કેટલા સામાન્ય નાગરિકો માર્યા જશે એનો અંદાજ ઇન્ટેલિજન્સ સિસ્ટમને આવી જતો હતો. ફિલ્મ માત્ર યુદ્ધની ભયાનકતા જ નહીં, પણ આયોજનબદ્ધ કિલિંગ ચેઇન સિસ્ટમને પર્દાફાશ કરવાનો પ્રયાસ કરે છે. ફિલ્મમાં કરવામાં આવેલા ખુલાસાઓને કારણે ઇઝરાયલ સરકારમાં રાજકીય વિવાદ થયો છે. ઇઝરાયેલના સાંસ્કૃતિક બાબતોના પ્રધાને બંને ઇઝરાયેલી ડાયરેક્ટર્સ પર દેશદ્રોહનો આરોપ મૂકી તેમની નાગરિકતા છીનવી લેવાની ધમકી પણ આપવામાં આવી છે. આ ડૉક્યુમેન્ટરીના મેકર યુવાલ અબ્રાહમ અને રાચેલ શોર ઑસ્કર વિજેતા દિગ્દર્શક જોડી છે. ૨૦૨૪માં અન્ય બે પેલેસ્ટિનિયન ફિલ્મ મેકર સાથે તેમણે બનાવેલી No Other Land ડૉક્યુમેન્ટરીને બેસ્ટ ડૉક્યુમેન્ટરી ફીચર ફિલ્મનો ઑસ્કર અવોર્ડ મળ્યો હતો. એ ફિલ્મમાં ઈઝરાયલી લોકો દ્વારા પેલેસ્ટિનિયન લોકોની અવદશા કેન્દ્રમાં હતી.

**Citizen Osama- 'સિટિઝન ઓસામા' શું છે?**

આ ફિલ્મ ગાઝા પટ્ટીની યુદ્ધની વાસ્તવિકતા અને ત્યાંના પત્રકારોના જીવનને અત્યંત નિકટતાથી દર્શાવે છે. ફિલ્મમાં ગાઝામાં પત્રકાર ઓસામાના સંઘર્ષ અને પારિવારિક વેદનાના સચોટ ચિત્રણને રજૂ કરવામાં આવ્યું છે. ફિલ્મના ડિરેક્ટર અહમદ હસાના ગાઝા વિસ્તારમાં અટવાયા હોવાથી બહાર નીકળી ન શક્યા તેથી સ્ક્રીનિંગ વખતે ફિલ્મ ફેસ્ટિવલમાં તેઓ હાજર રહી નહોતા શક્યા. આ ડૉક્યુમેન્ટરીને પણ તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવી હતી. જોકે મીડિયાનો સપોર્ટ ન મળ્યો. વેનિસમાં પ્રીમિયર થયા પછી પણ આ ડૉક્યુમેન્ટરીને યુએસ અને અન્ય ઠેકાણે ડિસ્ટ્રિબ્યુશન માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. મીડિયા સપોર્ટ ઓછો મળવાને કારણે ફિલ્મને સામાન્ય પ્રેક્ષકો સુધી પહોંચાડવામાં અગવડ પડી રહી છે.


**વહાલાં - દવલાં કેમ?**

બંને ફિલ્મમાં ગાઝા પટ્ટીમાં ચાલી રહેલા યુદ્ધ અને ત્યાંના લોકો પર તેની વિનાશક અસરો દર્શાવવામાં આવી છે. નાગરિકોના મૃત્યુ અને સંઘર્ષ પડદા પર રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એકંદરે બંને ફિલ્મમાં પેલેસ્ટિનિયન નાગરિકોની વેદના કેન્દ્રમાં છે તો પછી વહાલાં - દવલાં કેમ? સવાલ સાત કરોડનો છે. મીડિયા સપોર્ટની અસમાનતા માટે વિવિધ કારણો આપવામાં આવ્યાં છે. 'નાઝા'માં દિગ્દર્શકોએ ફોકસ અપરાધીઓ પર રાખી વર્ણનાત્મક શૈલીનો ઉપયોગ કર્યો છે, જ્યારે 'સિટિઝન ઓસામા'માં વાર્તા મુખ્યત્વે દૃશ્યોથી રજૂ થઈ છે અને પીડિતો કેન્દ્રમાં છે. એક મુખ્ય કારણ એ પણ ગણાવવામાં આવ્યું છે કે 'નાઝા' મેન કૉમ્પિટિશનમાં રજૂ થઈ હતી. આ ફિલ્મોને પ્રાઇમ-ટાઇમ સ્લૉટ, નામાંકિત આંતરરાષ્ટ્રીય ફિલ્મ વિવેચકોની અચૂક સમીક્ષાઓ અને રેડકાર્પેટ પ્રેસ કવરેજ મળે છે. 'સિટિઝન ઓસામા' વેનિસ ઓપન - આઉટ ઑફ કૉમ્પિટિશનમાં દર્શાવવામાં આવી હતી. આ વિભાગમાં રજૂ થતી ફિલ્મોને મુખ્ય વિભાગ જેવો પ્રમોશનમાં સપોર્ટ, મીડિયા કવરેજ કે અન્ય કોઈ મદદ નથી મળતી. 'નાઝા'ના દિગ્દર્શકો નામાંકિત છે અને ઑસ્કાર અવોર્ડ મેળવી ચૂક્યા છે - આ કારણો પણ ફિલ્મનું વજન વધારે પડે. બીજું એક કારણ એ પણ અપાયું છે કે 'નાઝા'માં સરકારને સીધો પડકાર ફેંકવામાં આવ્યો હોવાથી વિવાદ જાગ્યો અને ફિલ્મ ચર્ચાને ચોતરે ચડી. જોવા માટે ઉત્સુકતા વધી. બીજી તરફ 'સિટિઝન ઓસામા'એ અસ્તિત્વ ટકાવી રાખતા પિતા અને ફોટોગ્રાફરના માનવીય દૃષ્ટિકોણને પેશ કર્યો. એમાં સનસનાટીની બાદબાકી હતી. ■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# બંગાળનો ઉત્તમ 'મહાનાયક': ૧૦૦ વર્ષ નોટ આઉટ!



ઉત્તમ સાચા અર્થમાં હોલિવૂડ કક્ષાનો સ્ટાર હતો.
- સત્યજિત રે

મારામાં રહેલા અભિનેતાને સત્યજિત રેની 'નાયક' ફિલ્મથી મુક્તિ મળી.
- ઉત્તમ કુમાર



'નાયક'માં શર્મિલા ટાગોર-ઉત્તમ કુમાર

૧૯૬૬માં ભારતના અતિ નામાંકિત નિર્દેશક સત્યજિત રેએ 'નાયક' ફિલ્મ બનાવી, જેમાં હીરો ફિલ્મોનો સુપરસ્ટાર 'અરિંદમ મુખર્જી' હતો. એક તરફ એક સ્ટારની સફળ ફિલ્મો, અનેક એવોર્ડ્ઝ, ચાહકોની ભીડ, અપાર નામના ને બીજી બાજુ એની અંદર ભાવિનો ડર, ભૂતકાળની ભૂલો ને આજની એકલતા. ફિલ્મ જોઈને ઘણાને લાગ્યું કે સત્યજિત રેએ દરેક દૃશ્યમાં એક સ્ટાર-કલાકાર ઉત્તમ કુમારની અંદર છુપાયેલા સાચુકલા આદમીને પડદા પર સાકાર કર્યો છે, પણ ખરેખર તો ઉત્તમને નવાઈ લાગતી કે આટલો સફળ હીરો 'અરિંદમ' આટલો દુ:ખી શા માટે છે?

બંગાળના દિલીપકુમાર ગણાતા ઉત્તમ કુમારના જન્મને હમણાં ૧૦૦ વર્ષ પૂરા થયા. આ અવસરે સમગ્ર પશ્ચિમ બંગાળમાં ઠેરઠેર ઉત્તમની જૂની ફિલ્મો નવા રૂપે ફરી ફેસ્ટિવલોમાં રજૂ થઇ રહી છે. જોકે 'નાયક'નો આ મહાનાયક એક દિવસમાં સ્ટાર નહોતો બન્યો.

૩ સપ્ટેમ્બર, ૧૯૨૬ના રોજ ઉત્તર કોલકાતામાં જન્મેલ ઉત્તમનું સાચું નામ અરુણ હતું. એમના પિતા સતકરી ચટ્ટોપાધ્યાય કોલકાતાના મેટ્રો સિનેમામાં પ્રોજેક્ટર પર પિકચરની રીલ ચઢાવીને રોજ પ્રેક્ષકોને ફિલ્મો દેખાડતા. પછી વર્ષો બાદ ૧૯૫૭માં એ જ મેટ્રો સિનેમામાં 'ચંદ્રનાથ' લાગી, પણ આ વખતે પડદા પર સતકરીનો પોતાનો જ દીકરો ઉત્તમ કુમાર હીરો તરીકે હતો. છેને સોલીડ ફિલ્મી કથા?!

બાળપણમાં ઉત્તમના પિતા તથા કાકાની 'સુહૃદ સમાજ' નામે નાટક કંપની હતી. નાનકડો ઉત્તમ છૂપાઈને રિહર્સલ જોતો. પછી નાટક કંપની બંધ થઇ અને ઉત્તમ જુવાનીમાં પોર્ટ કમિશનર્સની ઓફિસમાં દિવસે ક્લાર્કગીરી કરતા ને સાંજે નાટકમાં અભિનય.

ઉત્તમ કુમારને ફિલ્મોમાં થોડા ચાન્સ તો મળ્યા પણ શરૂઆતની ફિલ્મો એક પછી એક ફ્લોપ. બંગાળી ફિલ્મોવાળા ઉત્તમને 'ફ્લોપ માસ્ટર જનરલ' કહેતા. ઉત્તમે ફિલ્મો છોડીને ફરી નોકરી કરવાનું વિચાર્યું. પત્ની ગૌરીએ રોક્યા કે જે કામમાં મન જ નથી લાગતું ત્યાં પાછા જઈને શું કરશો?

આખરે છેક ૧૯૫૨માં 'બસુ પરિવાર' ફિલ્મ ચાલી. પછી 'સાડે ચુઆત્તોર'માં હીરોઇન હતા સાક્ષાત્ સુચિત્રા સેન. એ પછી તો 'અગ્નિપરીક્ષા', 'હરાનો સુર', 'સપ્તપદી' જેવી ફિલ્મો સાથે ઉત્તમ અને સુચિત્રાની જોડી ૩૦-૩૦ બંગાળી ફિલ્મોમાં છવાઈ ગઈ. એ બંનેનાં રોમાન્સની એક નાજુક ભાષા હતી. આજના જેવાં કિસિંગ સીન કે બેડરૂમ સીન નહોતાં. ઉત્તમની નજર સુચિત્રા પર થોડી વધુ વાર થંભે, સુચિત્રાના હોઠ પર અડધું સ્મિત આવે અને બસ. પ્રેક્ષકો સમજી જાય કે આ બંને પ્રેમમાં છે!

જોકે હીરોઇન સાવિત્રી ચેટર્જી સાથે પણ ઉત્તમની જોડી વખણાઈ. શરૂઆતમાં સાવિત્રીને નાટકમાં લેવા ઉત્તમ એમના ઘરે ગયેલા તો સાવિત્રીના પિતાએ ઉત્તમ પાસે સીધા એડવાન્સમાં પૈસા માગી લીધા! સાવિત્રી શરમાઈ ગયાં, પણ ઉત્તમે તરત ખિસ્સામાંથી ૫૦ રૂપિયા કાઢીને આપી દીધા. પછી એ જ સાવિત્રી સફળ અભિનેત્રી બન્યાં. એકવાર ફિલ્મી પાર્ટીમાંથી ઉત્તમ અચાનક જવા લાગ્યા. સૌએ કારણ પૂછ્યું તો ઉત્તમે કહ્યું, કાલે સાવિત્રી સાથે સીન છે, જો બરોબર તૈયારી નહીં કરું તો સાવિત્રી સેટ પર મને કાચો ખાઇ જશે. ત્યારે ઉત્તમ ઓલરેડી બંગાળના સૌથી મોટા સ્ટાર તરીકે નામના મેળવી ચૂકયા હતા!

શરૂ શરૂમાં ઉત્તમના ઉચ્ચારોની ટીકા થતી. પછી એમણે ભાષા ને અવાજ પર મહેનત કરી. વાળની લટ, થોડું ઝૂકેલું માથું, સિગારેટ પકડવાની અદા, આંખોની રમત અને લોભામણું સ્મિત એમની ઓરિજિનલ સ્ટાઇલ બની ગઇ.

૧૯૫૭માં બર્લિન ફિલ્મ ફેસ્ટિવલ વખતે વિદેશી મીડિયાએ પણ આ અનોખી પર્સનાલિટીના વખાણ કરેલા. એ જમાનામાં કલાકારો થિયેટરની છેલ્લી સીટ સુધી ડાયલોગ સંભળાવતા હોય એમ જોરજોરથી બરાડતા, પણ ઉત્તમ કુમાર, પાસે બેઠેલા કોઇ મિત્ર સાથે વાત કરતા હોય એટલી સહજતાથી, નજાકતથી સંવાદો બોલતા.

બોલીવૂડમાં ઉત્તમની 'છદ્મબેશી' પરથી ઋષિકેશ મુખર્જીએ હિંદીમાં 'ચુપકે ચુપકે' બનાવી, પણ 'નિશી પદ્મા' ફિલ્મનો ઇતિહાસ મજેદાર છે. બિભૂતિભૂષણ બંદોપાધ્યાયની વાર્તા 'હિંગેર કચોરી' પરથી બનેલી 'નિશી પદ્મા' પરથી શક્તિ સામંતે, રાજેશ ખન્ના અને શર્મિલા ટાગોર સાથે 'અમર પ્રેમ' તરીકે બનાવી. કહેવાય છે કે રાજેશ ખન્નાએ ફિલ્મ જોઇ, પણ ઉત્તમનાં પેંગડામાં પગ મૂકવાની હિમ્મત ના ચાલી. રાજેશ ખન્નાએ ચેલેંજ રૂપે રોલને સમજવા 'નિશી પદ્મા' અનેક વાર જોઈ. રાજેશ ખન્ના ઉત્તમને પોતાના આદર્શ માનતા ને એમની સ્ટાઇલનો ઝીણવટથી અભ્યાસ કરતા.

ગ્લેમર લાઇન બહું અજીબ છે. જે ઉત્તમની બંગાળી ફિલ્મો, હિન્દીમાં રીમેક થઇને ખૂબ ચાલી, એ જ ઉત્તમે પોતાની બંગાળી હિટ 'અગ્નિપરીક્ષા' વૈજયંતીમાલા સાથે હિન્દીમાં 'છોટી સી મુલાકાત' તરીકે લખલૂંટ ખર્ચે બનાવી, પણ ફિલ્મ ફ્લોપ ગઇ ને મોટું આર્થિક નુકસાન થયું. ન જાણે કેમ અભિનયના દાદા એવા ઉત્તમ કુમાર હિંદીમાં સ્ટાર ના બની શક્યા. જોકે અપવાદ રૂપે ૧૯૭૫માં શક્તિ સામંતની 'અમાનુષ' બંગાળી ને હિન્દી બંનેમાં ચાલી. કિશોર કુમારનું 'દિલ ઐસા કિસીને મેરા તોડા...' ગીત પણ ખૂબ લોકપ્રિય થયેલું.

૧૯૬૭ની ફિલ્મો માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં પહેલી વાર 'શ્રેષ્ઠ અભિનેતા'નો એવોર્ડ શરૂ થયો, જે ઉત્તમ કુમારને મળ્યો. ઇંટેરેસ્ટિંગ વાત એ છે કે એ એવોર્ડ એમને એક નહીં, બે ફિલ્મો-'એન્ટની ફિરિંગી' અને સત્યજિત રેની 'ચિડિયાખાના' માટે મળેલો. એક જ કલાકારને બે ફિલ્મો માટે એવોર્ડ મળે એવું પહેલીને છેલ્લીવાર બનેલું.

ફિલ્મોમાં ઉત્તમ જેટલા રોમેંટિક હતા એટલું અંગત જીવન ફૂલગુલાબી નહોતું. ૧૯૪૮માં ગૌરી સાથે લગ્ન થયાં. પછી અભિનેત્રી સુપ્રિયા દેવી ઉત્તમના જીવનમાં આવી. ૧૯૬૩થી ઉત્તમ સુપ્રિયા સાથે રહેવા લાગ્યા. જોકે ગૌરી સાથે કાયદેસર છૂટાછેડા થયા નહોતા. સુપ્રિયા જીવનના અંત સુધી એમની સાથે રહ્યાં.

૨૩ જુલાઈ, ૧૯૮૦ 'ઓગો બધુ સુંદરી'નું શૂટિંગ ચાલતું હતું. સીડી ચડીને પાછા ઊતરવાનો સીન હતો. પહેલો ટેક થયો પણ ઉત્તમને શોટ ન ગમ્યો. એમણે ફરી શૂટ કરવા કહ્યું. પછી ફરી..ફરી..ફરી. આમ કુલ ૭ ટેક થયા. ૨૦૦થી વધુ ફિલ્મો, કરોડો ચાહકો, બંગાળમાં 'મહાનાયક'નું બિરુદ મળી ચૂકેલું, છતાંયે કેમેરા સામે આ મહાનાયક હજી ખુદના કામથી ખુશ નહોતો અને અતિશય શ્રમને લીધે એ રાત્રે તબિયત લથડી. બીજા દિવસે, ૨૪ જુલાઈએ માત્ર ૫૩ વર્ષની ઉંમરે ઉત્તમ કુમાર ગયા. વિદાય આપવા કોલકાતાના રસ્તાઓ પર ચાહકોનો દરિયો ઊમટ્યો. એ ભીડ જે એમને ક્યારની કહી ચૂકી હતી કે 'ઉત્તમ, તમે ઉત્તમ જ છો.' પણ છેલ્લે સુધી ઉત્તમની અંદરનો અભિનેતા કહેતો રહ્યો,

**'ના, હજી ફરી શૂટ કરીએ?!'** ■

હેન્રી શાસ્ત્રી


ફ્લેશ બેક

# દિલ ને ફિર યાદ કિયા: બંધુ ત્રિપુટીની કમાલ

## ૬૦ વર્ષ પહેલાં આવેલી ફિલ્મના નિર્માણ, દિગ્દર્શન, કથા અને પટકથાની મહત્ત્વની જવાબદારી ત્રણ રાવલ ભાઈઓએ પાર પાડી હતી

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભાઈઓની જોડીના કેટલાક નામાંકિત ઉદાહરણ છે. એમાંય વિશેષ ધ્યાન ખેંચે છે ત્રણ ભાઈ (બંધુ ત્રિપુટી)નું યોગદાન. આ યાદી પર નજર નાખતા ખ્યાલ આવે છે કે મોટાભાગની ત્રિપુટીમાં કાં તો ત્રણેય ભાઈ એક્ટર હોય અથવા કમ સે કમ એક તો અભિનેતા હોય જ. સૌથી પહેલા યાદ આવે કપૂર બંધુઓ - રાજ કપૂર, શમ્મી કપૂર અને શશી કપૂર. જોકે, આ ત્રણેય ભાઈઓએ અભિનય ઉપરાંત નિર્માતા - દિગ્દર્શકની જવાબદારી પણ નિભાવી છે. બીજી પ્રખ્યાત જોડી છે ગાંગુલી ભાઈઓની. અશોક કુમાર, અનુપ કુમાર અને કિશોર કુમાર. અનુપ કુમાર કેવળ એક્ટિંગ, જ્યારે અભિનય ઉપરાંત દાદામોનીએ પ્રારંભિક કાળમાં જૂજ ગીતો ગાયા જ્યારે કિશોર કુમારએ તો એક્ટિંગ, સિંગિંગ ઉપરાંત ફિલ્મમેકિંગના અનેક પહેલુ પર હાથ અજમાવ્યો હતો. આનંદ બંધુઓમાં ચેતન આનંદ લેખક અને નિર્માતા - દિગ્દર્શક અને વિજય આનંદ તેમજ દેવ આનંદ ફિલ્મ નિર્માણ અને દિગ્દર્શન ઉપરાંત એક્ટિંગ પણ કરી. પુરી બ્રધર્સ (મદન પુરી, ચમન પુરી, અમરીશ પુરી) નાથ ભાઈઓ (પ્રેમનાથ, રાજેન્દ્ર નાથ, નરેદ્ર નાથ) કેવળ અભિનય પૂરતા સીમિત રહ્યા. ખાન બંધુઓ (ફિરોઝ ખાન, સંજય ખાન, અકબર ખાન) અભિનય સિવાય ફિલ્મમેકિંગ તરફ પણ વળ્યા. કપૂર ખાનદાનની નવી પેઢી (રણધીર કપૂર, રિશી કપૂર, રાજીવ કપૂર) અભિનયમાં અગ્રેસર રહ્યા પણ ફિલ્મમેકિંગમાં એમની દાળ બહુ ગળી નહીં. સલમાન, અરબાઝ, સોહેલ ખાન ત્રિપુટીમાં એકટિંગમાં સલમાનને મળી એની ચોથા ભાગનો યશ પણ બાકીના બે ભાઈના ભાગે ન આવ્યો. અરબાઝ અને સોહેલ નિર્માતા અને દિગ્દર્શક બન્યા પણ ગજું ન કાઢી શક્યા.

આવા બંધુ ત્રિપુટીમાં એક ઉદાહરણ એવું છે જે આજે વિસરાઈ ગયું છે. એક્ટિંગના માધ્યમથી છેટું રાખનારા આ ભાઈઓએ ફિલ્મ નિર્માણ, ફિલ્મ દિગ્દર્શન અને ફિલ્મ ગીતકારના સ્વરૂપમાં યોગદાન આપ્યું છે. આ બંધુ ત્રિપુટી એક સમયે રાવલ બંધુ તરીકે જાણીતી હતી. ચમનલાલ (સી. એલ. રાવલ) ફિલ્મ દિગ્દર્શક હતા, બનવારી લાલ (બી.સી. રાવલ) ફિલ્મ નિર્માતા અને ગીતકાર ગુલઝારી લાલ (જી. એલ. રાવલ). રાવલ ત્રિપુટીની પ્રખ્યાત ફિલ્મ 'દિલ ને ફિર યાદ કિયા'ને ૬૦ વર્ષ પૂરા થયા છે એ નિમિત્તે આ વિસરાઈ ગયેલી બંધુ ત્રિપુટીને જાણીએ.



ધર્મેન્દ્ર - નૂતનઃ ફિલ્મ 'દિલ ને ફિર યાદ કિયા'

આ ભાઈઓની અટક રાવલ હતી, પણ તે ગુજરાતી નહોતા. ૧૯૪૭ના વિભાજન પછી પંજાબથી મુંબઈ આવી વસેલા રાવલ બંધુઓને વ્યવસાય કરવાની તાલાવેલી હતી. આપસી વિચાર વિમર્શ પછી ફિલ્મમેકિંગમાં ઝંપલાવવું એવી સહમતી થઈ. રસપ્રદ વાત એ હતી કે બનવારી લાલ પૈસાની લેવડદેવડ અને વ્યવસ્થા કાર્યમાં નિપુણ હોવાથી તેમણે નિર્માતા બનવાનું પસંદ કર્યું. બીજા બે ભાઈ સર્જનાત્મક કૌશલ ધરાવતા હોવાથી ચમન લાલએ મુખ્યત્વે ફિલ્મ દિગ્દર્શકની જવાબદારી સંભાળવાનું નક્કી કર્યું. ગુલઝારી લાલને લેખન - વાંચન માટે વિશેષ પ્રીતિ હોવાથી પટકથા - સંવાદ લેખક તેમજ ગીતકાર તરીકે રોલ અપનાવી લીધો. ભાઈઓએ પારિવારિક ફિલ્મ કંપની 'રાવલ ફિલ્મ્સ' સ્થાપી. ચમન લાલ અને ગુલઝારી લાલ પર રાજ કપૂરની ફિલ્મોનો પ્રભાવ હોવાથી રાવલ ફિલ્મ્સના લોગોમાં આર. કે. ફિલ્મ્સના લોગો સાથે સામ્ય જોવા મળે છે. પંજાબી કનેક્શન રાવલ બંધુઓને આઈ. એસ. જોહર સુધી દોરી ગઈ જે એ સમયે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લોકપ્રિય થઈ રહ્યા હતા. મુલાકાતની ફલશ્રુતિ 'મિસ ઈન્ડિયા' (૧૯૫૭)માં થઈ. ફિલ્મના પ્રમુખ કલાકાર હતા નરગીસ, પ્રદીપ કુમાર, પ્રાણ અને આઈ. એસ. જોહર. ફિલ્મના કથા, પટકથા, સંવાદ લેખક અને દિગ્દર્શક તરીકે આઈ. એસ. જોહરનું નામ છે, પણ સ્ટોરી આઈડિયા જી. એલ. રાવલનો છે, પ્રોડક્શન કંટ્રોલર તરીકે સી. એલ. રાવલનું નામ છે અને પ્રોડ્યુસરની ક્રેડિટ બી. એલ. રાવલને આપવામાં આવી હતી. ફિલ્મ બોક્સ ઓફિસ પર કેવી નીવડી એની ખાતરીલાયક માહિતી ઉપલબ્ધ નથી, પણ રિવ્યુમાં એની પ્રશંસા કરવામાં આવી હતી. ટૂંકમાં રાવલ બંધુના ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આગમનની નોંધ લેવાઈ હતી.

બંધુ ત્રિપુટીની બીજી ફિલ્મ હતી 'કોલેજ ગર્લ' (૧૯૬૦) જેમાં શમ્મી કપૂર અને વૈજયંતિમાલા લીડ રોલમાં હતા. યુવા વર્ગને આકર્ષતી આ ફિલ્મ સફળ સાબિત થઈ અને રાવલ બંધુના ઉત્સાહમાં ઉભરો આવ્યો. ૧૯૬૩ની ફિલ્મ 'દિલ હી તો હૈ'થી રાવલ ભાઈઓ એક કદમ આગળ વધ્યા. રાજ કપૂર - નૂતન અભિનીત ફિલ્મમાં ડિરેક્ટર તરીકે પી. એલ. સંતોષી સાથે સી. એલ. રાવલનું નામ છે. ૧૯૫૦ - ૬૦ના દાયકામાં મુસ્લિમ સોશ્યલ ફિલ્મોનું ચલણ હતું.'દિલ હી તો હૈ' એ પ્રકારની ફિલ્મ છે જેના બે ગીત (મુકેશનું 'તુમ અગર મુજકો ન ચાહો તો કોઈ બાત નહીં' અને મન્ના ડેનું 'લાગા ચુનરી મેં દાગ છુંપાઉં કૈસે') ત્યારે સુપરહિટ થયા હતા અને આજે પણ લોકો ભૂલ્યા નહીં હોય. ફિલ્મને ફાંકડી સફળતા મળી અને...

... અને ૧૯૬૬માં આવેલી 'દિલ ને ફિર યાદ કિયા' ફિલ્મનું ડિરેક્શન રાવલ ભાઈએ કર્યું હતું. આ ફિલ્મની ક્રેડિટ લાઈનમાં બંધુ ત્રિપુટી છવાઈ ગઈ હતી. ફિલ્મના દિગ્દર્શક હતા સી. એલ. રાવલ, નિર્માતા બી. એલ. રાવલ, કથા - પટકથા, સંવાદ લેખક અને ગીતકાર હતા જી. એલ. રાવલ. સંગીતકાર હતા, સોનિક ઓમી જેમની ફિલ્મ કારકિર્દીનો પ્રારંભ અહીંથી થયો. ફિલ્મનાં બે ગીત (લતાદીદીનું 'આ જા રે પ્યાર પુકારે, નૈના તો રો રો હારે' અને રફી, સુમન કલ્યાણપુર અને મુકેશનું ટાઇટલ સોન્ગ 'દિલ ને ફિર યાદ કિયા બર્ક સી લેહરાઈ હૈ') રસિકોને બહુ જ ગમ્યા હતા. જોકે, ફિલ્મ બોક્સ ઓફિસ પર ઊંધે માથે પટકાઈ. ત્યારબાદ 'આબરૂ' (૧૯૬૮) અને સી. એલ. રાવલના પુત્ર ધીરજ કુમારને લોન્ચ કરવા મુમતાઝ સાથે 'લડકી પસંદ હૈ' (૧૯૭૧) બનાવી, જેને સરિયામ નિષ્ફળતા મળી.

એક અલગ પ્રયાસ તરીકે રાવલ બંધુઓએ ૭૦ના દાયકામાં રાજ કપૂર અને અશોક કુમારને લઈ 'ચોર મંડલી' ફિલ્મ બનાવવાની શરૂઆત તો કરી પણ આર્થિક તંગીને કારણે ફિલ્મ અભરાઈ પર ચડાવી દેવી પડી અને રાવલ બંધુ ત્રિપુટી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી ગાયબ થઈ ગઈ. ■

---

મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# દિવ્યા દત્તા

## મુઠ્ઠી ઊંચેરી અભિનય પ્રતિભા ધરાવતી અભિનેત્રી

દિવ્યા દત્તા બોલિવૂડની આ એવી અભિનેત્રી છે, જેણે જયારે-જયારે સહાયક ભૂમિકા કે કેન્દ્રિય ભૂમિકાઓ ભજવી છે ત્યારે તેના અભિનયનાં ખૂબ જ વખાણ થયાં છે, પણ તેણે મુખ્ય ભૂમિકા ભજવી છે ત્યારે ફિલ્મ ફ્લૉપ થતાં તેની મહેનત પર પણ પાણી ફરી વળ્યું છે. હિન્દી ફિલ્મોમાં તેણે બધા જ પ્રકારની ભૂમિકાઓ ભજવી છે, ઇમોશનલ હોય કે કૉમેડી, નેગેટિવ હોય કે પૉઝિટિવ દરેક પ્રકારની ભૂમિકામાં તે દીપી ઊઠી છે.

૧૯૯૪માં 'ઇશ્ક મેં જીના ઇશ્ક મેં મરના'નામની ફિલ્મથી બોલિવૂડમાં પ્રવેશ કરનારી દિવ્યા દત્તાને ઘણી જગ્યાએ તેની 'હાઇટ' પણ નડી છે. તેની આ પહેલી ફિલ્મમાં તે મુખ્ય અભિનેત્રી હતી, પણ આ ફિલ્મ ક્યારે આવી અને ક્યારે ચાલી ગઈ એ ખબર પણ નથી પડી. ત્યાર પછી ૧૯૯૫માં તેની સલમાન ખાન સાથેની ફિલ્મ 'વીરગતિ' આવી. આ ફિલ્મમાં પણ તે મુખ્ય અભિનેત્રી હતી, પણ આ ફિલ્મ ખુદ વીરગતિ પામી અર્થાત્ બૉક્સ ઑફિસ પર નિષ્ફળ નીવડી. આ બે ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી તરીકે કામ કર્યા પછી તેને હીરોઇનની બહેનપણી કે બીજી સાઇડની ભૂમિકા મળવા લાગી અને આવી ફિલ્મો ચાલી જતાં તેને પણ એવી જ ભૂમિકાઓ મળવા લાગી અને તે એક અચ્છી અભિનેત્રી છે તે તેણે એકવાર નહીં, પણ અનેકવાર સાબિત કર્યું છે. હાલમાં જ તેની મનોજ બાજપાઇ સાથેની 'લાસ્ટ મેન ઇન ટાવર'નામની ફિલ્મ રિલીઝ થઇ છે. એમાં તેણે શ્રીમતી પુરીની ખૂબ જ જટિલ કહેવાય એવી ભૂમિકા ભજવી છે. જોકે 'હનુમાન અંશ', 'હૈવાન' અને 'મિર્ઝાપુર ધ મુવી'ની વચ્ચે આ ફિલ્મ ક્યારે આવી તેની કોઈને જાણ સુધ્ધાં ન થઈ.



દિવ્યા દત્તા અત્યારે ૪૭ વર્ષની છે. માત્ર ૧૭ વર્ષની ઉંમરે તેણે હિન્દી ફિલ્મોમાં અભિનયની શરૂઆત કરી છે અને લગભગ ૩૦ વર્ષની કારકિર્દી દરમિયાન તેણે ૭૦થી ૮૦ ફિલ્મોમાં અભિનય કર્યો છે. ૨૦૧૧નું વર્ષ દિવ્યા દત્તા માટે ખાસ રહ્યું હતું. આ વર્ષમાં તેની નવ ફિલ્મો રજૂ થઈ હતી અને તેની દરેક ભૂમિકા વખણાઈ પણ હતી. તેમાં તેની સૌથી લોકપ્રિય ફિલ્મ 'સ્ટેનલી કા ડબ્બા' રહી હતી. આ ફિલ્મ 'ઓફ બીટ' પ્રકારની હતી, પણ તેમાં તેની ભૂમિકા કેન્દ્રીય હતી.

દિવ્યા દત્તાએ હિન્દી ઉપરાંત પંજાબી, નેપાળી અને એક અંગ્રેજી ફિલ્મ 'ધ લાસ્ટ લિયર'માં પણ અભિનય કર્યો છે. રિતુપર્ણો ઘોષની આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન, પ્રિટી ઝિંટા, અર્જુન રામપાલ જેવાં કલાકારો હતાં. આ ફિલ્મ ટોરોન્ટો ઇન્ટરનૅશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં રજૂ કરવામાં આવી હતી. તેને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો, પણ ફિલ્મમાં દિવ્યા દત્તાનું કામ ફિલ્મ સમીક્ષકો દર્શકોને ગમ્યું હતું.

પંજાબના લુધિયાણામાં દિવ્યાનો જન્મ નલિની દત્તાને ત્યાં થયો છે. દિવ્યા માત્ર સાત જ વર્ષની હતી ત્યાં તેના પિતાનું અવસાન થયું હતું. માતા નલિનીએ દિવ્યા અને તેના ભાઈને સંભાળ્યાં હતાં અને એકલા હાથે તેમનો ઉછેર કર્યો હતો. દિવ્યાએ નાનાપણથી જ ખૂબ સંઘર્ષ જોયો છે અને તેને અંગત જિંદગીમાં જે અનુભવો થયા છે, તે તેણે રૂપેરી પડદા પર દર્શાવવાની કોશિશ કરી છે.

૨૦૧૩માં કરણ જોહર નિર્મિત ફિલ્મ 'ગિપ્પી' રજૂ થઇ હતી. આ ફિલ્મમાં દિવ્યા અને એના ભાઈને તેની માતાએ એકલે હાથે જે રીતે ઉછેર કર્યો એમાંથી પ્રેરણા લઇને 'પાપી'ની ભૂમિકા ભજવી હતી. માત્ર પાંચ ફૂટ બે ઇંચની ઊંચાઇ ધરાવનારી દિવ્યાએ પોતાની અભિનય પ્રતિભાથી નામના મેળવી છે અને ફિલ્મની ભૂમિકા કરતી વખતે તેણે પોતાની ઊંચાઇને નડતરરૂપ થવા દીધી નથી.

ફિલ્મોની સાથે-સાથે જ દિવ્યાએ ટેલિવિઝન શ્રેણી અને ઓટીટી પર રજૂ થનારી શ્રેણીઓમાં પણ અભિનય કર્યો છે, ૨૦૧૫-૨૦૧૬ દરમિયાન તેણે 'સ્ટાર ભારત' પર આવનારા 'સાવધાન ઇન્ડિયા' શોમાં સંચાલકની ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત ઓટીટી પર રજૂ થયેલા 'સ્પેશ્યલ ઓપ્સ'મા પણ તેની ભૂમિકા વખણાઈ હતી.

દિવ્યાને ૨૦૧૭માં 'નેશનલ અવૉર્ડ'માંથી પણ નવાજવામાં આવી છે. 'ભાગ મિલ્ખા ભાગ' ફિલ્મમાં તેણે મિલ્ખા સિંહની બહેનની ભૂમિકા ભજવી હતી અને આ ભૂમિકા માટે તેને 'નેશનલ અવોર્ડ્સ' મળ્યો હતો. ૨૦૨૦માં ઓટીટી ૨ આવેલી 'સ્પેશ્યલ ઓપ્સ' માટે 'ફિલ્મફેર'નો અવૉર્ડ્સ મળ્યો હતો. તેણે 'ધ સ્ટાર્સ ઇન માય સ્કાય' નામનું એક પુસ્તક પણ લખ્યું છે.

સન ૧૯૯૯માં તેણે 'શહીદે મહોબ્બત બૂટા સિંહ' નામની પંજાબી ફિલ્મમાં અભિનય કર્યો હતો. આ તેની ગુરદાસ માન સાથેની ફિલ્મ હતી. ત્યાર પછી તેણે ઘણી પંજાબી ફિલ્મોમાં અભિનય કર્યો હતો અને ત્યાં તેને સફળતા પણ મળી હતી. આ ઉપરાંત તેણે સમર, રાજાજી અને તબાહી-ધ ડિસ્ટ્રોયર જેવી ઘણી પંજાબી ફિલ્મોમાં અભિનય કર્યો છે.

૨૦૦૧માં તેણે રોમાન્ટિક નેપાલી ફિલ્મ 'બસંતી'માં અને પછીના જ વર્ષે એટલે કે ૨૦૦૨માં 'માયા ઊમરા' નામની બીજી એક નેપાળી ફિલ્મમાં તેણે અભિનય કર્યો હતો. ૨૦૦૪માં આવેલી યશ ચોપરાની 'વીરઝારા'થી તેણે બૉક્સ ઑફિસ પર પણ સફળતા મળવા લાગી હતી.

આપબળે આગળ આવેલી દિવ્યાએ પોતાની ઓછી હાઇટને અભિનય ક્ષમતાથી ઢાંકી દીધી છે અને હવે તેની ગણના એક અચ્છી અભિનેત્રી તરીકે થવા લાગી છે.

દિવ્યા દત્તાએ મનોજ બાજપાઇથી માંડીને સલમાન ખાન, શાહરુખ ખાન, જિમી શેરગીલ, સુનીલ શેટ્ટી, સૈફઅલી ખાન, આદિત્ય પંચોલી, જેકી શ્રોફ, નાના પાટેકર, ગોવિંદા, અનિલકપૂર, શરદ કપૂર, મુકુલદેવ, નસીરુદ્દીન શાહ, અમિતાભ બચ્ચન જેવા ટોચના કલાકારો સાથે અભિનય કર્યો છે અને ટિકિટબારીએ ફ્લૉપ સાબિત થયેલી ફિલ્મોમાં પણ દિવ્યા દત્તાના અભિનયનાં વખાણ જ થયાં છે. ■

---

OTTનું હોટસ્પોટ

## ૧૯ થી પચીસ સપ્ટેમ્બર વચ્ચે જોવા જેવું શું છે...

આ અઠવાડિયે ઓટીટી પર બે નવા ગેમ શો ચાલુ થઈ રહ્યા છે. તેમાંથી એક સોની લીવ અને સોની ટીવી પર શનિવાર અને રવિવાર રાતે ૯.૩૦ વાગ્યે શરૂ થશે, 'હીટમેન' તરીકે ઓળખાતો ક્રિકેટર રોહિત શર્મા આ ગેમ દ્વારા મનોરંજનની દુનિયામાં અભિનયની દુનિયામાં ડગ માંડી રહ્યો છે. 'ફેમિલી ફુલ હાઉસ વિથ રોહિત શર્મા' આ ગેમ શોનું સંચાલન રોહિત શર્મા કરી રહ્યો છે.

તે જ દિવસથી એટલે કે ૧૯ સપ્ટેમ્બરથી જિયો હોટ સ્ટાર પર પણ એક 'ગેમ શો' શરૂ થઈ રહ્યો છે, જેનું નામ છે 'ઇન્ડિયા કે ટૉપ વન પરસંટ'. આ શોનું સંચાલન અનિલકપૂર કરવાનો છે. આ એક ક્વિઝ શો છે.

**જિયો હોટસ્ટાર :**

આ ચૅનલ પર ૧૮ સપ્ટેમ્બરે હુંકાર અને મોબલેન્ડ સિઝન-ટુનું પ્રસારણ શરૂ થવાનું છે.

**નેટફ્લિક્સ :**

ઓટીટીની આ ખૂબ લોકપ્રિય ચૅનલ પર ૨૪ સપ્ટેમ્બરે મિસ્ટ્રી થ્રીલર 'શક' શરૂ થશે. આ સિરીઝ દ્વારા પરિણીતી ચોપરા ઓટીટી પર પુનરાગમન કરી રહી છે. એમાં તેની સાથે તાહિર રાજ હુસૈન, સોની રાઝદા, જેનીફર વિન્ગેટ, સુમીત વ્યાસ અને હાર્લિન શેઠી જેવાં કલાકાર છે. અહીં ૨૪ સપ્ટેમ્બરે જ 'અ ડિફરન્ટ વર્લ્ડ' નામની સિરીઝનું પ્રસારણ પણ શરૂ થવાનું છે.

દરમિયાન ૧૮ સપ્ટેમ્બરે (આજે) અમેરિકન કૉમેડી 'બેસ્ટ ઑફ બેસ્ટ' અને ઝાકિર ખાન સ્પેશ્યલમાં કૉમેડિયન ઝાકિર ખાન પોતાના બાળપણની વાતો પોતાના અંદાજમાં જણાવીને દર્શકોને હસાવશે.

**એમેઝોન પ્રાઇમ વીડિયો :**


અહીં ૨૫ સપ્ટેમ્બરે 'ડોન્ટ બી શાય' નામની ફિલ્મનું પ્રસારણ શરૂ થશે અને આજે (૧૮ સપ્ટેમ્બરે) 'લવ હાઈપોથિસીસ' નામની સિરીઝનું પ્રસારણ જોવા મળશે. ■

---

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## આ તે કેવી એક કૉમેડિયનની ટ્રેજેડી



રાજપાલ યાદવ

પડદા પર દર્શકોને પેટ પકડીને હસાવનારા અભિનેતા રાજપાલ યાદવ અત્યારે વાસ્તવિક જિંદગીમાં ભારે મુશ્કેલીમાં ફસાયા છે.

સુપ્રીમ કોર્ટમાં એમની કૉમિક ટાઇમિંગ કોઈ કાળે કામમાં નથી આવી. ૨૦૧૦ની એક ફિલ્મ માટે લીધેલી લોન અને સાત-સાત ચેક બાઉન્સ થવાના જૂના કેસમાં વ્યાજ સાથે રકમ વધીને અગિયાર કરોડ સુધી પહોંચી ગઈ છે. અગાઉ આ મામલે સાડા ચાર મહિના જેલવાસ ભોગવી ચૂકેલા રાજપાલ વારંવાર કોર્ટના આદેશોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા છે, જેના લીધે અદાલત આ વખતે ભારોભાર નારાજ થઈ ગઈ છે.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતની ખંડપીઠે અભિનેતાને બરાબર આડે હાથ લેતાં સણસણતી ટિપ્પણી કરી કે 'તમે ડ્રામા કરવામાં એકદમ પાવરધા છો, પરંતુ આ કોર્ટ છે!' કોર્ટના આ લક્ષણ જોઈને રાજપાલના પક્ષે ભારે આર્થિક તંગીની લાચારી રજૂ કરવામાં આવી. તેમના વકીલે જણાવ્યું કે બોલિવૂડના મિત્રો પાસેથી મદદ મેળવીને બાકી નાણાં ચૂકવવાનો પાકો રોડમૅપ તૈયાર કરવામાં આવશે.

છેવટે સર્વોચ્ચ અદાલતે સરેન્ડર થવામાંથી પાંચ ઑક્ટોબર સુધીની મુદત વધારીને છેલ્લી તક આપી છે. જોકે આ રાહત સાથે શરત મૂકી છે કે આગામી બે સપ્તાહમાં કોર્ટ રજિસ્ટ્રીમાં પૂરા બે કરોડ રૂપિયા રોકડા જમા કરાવવા પડશે. હવે જોવાનું એ રહેશે કે બોલિવૂડના સાથીઓ રાજપાલની વહારે આવે છે કે પછી આગળ નવો હાઈ-વોલ્ટેજ ડ્રામા સર્જાય છે!

## ભાઈજાનનું થિયેટર- 'ધુરંધર' ફિલ્મ ને કિંગ ખાન દર્શક!



સલમાન ખાન



શાહરુખ ખાન



આદિત્ય ધર

બોલિવૂડમાં બે ખાન વચ્ચેની ભાઈબંધી વિશે જેટલી વાતો કરીએ તેટલી ઓછી પડે! તાજેતરમાં શાહરુખ ખાને પોતાના લોકપ્રિય Ask SRK સેશન દરમિયાન આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર: ધ રિવેન્જ'નાં ભરપૂર વખાણ કરીને સૌ કોઈને ચોંકાવી દીધા હતા.

હવે આ મામલે અંદરખાનેથી એક રસપ્રદ અને ગરમાગરમ ગપસપ બહાર આવી છે. સમગ્ર દુનિયા આ ઍક્શન-થ્રિલર ફિલ્મ જુએ તે પહેલાં એટલે કે રિલીઝના એક દિવસ અગાઉ જ કિંગ ખાને સહપરિવાર આખી ફિલ્મ માણી લીધી હતી!

સૌથી મજેદાર વળાંક તો એ છે કે શાહરુખે ડિરેક્ટર આદિત્ય ધરને ખાસ સ્ક્રીનિંગ ગોઠવવા કહ્યું હતું અને આ ખાસ શો ક્યાં યોજાયો ખબર છે?

ભાઈજાન સલમાનના પ્રાઇવેટ પ્રિવ્યૂ થિયેટરમાં! શાહરુખ અહીં એકલા નહોતા ગયા- તેમની સાથે તેમનો આખો પરિવાર અને ખાસ દોસ્ત કરણ જોહર પણ ફિલ્મ અને પૉપકૉર્નની મજા લેવા પહોંચી ગયા હતા.

જોકે સલમાન પોતે પોતાના આ દોસ્તો સાથે બેસીને ફિલ્મ જોવા હાજર રહ્યા હતા કે નહીં, એ વાત પર હજુ સુધી સસ્પેન્સનો પડદો છે!

ફિલ્મ જોયા પછી શાહરુખે ડિરેક્ટર આદિત્ય ધર સાથે ખાસ વાતચીત કરીને ઉત્સાહભેર તેમની પીઠ થાબડી હતી. ભાઈજાનનું આલીશાન થિયેટર, બાદશાહની હાજરી, નવા સુપરસ્ટાર રણવીર સિંહની ફિલ્મ અને કરણ જોહરનો સાથ, આને કહેવાય બી-ટાઉન કા અસલી ધમાકા!

## બે મહારથી વચ્ચે યુદ્ધવિરામ?

સિનેમાજગતમાં ફિલ્મો કરતાં પણ વધુ રોમાંચક ડ્રામા પડદા પાછળ ચાલતો હોય છે. મલ્ટિપ્લેક્સ અને પ્રોડ્યુસર્સ જેવા બે મહારથીઓ વચ્ચે 'વર્ચ્યુઅલ પ્રિન્ટ ફી' (VPF) નામનો જૂનો માથાનો દુખાવો હવે કદાચ કાયમ માટે ગાયબ થઈ જશે એવા વાવડ છે. અગાઉ આ જ મામલે 'જોલી એલએલબી ૩' વખતે બુકિંગ રોકાઈ જતાં જે બબાલ મચી હતી અને 'સૈયારા' તેમ જ 'વૉર ૨' સંબંધિત જે વિવાદો સામે આવ્યા હતા, તેના કારણે કૉમ્પિટિશન કમિશન ઑફ ઇન્ડિયા (CCI) તપાસમાં લાગી ગઈ હતી. હવે આ ગરમાગરમી વચ્ચે દેશની સૌથી મોટી ચેન પીવીઆર આઇનોક્સે સફેદ ઝંડી લહેરાવીને તમામ ફિલ્મો માટે VPF સંપૂર્ણપણે નાબૂદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

VPF એટલે જે સમયે રીલ આવતી એને ડિજિટલમાં કન્વર્ટ કરવા અત્યાર સુધી પ્રોડ્યુસર્સે ફિલ્મ રિલીઝ થતાં પહેલાં જ સ્ક્રીનદીઠ અંદાજે ૨૦,૦૦૦ રૂપિયા ઍડ્વાન્સમાં પધરાવવા પડતા હતા. હવે તો બધી જ ફિલ્મો ડિજિટલ જ હોય છે તો પણ થિયેટરો આ ચાર્જ લે છે. નવા પ્રસ્તાવ મુજબ આ ઍડ્વાન્સ ઉઘરાણી બંધ થશે અને તેના બદલે શોદીઠ નાનો સર્વિસ ચાર્જ અથવા સામાન્ય રેવન્યુ શેરિંગ જેવા વિકલ્પો મળશે.

જો આ દરખાસ્ત વાસ્તવમાં અમલમાં મુકાશે તો સૌથી મોટો ફાયદો નાના અને મધ્યમ બજેટના ફિલ્મમેકર્સને થશે. રિલીઝ પહેલાં લાખો રૂપિયાનું ઍડ્વાન્સ ભારણ ઘટતાં તે લોકો નિર્ભયપણે ફિલ્મોને મલ્ટિપ્લેક્સમાં વધુ સ્ક્રીન્સ પર રિલીઝ કરી શકશે. પ્રાદેશિક સિનેમાને બળ મળશે અને ટિકિટનાં ગણિત સુધરતાં આખરે સિનેમાઘરોની રોનક પાછી ફરશે. ટૂંકમાં, હવે નિર્માતાઓ ચેનથી શ્વાસ લેશે, પરંતુ અભી તો રુકો! હજી તો આ પ્રસ્તાવ માત્ર છે અને ખરેખર તો 'પિક્ચર અભી બાકી હૈ, મેરે દોસ્ત!' ■

## કટ એન્ડ ઓકે...


*ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટની શાહરુખ, અજય અને ટાઇગર વિરુદ્ધની કાર્યવાહી રદ કરવા બાબત 'વિમલ ઈલાઈચી'ની વિનંતી-અરજી દિલ્હી હાઈ કોર્ટે ફગાવી દીધી છે.*

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# કહાની એક... દાવેદાર અનેક!


## એક જ વર્ષમાં એક જ વ્યક્તિ પરની અનેક ફિલ્મ્સનો આ સંયોગ જાણો છો?


થોડાં જ અઠવાડિયા પહેલાં લોકપ્રિય ફિલ્મ 'હનુમાન અંશ' રિલીઝ થઈ, જે નીમ કરોલી બાબાના જીવન અને તેમના પ્રભાવથી પ્રેરિત હતી. રસપ્રદ વાત માત્ર એટલી નથી કે આ વિષય પર ફિલ્મ બની. રસપ્રદ વાત એ છે કે આ જ વર્ષમાં નીમ કરોલી બાબા પર આધારિત બીજી ફિલ્મ 'શ્રી બાબા નીબ કરોરી મહારાજ' પણ આવી ચૂકી છે એટલે કે થોડા મહિનાના અંતરે એક જ આધ્યાત્મિક વ્યક્તિત્વ પર બે ફિલ્મ્સ દર્શકો સુધી પહોંચી. સામાન્ય દર્શક માટે આ સંયોગ લાગતો હોય, પરંતુ ફિલ્મ ઇન્ડસ્ટ્રી માટે આ કોઈ નવી વાત નથી.




સિનેમાની દુનિયામાં એક વિચિત્ર ટેવ છે. કોઈ એક ફિલ્મમેકરને કોઈ રસપ્રદ ઐતિહાસિક વ્યક્તિ, સંત, ક્રાંતિકારી, રાજકારણી કે સેલિબ્રિટી પર ફિલ્મ બનાવવાનો વિચાર આવે અને અચાનક એવું લાગે કે દેશભરના બીજા ઘણા ફિલ્મમેકર્સને પણ એ જ વ્યક્તિમાં રસ પડી ગયો. જાણે બધા એક જ સમયે એક જ વિચાર સુધી પહોંચી ગયા હોય. પરિણામે એક જ વ્યક્તિ પર એકસાથે અનેક ફિલ્મ્સ, વેબ સિરીઝ અથવા બાયોપિક્સ બનવા લાગે છે.

જોકે આ ટ્રેન્ડ નવો નથી. તેનું એક જૂનું ઉદાહરણ ૧૯૬૬માં જોવા મળ્યું હતું. એ વર્ષે નેતાજી સુભાષચંદ્ર બોઝ પર આધારિત બે ફિલ્મ્સ આવી હતી 'સુભાષ ચંદ્ર' અને 'નેતાજી સુભાષચંદ્ર બોઝ'. ભારતના સૌથી રહસ્યમય અને પ્રભાવશાળી સ્વાતંત્ર્ય સેનાનીના જીવનને બંને ફિલ્મ્સએ પોતાની રીતે રજૂ કરવાનો પ્રયાસ કર્યો. એ સમયે પણ લોકોને આશ્ચર્ય થયું હતું કે એક જ વર્ષે એક જ વ્યક્તિ પર બે ફિલ્મ્સ કેમ આવી રહી છે.




પરંતુ આવી ઘટનાનો સૌથી મોટો અને ચર્ચાસ્પદ દાખલો ૨૦૦૨માં જોવા મળ્યો. એ વર્ષ જાણે ભગતસિંહના નામે લખાયું હોય એવું લાગતું હતું. મે મહિનામાં સોનુ સુદ અભિનીત 'શહીદ-એ-આઝમ' આવી. જૂનમાં અજય દેવગણ અભિનીત 'ધ લેજન્ડ ઓફ ભગત સિંહ' આવી. એ જ સમયગાળામાં '૨૩થર્ડ માર્ચ ૧૯૩૧: શહીદ' પણ આવી જેમાં બોબી દેઓલ હતો.

થોડાં અઠવાડિયાંના અંતરે ત્રણ ફિલ્મ્સ, ત્રણ અલગ અભિગમ, ત્રણ અલગ સ્ટારકાસ્ટ અને એક જ ક્રાંતિકારી. ભારતીય સિનેમાના ઇતિહાસમાં આ એક અનોખી ઘટના હતી. દુર્ભાગ્યે, ત્રણેય ફિલ્મ્સ એકબીજાની સ્પર્ધક બની ગઈ. દર્શકોનું ધ્યાન વહેંચાઈ ગયું અને બોક્સ ઓફિસ પર તમામ ફિલ્મ્સને તેની અસર પડી. એક જ મહાન વ્યક્તિની વાર્તા કહેવાની હોડમાં ફિલ્મ્સ એકબીજાને જ નુકસાન પહોંચાડતી હોય છે.

લગભગ બે દાયકા પછી આ જ ઘટના ફરી રાણી લક્ષ્મીબાઈ સાથે બની. જાન્યુઆરી ૨૦૧૯માં કંગના રનૌતની 'મણિકર્ણિકા: ધ ક્વીન ઓફ ઝાંસી' આવી. ત્યારબાદ નવેમ્બરમાં 'ધ વોરિયર ક્વીન ઓફ ઝાંસી' રિલીઝ થઈ. ફરી એકવાર બે અલગ ટીમને લાગ્યું કે દર્શકો આ જ ઐતિહાસિક વ્યક્તિત્વની વાર્તા જોવા તૈયાર છે. એક ફિલ્મ વધુ મોટા બજેટ અને સ્ટાર પાવર સાથે આવી, બીજી તુલનાત્મક રીતે નાની હતી, પરંતુ સવાલ એ જ રહ્યો કે એક જ સમયે બંનેને આ જ વિષય કેમ યાદ આવ્યો?

૨૦૧૯માં જ બીજું રસપ્રદ ઉદાહરણ જોવા મળ્યું. સામાન્ય ચૂંટણીના સમયગાળામાં 'મોદી: જર્ની ઓફ અ કોમન મેન' વેબ સિરીઝ આવી અને તેના થોડા સમય પછી 'પીએમ નરેન્દ્ર મોદી' ફિલ્મ રિલીઝ થઈ. એક જ રાજકીય વ્યક્તિત્વ એક જ સમયગાળામાં બે અલગ માધ્યમમાં દર્શકો સામે હાજર હતું. કોઈ પણ રાજકીય અભિપ્રાયથી દૂર રહીને જોઈએ તો પણ આ ઇન્ડસ્ટ્રીના એ જ જૂના સ્વભાવનું ઉદાહરણ હતું.




તાજેતરનાં વર્ષોમાં પણ આ પેટર્ન ચાલુ જ છે. ૨૦૨૫માં 'સંત તુકારામ' અને 'અભંગ તુકારામ' જેવી ફિલ્મ્સ આવી. આ બધા ઉદાહરણને એકસાથે જોઈએ ત્યારે એવું માનવું મુશ્કેલ બને છે કે આ બધું માત્ર સંયોગ છે. તેનું સૌથી સરળ કારણ એ છે કે ફિલ્મમેકર્સ ઘણીવાર એક જ સાંસ્કૃતિક વાતાવરણને પ્રતિસાદ આપી રહ્યા હોય છે. કોઈ ઐતિહાસિક વ્યક્તિની જન્મજયંતી હોય, કોઈ ખાસ વર્ષગાંઠ હોય, કોઈ રાજકીય ચર્ચા ચાલી રહી હોય અથવા સોશ્યલ મીડિયા પર કોઈ નામ ફરી ચર્ચામાં આવ્યું હોય ત્યારે એકસાથે ઘણા સર્જકોનું ધ્યાન એ જ વિષય તરફ જાય છે. લોકો પહેલેથી જ એ વ્યક્તિને ઓળખતા હોય છે. માર્કેટિંગ સરળ બની જાય છે અને નિર્માતાઓને લાગે છે કે જોખમ થોડું ઓછું રહેશે. કેટલાક પહેલા રિલીઝ કરવા માંગે છે. કેટલાકને લાગે છે કે તે વધુ સારી ફિલ્મ બનાવી શકે છે અને કેટલાકને માત્ર એટલો જ ડર હોય છે કે ક્યાંક એક મોટો મોકો હાથમાંથી ન નીકળી જાય.

બાયોપિક્સમાં આ બાબત વધુ સ્પષ્ટ દેખાય છે, કારણ કે કોઈ પણ ઐતિહાસિક વ્યક્તિ પર કોઈનો કોપિરાઇટ નથી. ભગતસિંહ કોઈના નથી. સુભાષચંદ્ર બોઝ કોઈના નથી. રાણી લક્ષ્મીબાઈ કોઈની નથી. એકવાર કોઈ વ્યક્તિ જાહેર સ્મૃતિનો ભાગ બની જાય પછી કોઈપણ ફિલ્મમેકર તેની વાર્તા કહી શકે છે. ત્યાંથી એક પ્રકારની દોડ શરૂ થાય છે.

સિનેમામાં પ્રેરણા ઘણીવાર ચેપી હોય છે. ક્યારેક કોઈ વ્યક્તિ લોકપ્રિય બને છે. ક્યારેક કોઈ ફિલ્મ લોકપ્રિય બને છે અને ક્યારેક એ વ્યક્તિ પર ફિલ્મ બનાવવાનો વિચાર જ લોકપ્રિય બની જાય છે, દર્શકો ટિકિટ ખરીદે એ પહેલાં જ! ■

**લાસ્ટ શોટ**


*૨૦૧૯માં આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને તેલુગુ સિનેમાના દિગ્ગજ સ્ટાર એન.ટી. રામા રાવના જીવન પર જાન્યુઆરીમાં 'એનટીઆર: કથાનાયકુડુ' અને ફેબ્રુઆરીમાં 'એનટીઆર: મહાનાયકુડુ' બે ભાગમાં આવી અને માર્ચમાં 'લક્ષ્મીઝ એનટીઆર' પણ આવી.*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (૨૦૭)

**આ ફિલ્મમાં ચુરા, ચુરાકે, ચુરાયી જેવા શબ્દ કયા ગીતમાં આવે છે?**



૧) મૈં ખિલાડી તું અનાડી
૨) યાદો કી બારાત
૩) દિલ કા રિશ્તા
૪) જોશ
૫) કરીબ
૬) ઇશ્ક
૭) અકેલે હમ અકેલે તુમ

### ક્વિઝ (૨૦૮)

**આ કલાકારોની એક એવી ફિલ્મનું નામ જેમાં ચોર શબ્દ આવતો હોય?**


૧) શશી કપૂર - મુમતાઝ
૨) આદિત્ય પંચોલી - પૂજા ભટ્ટ
૩) ધર્મેન્દ્ર - તનુજા
૪) નસીરુદ્દીન શાહ- નીલમ
૫) વિજય આનંદ- લીના ચંદાવરકર
૬) રાજેશ ખન્ના - નીતુ સિંહ
૭) શત્રુઘ્ન સિન્હા - બિંદિયા ગોસ્વામી

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ફિલ્મનામા
નરેશ શાહ

# પાકિસ્તાન જઈને એક ખબરી પકડે છે પગેરું...

મલોય ક્રિષ્ન ધર ભારતના ઈન્ટેલિજન્સ બ્યુરોના એક ઉચ્ચ પદાધિકારી છે. છેલ્લાં બે દશક કરતાં વધુ સમયથી નિવૃત્ત મલોય ધર ૨૦૦૫ની સાલમાં ફરી ચર્ચામાં આવેલાં, કારણ કે ત્યારે તેમણે પોતાના જાતઅનુભવના આધારે 'ઓપન સિક્રેટ: ઈન્ડિયાઝ ઈન્ટેલિજન્સ અનવીલ્ડ (ખુલ્લા રાઝ: ભારત કે ખુફિયા જગત કા અનાવરણ) પુસ્તક લખેલું, જેમાં તેમણે ભારત માટે કામ કરતી ખાનગી ઈન્ટેલિજન્સ સંસ્થાઓ, તેની કાર્યશૈલી અને મર્યાદાઓની વાત કરેલી. આમ જુઓ તો (પોતાના કાર્યકાળ દરમિયાનની) વાતો કે તેનું એનાલિસિસ કરવું એ પ્રોટોકોલ અને સર્વિસ કરાર મુજબ વિશ્વાસઘાત જ ગણાય, કારણ કે રાજદ્વારી કક્ષાએ અમુક વાતો કદી જાહેર પ્લેટફોર્મ પર વ્યક્ત કરી શકાતી નથી. એની વે, બંગાળમાં જન્મેલા મલોય કૃષ્ણ ધર ૨૦૨૨ પછી ફરી ચર્ચામાં આવ્યા હતા અને 'ધુરંધર' ફિલ્મ પછી તો ખાસ યાદ આવ્યા છે. નિમિત્ત છે ધરનું જ એક પુસ્તક: 'મિશન ટૂ પાકિસ્તાન' (એન ઈન્ટેલિજન્સ એજન્ટ ઈન પાકિસ્તાન)!




ઈન્ટેલિજન્સ બ્યુરોના ઉચ્ચ પદેથી રિટાયર થયા પછી મલોય ધરે (અનેક પુસ્તકોની જેમ) 'મિશન ટૂ પાકિસ્તાન' પુસ્તક સત્ય ઘટનાઓ પર આધારિત રહીને લખ્યું હતું, જેમાં ભારતની ગુપ્તચર સંસ્થા પાકિસ્તાનની બોર્ડર પરની હિલચાલ પાછળની બાતમી લાવવા માટે એક ભારતીય એજન્ટને પ્લાન્ટ કરે છે. એ એજન્ટ પાકિસ્તાનમાં નકલી ઓળખ સાથે એક અસલી પાકિસ્તાની પરિવારનો સદસ્ય બનીને ગોઠવાઈ જઈને ઉચ્ચ લેવલની સૈન્યની લગતી ઈન્ફોર્મેશન ભારતને પહોંચાડે છે, જેને કારણે ૧૯૬૬માં અખનૂર બોર્ડર પર પાકિસ્તાન સામેનું આપણું ધિંગાણું મહિનાઓ સુધી ચાલવાની બદલે માત્ર સોળ દિવસમાં આટોપાઈ ગયેલું. પાકિસ્તાને યુનોમાં જઈને નાક લીટી તાણવી પડેલી અને પછી અખનૂર તેમ જ કાશ્મીરમાં પારોઠના પગલાં ભરવા પડ્યા હતાં.

'મિશન ટૂ પાકિસ્તાન' નામના મલોય કૃષ્ણ ધરના આ સાચુકલા પ્રસંગો - બનાવો અને ખાનગી વાતોને હાઈલાઇટસ કરતાં પુસ્તક પરથી 'મુખબીર: અ સ્ટોરી ઓફ સ્પાય' નામની વેબસિરીઝ ડિરેક્ટર શિવમ નાયર અને જયપ્રદ દેસાઈએ બનાવી છે, જે 'ઝી ફાઈવ' ઓટીટી પ્લેટફોર્મ પર છે.

ઓવર ટૂ વેબસિરીઝ.

'મુખબીર'નો અર્થ છે બાતમીદાર -ખબરી અને આ વેબસિરીઝ 'મિશન ટૂ પાકિસ્તાન' પર નહીં, પણ આ પુસ્તક પર આધારિત છે. મતલબ કે જરૂર લાગી ત્યાં નાટકીયતા કે ટ્વિસ્ટ લાવવા માટે પાંચ લેખક (અસીમ અરોરા, સૌરભ સ્વામી, વૈભવ મોદી, કરણ ઓબેરોય, અરશદ સૈયદ) એ પોતપોતાની આંગળી ટેઢી કરી છે, પણ ઝાઝી સુયાણીવાળી કહેવતની જેમ અહીં વૈતર વંઠ્યું નથી. 'મુખબીર' વેબસિરીઝ પ્રમાણમાં ઘણી સારી રીતે બનાવવામાં આવી છે. એ સાચી ઘટનાઓની વાત કરતી હોવાથી તેમાં લાલ બહાદુર શાસ્ત્રી, ઈન્દિરા ગાંધી, પાકિસ્તાનના જનરલ આહ્યા ખાન પણ આપણને જોવા મળે છે. મોટાભાગની સિરિયલનું લોકાલ ૧૯૭૦ના દશકનું લાહોર, પાકિસ્તાન છે અને આર્ટ ડિરેક્ટર એ ફીલ લાવવામાં સફળ થયા છે કે આપણે સતત પાકિસ્તાનમાં હોઇએ એવું લાગે છે.

પુસ્તક આધારિત વેબસિરીઝની કહાણી એવી છે કે આપણા માટે પાકિસ્તાનમાં રહીને કામ કરતાં એક ફળનો વેપારી પકડાઈ જતાં આઈએસઆઇના ઝૈદી (દિલીપ શંકર - જસ્ટ સુપર્બ) તેને શૂટ કરી દે છે પણ ૧૯૬૨ પછી પાકિસ્તાન સાથેના તંગ બનેલા વાતાવરણને કારણે એક જાસૂસને પાકિસ્તાનમાં ઘૂસાડવો જરૂરી છે અને મૂર્તિ (પ્રકાશ રાજ) નામના અફસર એક અનાથ મુસ્લિમ યુવાનને હરફન બુખારી (ઝૈન ખાન દુરાની) બનાવીને લાહોરમાં, વાઘા બોર્ડરથી ઘુસાડે છે.

હરફન બુખારીએ છેક પાકિસ્તાનના જનરલ આહ્યા ખાન (પરફેક્ટ કલાકાર હર્ષ છાયા)ના દિમાગમાં ચાલતાં કાવતરુંનું પગેરું મેળવીને ભારતને સચેત કરવાનું છે અને આ આખું મિશન કઈ રીતે પાર પડે છે તેની વાત 'મુખબીર' વેબ સિરિઝમાં છે.

યાદ રહે, 'મુખબીર'માં ૧૯૬૫ના સમયકાલની વાત છે એટલે અમુક વાતો, સિક્યોરિટી, સાધનો, માધ્યમોને એ જમાનાને ધ્યાનમાં રાખીને જોવી પડે છે. કેટલીક વાતો જો કે સરળતાથી ગળે ઉતરતી નથી. જેમ કે, હરફન બુખારીને લાહોરના બુખારી પરિવારના માજી કે અન્ય સભ્યો સ્વીકારી લે છે. હરફન બુખારી પાકિસ્તાનના સર્વોચ્ચ જનરલ આહ્યા ખાનના બંગલમાં ઘૂસી જાય અથવા આહ્યા ખાનની ગાયિકા - રખાત અનારના ઘરમાં છુપાવવા માટેના હરફનના પ્રયાસો...

આ લખનારની દૃષ્ટિએ 'મુખબીર' જોવાનું મજબૂત કારણ અલગ છે. આપણા ભારતીય કલાકારોએ પાકિસ્તાની તરીકે કરેલો અભિનય ખરેખર દર્શનીય છે. 'મુખબીર'માં દિલીપ શંકર, હર્ષ છાયા તો અભિનયમાં અવ્વલ જ રહ્યાં છે પણ એ ઉપરાંત ઝોયા અફરોઝ, સત્યદિપ મિશ્રા, અતુલ કુમાર, સુશિલ પાંડે, ઈત્યાદિ ઈત્યાદિ કલાકારોનો અભિનય જોઈને પણ દિલ ખુશ થઈ જાય છે. એ પણ યોગાનુયોગ છે કે 'તનાવ' (ઈઝરાયલી સિરીઝ 'ફૌદા'ની રિ-મેક)ની જેમ 'મુખબીર'માં પણ મુખ્ય મુદ્દો કાશ્મીર જ છે. ■

ફોકસ
ડી.જે.નંદન

# શું ૪૦+ માટે... બોલિવૂડ હવે ફિલ્મો નથી બનાવતું?

એક સમયે સિનેમા ફક્ત યુવાનીના પ્રેમ, કોલેજની મિત્રતા અને નૃત્ય વિશે જ નહોતું. ભારતીય મધ્યમ વર્ગ માટે પરિવાર સાથે ફિલ્મો જોવા જવું એ વિકેન્ડની પરંપરા હતી. માતા-પિતા, બાળકો અને દાદા-દાદી સાથે સિનેમા જતા, અને સ્ટોરી એવી હતી કે બધી ઉંમરના પ્રેક્ષકો તેમના પોતાના સંબંધો, સંઘર્ષો અથવા સપનાં જોઈ શકતાં. પરંતુ આજે સવાલ એ ઊઠી રહ્યો છે કે શું બોલિવૂડે ૪૦ વટાવી ચૂકેલા દર્શકોને ભુલાવી દીધા છે? આ સવાલ એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે કારણ કે ૪૦+ દર્શકોનો કોઈ નાનો કે અદૃશ્ય વર્ગ નથી. સમસ્યા એ નથી કે તેઓ ફિલ્મો જોવા નથી માગતા, પરંતુ શું તેમના માટે ફિલ્મો બનાવવામાં આવી રહી છે જેના માટે તેઓ ઘરની બહાર નીકળીને થિયેટરમાં જાય?

**આંકડા શું દર્શાવે છે?**

માર્ચથી મે ૨૦૨૬ દરમિયાન જારી કરાયેલ ઓરમેક્સ બોલિવૂડ ઓડિયન્સ રિપોર્ટ ૨૦૨૬ એ હિન્દી સિનેમાઘરોના દર્શકોની તસવીરને એક નવી રીતે સામે મૂકી છે. ૨,૦૦૦ નિયમિત થિયેટર જનારા દર્શકો પર કરવામાં આવેલા સંશોધનના આધારે આ રિપોર્ટ ભારતમાં વધુ ઉંમર ધરાવતા આશરે ૨.૮૫ કરોડ નિયમિત હિન્દી ફિલ્મ જોનારા દર્શકોના બજારને દર્શાવે છે. આ રિપોર્ટમાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ ફિલ્મોની બોક્સ ઓફિસ કમાણીનો ૫૭ ટકા હિસ્સો ૩૦ વર્ષથી ઓછી ઉંમરના દર્શકોનો છે. પહેલા દિવસની કમાણીમાં યુવા દર્શકોનો હિસ્સો વધીને ૭૦ ટકા થઈ જાય છે. આનો સીધો અર્થ એ નથી કે ૩૦+ કે ૪૦+ દર્શકો મહત્ત્વના નથી. આ આંકડો ફક્ત એ જ દર્શાવે છે કે નિર્માતાઓએ શરૂઆતની કમાણી માટે યુવાનોને પોતાનું પ્રાથમિક લક્ષ્ય માનવાનું શરૂ કર્યું છે. એટલા માટે ફિલ્મની વાર્તા, પ્રમોશન અને સ્ટાર કાસ્ટ નક્કી કરતી વખતે ૧૫-૩૦ વર્ષની વય જૂથનો પ્રભાવ ખૂબ જ વધી ગયો છે.

**આ છે ૪૦+ દર્શકોની ફરિયાદ**

છેલ્લાં કેટલાંક વર્ષોમાં મોટા પડદા પર બે પ્રકારની ફિલ્મોનો પ્રભાવ વધ્યો છે - એક તરફ મોટા સ્ટાર્સવાળી એક્શન અને સ્પેક્ટકલ ફિલ્મો, તો બીજી તરફ યુવા દર્શકોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલી રોમેન્ટિક કે કોમેડી ફિલ્મો. આ બંનેની વચ્ચે તે જગ્યા સંકુચિત થતી દેખાય છે જ્યાં વચલી વયની વ્યક્તિની નોકરી, લગ્ન, માતા-પિતા, બાળકો, એકલતા, બીજી ઇનિંગ, મિત્રતા, બદલાતા સંબંધો અને ઉંમરની સાથે બદલાતાં સપનાંઓની વાતો હોય. માર્ચ ૨૦૨૬માં 'ઇન્ડિયા ટુડે'એ પણ આ જ સમસ્યાને રેખાંકિત કરતા લખ્યું કે પરંપરાગત રીતે પારિવારિક ફિલ્મો હિન્દી બોક્સ ઓફિસની મોટી તાકાત રહી છે, પરંતુ હાલના સમયમાં પરિવાર સાથે જોવાલાયક વિકલ્પો ઓછા રહ્યા છે અને હિંસાના વ્યાપવાળી ફિલ્મોનો પ્રભાવ વધ્યો છે. આ માત્ર દર્શકોની ફરિયાદ નથી, ખુદ અભિનેતા આયુષ્માન ખુરાનાએ મે ૨૦૨૬માં કહ્યું કે હવે તેઓ એવી ફિલ્મો પર ધ્યાન આપવા માગે છે જે પારિવારિક દર્શકોને સિનેમાઘરો સુધી ખેંચી લાવે. તેમના મતે સંવેદનશીલ, પ્રતિબંધિત કે વિવાદાસ્પદ વિષયોએ તેમની પાછળની ફિલ્મોને મર્યાદિત દર્શકો આપ્યા છે અને હવે તેઓ વ્યાપક દર્શક વર્ગ સુધી પહોંચવા માગે છે.

**૪૦+ માટે સ્ટોરી સંપૂર્ણપણે અદૃશ્ય નથી થઈ**

બોલિવૂડની ટીકા કરતા પહેલા, બીજી બાજુ જોવી મહત્ત્વપૂર્ણ છે. ૨૦૨૫માં આવેલી 'આપ જૈસા કોઈ' જેવી ફિલ્મ ૪૦ અને ૫૦ ના દાયકાના લોકો વચ્ચેના પ્રેમ અને સંબંધોની વાર્તા પર કેન્દ્રિત હતી. ફિલ્મની સમીક્ષામાં તેને મધ્યમ વયના લોકો વચ્ચેના પ્રેમ પર વાર્તા કેન્દ્રિત કરવાના દુર્લભ પ્રયાસોમાંનો એક માનવામાં આવ્યો હતો, જે સૂચવે છે કે આવી વાર્તાઓનો થિયેટર સુધી પહોંચવાનો અભાવ વાર્તાના અભાવ કરતાં મોટી સમસ્યા છે. ઓટીટી એ આ વય જૂથ માટે પુષ્કળ વિકલ્પો પૂરા પાડ્યા છે, પરંતુ થિયેટર ૪૦ વર્ષથી વધુ ઉંમરના દર્શકો માટે મર્યાદિત વિકલ્પો પ્રદાન કરે છે.

**સ્ટારડમ v/s વાર્તા**

આ એ જ વળાંક છે જ્યાં બોલિવૂડની સામે મોટો પ્રશ્ન ઊભો થાય છે કે શું ફિલ્મની સફળતા માટે સ્ટાર જરૂરી છે કે વાર્તા? આજનો યુવા દર્શક સોશિયલ મીડિયા પર ટ્રેલર, ગીતો, મીમ્સ અને સ્ટારની લોકપ્રિયતાના આધારે ફિલ્મ વિશે ત્વરિત નિર્ણય લઈ શકે છે. ઓરમેક્સ અનુસાર, ફિલ્મ માર્કેટિંગમાં યુટ્યૂબ, ઇન્સ્ટાગ્રામ અને ઓનલાઇન ટિકિટિંગ એપ્સ સૌથી પ્રભાવશાળી સ્રોત છે. આ રિપોર્ટ એ પણ જણાવે છે કે થિયેટરમાં ફિલ્મ જોયા પછી ૪૦ ટકા દર્શકો તેનાથી જોડાયેલા મીમ્સ સોશિયલ મીડિયા પર શેર કરે છે. આ ડિજિટલ માહોલમાં નિર્માતાઓ સ્વાભાવિક રીતે જ તે વય જૂથને આકર્ષિત કરવા માગે છે જે સૌથી વધુ શરૂઆતની ટિકિટો ખરીદે છે અને ફિલ્મ માટે ઓનલાઇન ચર્ચા ઉત્પન્ન કરે છે.

**અસલી પડકાર - દર્શક કે કહાની?**

કદાચ બોલિવૂડે ૪૦+ દર્શકોને એ પૂછવાની જરૂર છે - 'તમે ફિલ્મ કેમ નથી જોતા?' અને માત્ર એવું ન માની લેવું કે તેઓ ફિલ્મ જોવા જતા જ નથી. કારણ કે ૨૦૨૬ના દર્શકોના આંકડા સ્પષ્ટ કરે છે કે યુવાનો બોક્સ ઓફિસ પર સૌથી મોટો પ્રભાવ ધરાવે છે, પરંતુ તેનો અર્થ એ નથી કે બાકીના દર્શકો બજારની બહાર છે. હિન્દી થિયેટરનું નિયમિત દર્શક બજાર જ ૨.૮૫ કરોડનું છે. 'ધમાલ ૪'નું જુલાઈ ૨૦૨૬માં મજબૂત પ્રદર્શન એ સંકેત આપે છે કે વ્યાપક અને પારિવારિક મનોરંજન હજુ પણ દર્શકોને સિનેમાઘર સુધી લાવી શકે છે.

ફિલ્મે પહેલા સપ્તાહના અંતે ભારતમાં લગભગ ૬૫ કરોડ રૂપિયા નેટ કમાણી કરી હતી અને પરિવારોની મજબૂત ઉપસ્થિતિ તેની સફળતાના કારણોમાં જણાવવામાં આવી હતી. તેથી નિષ્કર્ષ એ નથી કે બોલિવૂડે ૪૦+ માટે ફિલ્મો બનાવવાનું બંધ કરી દીધું છે. અસલી નિષ્કર્ષ વધુ રસપ્રદ છે - બોલિવૂડે ૪૦+ દર્શકને એક સ્વતંત્ર અને વિવિધ કહાની-સમૂહ તરીકે ઓળખવાનું મોટે ભાગે છોડી દીધું છે.

યુવા દર્શક બોક્સ ઓફિસનું ઇંજન હોઈ શકે છે, પરંતુ ૪૦+ દર્શક બોલિવૂડની સ્મૃતિ, અનુભવ અને પારિવારિક દર્શક-પરંપરાનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. હવે સવાલ એ નથી કે ૪૦+ દર્શક ફિલ્મ જોવા આવશે કે નહીં? સવાલ એ છે - 'શું બોલિવૂડ તેના માટે એવી કહાની બનાવશે, જેના માટે તે ખરેખર ઘરથી બહાર નીકળવા માગે?' ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પૃથ્વી શૉ સાથેની સગાઈ ફિયાન્સીએ માત્ર છ મહિનામાં જ તોડી નાખી

## ‘અમારી રાહ સાથે રહેવા માટે નથી બની’ એવા કથન સાથે ઈન્સ્ટાગ્રામ પર આકૃતિની ઈમોશનલ પોસ્ટ



મુંબઈ: ઘણા સમયથી ટીમ ઇન્ડિયાની બહાર રાખવામાં આવેલા ક્રિકેટર પૃથ્વી શૉની મુશ્કેલીઓ ઘટવાનું નામ નથી લેતી, કારણકે પૃથ્વીની મંગેતર આકૃતિ અગ્રવાલે તેનાથી અલગ થઈ જવાની જાહેરાત કરી છે.

પૃથ્વી-આકૃતિની સગાઈ આ વર્ષના માર્ચ મહિનામાં થઈ હતી. આકૃતિએ સોશ્યલ મીડિયાના માધ્યમથી પૃથ્વી સાથે અલગ થઈ જવાનું જાહેર કર્યું છે. તેણે ઇન્સ્ટાગ્રામ પર ભાવનાત્મક વિગતો સાથે લોકોને વાકેફ કર્યા હતા.

અભિનેત્રી આકૃતિ અગ્રવાલે લખ્યું, ‘હું ભારે હૃદયથી જણાવવા માગું છું કે મેં અને મારા મંગેતરે અમારા ભવિષ્યના અલગ-અલગ લક્ષ્યો તથા પરિસ્થિતિને કારણે અલગ થઈ જવાનો નિર્ણય લીધો છે. અમે એકમેકને જેટલો પ્રેમ કરીએ છીએ અને જેટલી પરવા કરીએ છીએ એના પરથી અમે એ માની લીધું છે કે અમારી રાહ સાથે રહેવા માટે નથી બની. અમારી જવાબદારીઓ અને અમે હાલમાં જે પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છીએ એ જોતાં અમે આપસમાં સહમતીથી અલગ થઈ જવાનું નક્કી કરી લીધું છે.’

આકૃતિએ વધુમાં લખ્યું, ‘ખરેખર, હું અમારા બન્નેને આગળ વધવા માટે સૌથી સારી શાંતિ અને ખુશીની કામના કરું છું. હું સૌને અનુરોધ કરું છું કે આ મુશ્કેલ સમયમાં અમારી અંગત બાબતોનું સન્માન કરશો અને અમારા આ નિર્ણય પાછળનાં કારણો વિશે કોઈ અટકળ ન કરશો. અમારી સંવેદનાઓને સમજવા માટે અને એનું સમ્માન કરવા બદલ આભાર.’

# અભિષેકે કર્યું યાદગાર સેલિબ્રેશન: સૌથી ઝડપી સેન્ચુરી અને પછી ઓમ નમ: શિવાયના જાપ...

નવી દિલ્હી: લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન અભિષેક શર્મા (૧૦૮ રન, ૩૪ બૉલ, ૪૫ મિનિટ, અગિયાર છગ્ગા, નવ ચોગ્ગા)એ ગુરુવારે અહીં અફઘાનિસ્તાન સામે સિરીઝની છેલ્લી ટી-૨૦માં અસલી તાકાત બતાવીને ફાસ્ટેસ્ટ સેન્ચુરીનો રેકૉર્ડ કર્યો હતો અને અપ્રતિમ સિદ્ધિ મેળવ્યા પછી તે ક્રીઝની નજીક જ બેસી ગયો હતો અને ‘ઓમ નમ: શિવાય’ના અંદાજમાં અસંખ્ય ચાહકોના દિલ જીતી લીધા હતા.

અભિષેક હવે મોટા ક્રિકેટ-રાષ્ટ્રોમાં ફાસ્ટેસ્ટ સેન્ચુરિયન છે. અભિષેકે ૩૦ બૉલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા. તેણે એક ઝાટકે ન્યૂ ઝીલૅન્ડના ફિન ઍલનનો ૩૩ બૉલની સદીનો વિશ્વવિક્રમ અને ‘હિટમૅન’ રોહિત શર્માનો ૩૫ બૉલની સદીનો ભારતીય વિક્રમ તોડી નાખ્યો હતો.

પાટનગરના અરુણ જેટલી સ્ટેડિયમમાં અભિષેક નામનું એવું વાવાઝોડું ફૂંકાયું જેમાં અફઘાનિસ્તાનના છ બોલર તેની લપેટમાં આવી ગયા હતા. તમામ છ બોલરે પચીસથી વધુ રન આપ્યા હતા. ઑફ-સ્પિનર મુજીબ-ઉર-રહમાન (૪-૦-૪૫-૦) સૌથી વધુ ખર્ચાળ સાબિત થયો હતો. અભિષેક સામે બોલિંગ કરીને તેમ જ ફીલ્ડિંગમાં દોડમદોડ કરીને અફઘાનિસ્તાનના બોલર્સ પસીને રેબઝેબ થઈ ગયા હતા. અભિષેકે ૩૦ બૉલમાં ૧૦૦ રન દસ ગગનચુંબી છગ્ગા અને નવ ચોગ્ગાની મદદથી બનાવ્યા હતા. તેણે



હાફ સેન્ચુરી માત્ર ૧૬ બૉલમાં પૂરી કરી હતી. સંજુ સૅમસન (૫૦ રન) સાથે અભિષેકની ૯.૫ ઓવરમાં ૧૪૨ રનની ભાગીદારી થઈ હતી.

અભિષેકની સેન્ચુરી કરતાં તેણે જે અંદાજમાં સેલિબ્રેશન કર્યું એની અત્યારે વધુ ચર્ચા છે. તે સદી પૂરી કરીને પલાઠી વાળીને બેસી ગયો હતો અને ધ્યાન (યોગ)ની મુદ્રામાં આવી ગયો હતો. તેનો આ ‘ઓમ નમ: શિવાય’નો અંદાજ સોશ્યલ મીડિયા પર જોત જોતામાં વાઇરલ થઈ ગયો હતો. એક ચાહકે પ્રતિક્રિયામાં લખ્યું, ‘અભિષેકે જેટલા આક્રમક મૂડમાં સેન્ચુરી ફટકારી એટલા જ શાંત અને ભક્તિભાવ સાથે સદીનું જે જશન મનાવ્યું એ લાજવાબ હતું.’ ■

## એશિયન ગેમ્સ ટી-૨૦

# બાંગ્લાદેશની મહિલાઓ મેદાન પર ઉતર્યા વગર સેમિ ફાઇનલમાં પહોંચી!

નાગોયા (જાપાન): એશિયન ગેમ્સ હજી શરૂ નથી થઈ, પણ એ પહેલાં જ બાંગ્લાદેશની મહિલા ક્રિકેટ ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ છે અને એ પણ મેદાન પર ઊતર્યા વગર! વાત એવી છે કે બાંગ્લાદેશની ચીન સામે ક્વૉર્ટર ફાઇનલ મૅચ હતી, પણ મેદાન ભીનું હોવાને કારણે એ મૅચ પડતી મૂકવામાં આવી હતી અને ટી-૨૦ રૅન્કિંગમાં ચડિયાતા ક્રમ બદલ બાંગ્લાદેશને વૉક-ઓવર મળી જતાં એને સીધા સેમિ ફાઇનલમાં જવા મળી ગયું હતું.

આ મૅચ નિશિન શહેરમાં આઇચી પ્રીફેક્ચરના કેરોગી સ્પોર્ટ્સ પાર્કમાં રમાવાની હતી. વરસાદ પડી ચૂક્યો હોવાથી મેદાન રમવા લાયક નહોતું એટલે ટૉસ પણ નહોતો રાખવામાં આવ્યો. સેમિ ફાઇનલમાં બાંગ્લાદેશનો મુકાબલો ભારત-જાપાન વચ્ચે આજે રમાનારી મૅચ જીતનારી ટીમ સામે થશે. બાંગ્લાદેશ આઇસીસી વિમેન્સ રૅન્કિંગમાં ૧૦મા નંબરે છે, જ્યારે ચીન છેક ૩૬મા સ્થાને છે.

**પાકિસ્તાન ભારે સંઘર્ષ પછી જીત્યું**

ગુરુવારે પાકિસ્તાન અને થાઇલૅન્ડની મહિલા ટીમ વચ્ચે ક્વૉર્ટર ફાઇનલ મૅચ રમાઈ હતી જે પાકિસ્તાને મહા મહેનતે જીતી હતી. મેદાન ભીનું હોવાને કારણે મૅચ મોડી શરૂ થઈ હતી. થાઇલૅન્ડે નિર્ધારિત ૧૧ ઓવરમાં ચાર વિકેટે ૯૧ રન બનાવ્યા હતા. પાકિસ્તાનની ટીમ ૪૭ રનમાં ચાર વિકેટ ગુમાવી ચૂકી હતી. જોકે શવાલ ઝુલ્ફિકાર (પચીસ રન) પછી કૅપ્ટન ફાતિમા સના (૨૧ રન)ની મદદથી પાકિસ્તાને ૧૦.૪ ઓવરમાં ૭/૯૨ના સ્કોર સાથે મૅચ જીતી લીધી હતી. જોકે પાકિસ્તાનની ટીમ ફક્ત બે બૉલ બાકી હતા ત્યારે જીતી શકી હતી. ■

## (પહેલા પાનાનું ચાલુ) અફઘાનના અભિષેક જેટલાં રન નહીં

બાદ ભારતે સાત વિકેટે ૨૨૧ રન બનાવ્યા બાદ અફઘાનિસ્તાનની ટીમ ૧૪.૧ ઓવરમાં ફક્ત ૯૪ રન બનાવીને ઑલઆઉટ થઈ ગઈ હતી.

અફઘાનિસ્તાનની ટીમ આ મૅચના સુપરસ્ટાર તેમ જ એક સેન્ચુરી ફટકારીને બે ખેલાડીના વિક્રમ તોડનાર અભિષેક શર્મા (૧૦૮ રન, ૩૪ બૉલ, ૪૫ મિનિટ, અગિયાર છગ્ગા, નવ ચોગ્ગા) જેટલા રન પણ ન બનાવી શકી. નીતીશ રેડ્ડીએ સતત બીજી મૅચમાં ત્રણ વિકેટનો તરખાટ મચાવ્યો. રવિ બિશ્નોઈએ પણ ત્રણ વિકેટ તેમ જ અક્ષર પટેલે બે તથા બુમરાહ અને અર્શદીપના સ્થાને રમેલા યશ ઠાકુરે એક-એક વિકેટ લીધી હતી.

એ પહેલાં, દિલ્હીમાં ભારતે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૨૧ રન બનાવીને અફઘાનિસ્તાનને જીતવા ૨૨૨ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. અભિષેક શર્માએ માત્ર ૩૦ બૉલમાં સદી પૂરી કરીને આંતરરાષ્ટ્રીય ટી-૨૦ રમતા મોટા દેશોમાં ફિન ઍલનનો ૩૩ બૉલની સદીનો આંતરરાષ્ટ્રીય વિક્રમ અને રોહિત શર્માનો ૩૫ બૉલની સદીનો ભારતીય વિક્રમ તોડી નાખ્યો હતો. અભિષેક ઉપરાંત સંજુ સૅમસને ૫૦ રન ૩૫ બૉલમાં ચાર સિક્સર અને બે ફોરની મદદથી બનાવ્યા હતા. બન્ને વચ્ચે ૧૪૨ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી.

ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ફાસ્ટેસ્ટ સેન્ચુરી એસ્ટોનિયાના ભારતીય મૂળના બૅટ્સમૅન સાહિલ ચૌહાણ (૨૭ બૉલમાં ૧૦૦ રન)ના નામે છે. તેણે એ સદી સાયપ્રસ વિરુદ્ધ કરી હતી. જોકે મોટા દેશો વચ્ચે રમાયેલી ટી-૨૦ મૅચોની જ વાત કરીએ તો ન્યૂ ઝીલૅન્ડના ફિન ઍલનની સાઉથ આફ્રિકા સામેની ૩૩ બૉલની સદી અત્યાર સુધી વિક્રમજનક ગણાતી હતી. જોકે હવે અભિષેકે ૩૦ બૉલની સદી સાથે તેનો એ રેકૉર્ડ તોડી નાખ્યો છે.

# આગરકરના બન્ને સંભવિત અનુગામી પાર્થિવ અને પ્રજ્ઞાન છે રોહિતના મિત્ર



મુંબઈ: ભારતીય ક્રિકેટ ટીમના ચીફ સિલેક્ટર અજિત આગરકરની મુદત આવતા મહિનાની શરૂઆતમાં પૂરી થઈ રહી છે અને બોર્ડ ઑફ કંટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) તેનો કૉન્ટ્રૅક્ટ નહીં લંબાવે એવી અટકળ વચ્ચે જે બે ભૂતપૂર્વ ક્રિકેટરના નામ બોલાય છે તેઓ રોહિત શર્માના મિત્ર છે અને આઇપીએલમાં તેમની સાથે કામ કરી ચૂક્યા છે. આજે મુંબઈમાં યોજાનારી બીસીસીઆઇની વાર્ષિક સભામાં આગરકરના મુદ્દે નિર્ણય લેવાશે એવી પાક્કી શક્યતા છે.

આગરકરના અનુગામી તરીકે પાર્થિવ પટેલ અને પ્રજ્ઞાન ઓઝાના નામ બોલાય છે અને ભારત વતી સાથે રમી ચૂક્યા છે. પાર્થિવ અને પ્રજ્ઞાનના નામ વિશે થઈ રહેલી અટકળ સાથે રોહિત શર્માનું નામ જોડવા પાછળ એક ખાસ કારણ છે.





૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધી રોહિત શર્માને ભારતની વન-ડે ટીમમાં જાળવી રાખવો કે નહીં? એ મુદ્દે બીસીસીઆઇ અને આગરકર વચ્ચે મતભેદ હોવાના અહેવાલ વચ્ચે આગરકરનું ચીફ સિલેક્ટર તરીકેનું ભાવિ ડામાડોળ થઈ ગયું છે. કહેવાય છે કે રોહિત ભારતની નવી વન-ડે ટીમનો હિસ્સો નથી એવા સિલેક્શન કમિટીના અભિગમથી ક્રિકેટ બોર્ડ નારાજ છે. બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ તાજેતરમાં જ રોહિત શર્માની તરફેણમાં નિવેદન આપ્યું હતું કે ‘વન-ડે ટીમમાં રોહિતના સ્થાન વિશે કોઈ જ ભય કે દ્વિધા ન હોવી જોઈએ, કારણકે તે લગભગ દરેક મૅચમાં સારું રમે છે. તે સિલેક્ટરોના પ્લાનમાં રહેશે ત્યાં સુધી રમી શકશે.’ કહેવાય છે કે સૈકિયાની જાહેર ટિપ્પણીથી આગરકર નારાજ થયો હતો.

તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામે ભારતનો વન-ડે સિરીઝમાં ૧-૨થી પરાજય થયો હતો, પણ એ શ્રેણીની અંતિમ મૅચમાં રોહિત શર્માએ ૧૩૮ રન બનાવીને પોતાના ફૉર્મ અને ક્ષમતાનો પુરાવો ટીકાકારોને આપી દીધો હતો.

**રોહિત સાથે બન્ને રમી ચૂક્યા છે**

ભૂતપૂર્વ વિકેટકીપર-બૅટ્સમૅન પાર્થિવ પટેલ અને ભૂતપૂર્વ સ્પિનર પ્રજ્ઞાન ઓઝાની રોહિત શર્મા સાથે સારી દોસ્તી છે. અમદાવાદમાં રહેતો ૪૧ વર્ષનો પાર્થિવ ભારત વતી ૨૦૦૨થી ૨૦૧૮ સુધી રમ્યો હતો. ૪૦ વર્ષીય પ્રજ્ઞાન ઓઝા ઓડિશાનો છે અને ભારત વતી ૨૦૦૮થી ૨૦૧૩ સુધી રમ્યો હતો. પાર્થિવ અને પ્રજ્ઞાન, બન્ને ક્રિકેટર ભૂતકાળમાં રોહિત શર્મા સાથે ભારત વતી રમી ચૂક્યા છે.

પાર્થિવ હાલમાં ગુજરાત ટાઇટન્સ (જીટી) સાથે સંકળાયેલો છે, જ્યારે પ્રજ્ઞાન ભારતની સિલેક્શન કમિટીમાં ઈસ્ટ ઝોનનું પ્રતિનિધિત્વ કરે છે. ભૂતકાળમાં પાર્થિવ-પ્રજ્ઞાન મુંબઈ ઇન્ડિયન્સમાં કોચ તરીકે એ સમયના કૅપ્ટન રોહિત સાથે કામ કરી ચૂક્યા છે.

**પહેલી જ વખત આંદામાન પર ચર્ચા**

ભારતની ધરતીથી ૧,૦૦૦ કિલોમીટર દૂર આંદામાન અને નિકોબાર ટાપુ ભારતનો કેન્દ્ર-શાસિત પ્રદેશ છે. આ પ્રદેશ બીસીસીઆઇ સાથે સંકળાયેલો નથી, પરંતુ ત્યાં ક્રિકેટના વિકાસ માટે એને આઇસીસીની મેમ્બરશિપ અપાવવા પર બીસીસીઆઇની આજની એજીએમમાં ચર્ચા થઈ શકે છે.

પહેલી જ વખત બીસીસીઆઇમાં આંદામાનમાં ક્રિકેટના મુદ્દે વિગતે ચર્ચા થશે. ■

---




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| धरोहर | દોરો |
| धवल | ડાંગર |
| धागा | હલ્લો |
| धाड | અનામત |
| धान | સફેદ |

## જાણવા જેવું

નીરજ વોરાને હિન્દી ફિલ્મોમાં પટકથા - સંવાદ લેખક તરીકે ઘણી ખ્યાતિ મળી હતી. જોકે, નીરજએ કેટલીક ફિલ્મોમાં અભિનય પણ કર્યો હતો. રામગોપાલ વર્માની ‘રંગીલા’માં નીરજ દારૂડિયાની ભૂમિકામાં ચમક્યો હતો. પ્રિયદર્શનની ‘વિરાસત’માં અનિલ કપૂરના મિત્રના રોલમાં નજરે પડ્યો જે મિત્ર માટેની લડાઈમાં હાથ ગુમાવે છે.

## ગુજરાત મોરી મોરી રે

રાજા સેન્ડો સાથે ફિલ્મો બનાવનારા ફિલ્મમેકર મણિલાલ જોશીએ નૂર મોહમ્મદ ચાર્લીને લઈ બનાવેલી ફિલ્મનું નામ જણાવો.

અ) અજબકુમારી
બ) મોજીલી મુંબઈ
ક) વીર અભિમન્યુ
ડ) લોહીનું લિલામ

## નોંધી રાખો

*અભિનેતા - લેખક તરીકે અસરકારક સાબિત થયેલા નીરજ વોરાએ ૧૯૯૭માં આવેલી ‘દૌડ’ ફિલ્મમાં એક ગીત પણ ગાયું હતું.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ | | ૬ | | ૭ |
| | ૮ | | ૯ | | ૧૦ | | | | |
| | | | | | | | ૧૧ | ૧૨ | |
| ૧૩ | | ૧૪ | | | | ૧૫ | | ૧૬ | |
| | | | | ૧૭ | ૧૮ | | | | |
| | ૧૯ | | ૨૦ | | | | ૨૧ | | |
| ૨૨ | | | | | | ૨૩ | | ૨૪ | |
| ૨૫ | | ૨૬ | | ૨૭ | | | | | |
| | | ૨૮ | | | | ૨૯ | ૩૦ | | |
| ૩૧ | | | | ૩૨ | | | ૩૩ | | |

### આડી ચાવી

૧. એક ધાતુ (૩)
૪. હકીકત, બનાવ (૨)
૬. સજ્જ, તૈયાર (૩)
૮. બરફનો ઢગલો (૩)
૧૦. કૃપા, દયા (૩)
૧૧. સર્વ, તમામ (૩)
૧૩. દાદા (૪)
૧૬. બળતરા (૨)
૧૭. --- હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે (૩)
૨૦. નિર્દોષ, ભોળું (૩)
૨૨. પૂંછડી (૨)
૨૩. વિશ્વાસ (૪)
૨૫. દાનવ, દૈત્ય (૩)
૨૮. પ્રિયજનનો વિયોગ (૩)
૨૯. લાગ (૩)
૩૧. રમણીયતા (૩)
૩૨. વાંદરો (૩)
૩૩. હોદ્દો, અધિકાર (૩)

### ઊભી ચાવી

૨. સહનશીલતા (૩)
૩. પરવા, દરકાર (૨)
૫. કીર્તિ (૩)
૬. એક પક્ષી (૩)
૭. ખોટી જીદ કે મમત (૪)
૯. મુસલમાન વિધિથી લગ્ન (૩)
૧૨. આધાર, ભરોસો (૩)
૧૪. એક તેજાનો (૨)
૧૫. દેહ, શરીર (૨)
૧૭. ---ને થોભ નહીં (૨)
૧૮. બીકણ, ડરપોક (૨)
૧૯. નજર સામે, પ્રત્યક્ષ (૩)
૨૦. રુચિ (૨)
૨૧. પતિ (૨)
૨૨. અનીતિયુક્ત આચાર (૪)
૨૩. એક મહાસિદ્ધિ (૩)
૨૪. લગામ (૪) (હિ)
૨૬. સૂર્ય (૩)
૨૭. ઘરાક, ખરીદનાર (૩)
૩૦. વિસ્તાર (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ બં | ૨ દ | ગી | | ૩ ફૂ | ૪ ક | ડો | |
| ૫ નિ | | ૬ દો | લ | | | ૭ થ | ળ | | |
| ૮ ર | ૯ જ | બ | | ૧૦ સુ | | લી | | ૧૧ ચે | |
| ૧૨ સ | મ | સ્ત | | ૧૩ ધા | ૧૪ બું | | ૧૫ ત | લા | શ |
| | ણ | | ૧૬ ખો | | ૧૭ દ | ૧૮ શ | ક | | |
| | | ૧૯ અ | ફ | ૨૦ વા | | ક્તિ | | ૨૧ ઉં | |
| ૨૨ મ | ૨૩ ર | મી | | ૨૪ વે | ૨૫ દિ | | ૨૬ આ | દ | ૨૭ ર |
| | ખ્યા | | ૨૮ ના | | લ | | ૨૯ તુ | ર | ત |
| | | ૩૦ અ | દા | | | ૩૧ ક | ર | | લ |
| | ૩૨ ન | શ્વ | ર | | ૩૩ સ્પ | ષ્ટ | તા | | |

## ઓળખાણ પડી?



૧૯૮૦ના દાયકામાં હોલિવૂડ ફિલ્મોમાં પ્રભાવ પાડનારા એક્શન સ્ટારની ઓળખાણ પડી? તેની કારકિર્દી ૫૦ વર્ષથી વધુ લાંબી હતી.

અ) મેલ ગિબ્સન બ) બ્રુસ લી ક) સિલ્વેસ્ટર સ્ટેલોન ડ) અર્નોલ્ડ શ્વાર્ઝનેગર

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | | | | | | ૧ | ૪ |
| ૯ | | | ૨ | | ૫ | | | ૬ |
| | ૩ | | | ૭ | | | ૨ | |
| ૮ | ૪ | | | | | | ૫ | ૧ |
| | | ૩ | | | | ૬ | | |
| ૭ | ૨ | | | | | | ૩ | ૯ |
| | ૬ | | | ૨ | | | ૯ | |
| ૧ | | | ૩ | | ૮ | | | ૨ |
| ૩ | ૫ | | | | | | ૪ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૫ | ૮ | ૯ | ૪ | ૩ | ૭ | ૬ |
| ૯ | ૩ | ૭ | ૧ | ૬ | ૨ | ૫ | ૪ | ૮ |
| ૮ | ૬ | ૪ | ૩ | ૫ | ૭ | ૯ | ૧ | ૨ |
| ૩ | ૮ | ૬ | ૪ | ૧ | ૫ | ૨ | ૯ | ૭ |
| ૭ | ૯ | ૧ | ૨ | ૩ | ૮ | ૬ | ૫ | ૪ |
| ૫ | ૪ | ૨ | ૬ | ૭ | ૯ | ૮ | ૩ | ૧ |
| ૪ | ૫ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | ૬ | ૯ |
| ૬ | ૭ | ૯ | ૫ | ૮ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૧ | ૨ | ૩ | ૯ | ૪ | ૬ | ૭ | ૮ | ૫ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| धज्जी | ચીંદરી |
| धनिया | ધાણા |
| धन्य | કૃતાર્થ |
| धब्बा | લાંછન |
| धनी | શ્રીમંત |

**ગુજરાત મોરી મોરી રે:**
મારી હેલ ઉતારો રાજ

**ઓળખાણ પડી?**
લીલા ચીટણીસ

**માઈન્ડ ગેમ :**
હમ દિલ દે ચુકે સનમ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
આરઝૂ

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

સદીના મહાનાયક તરીકે ઓળખાયેલા અમિતાભ બચ્ચનને ચાર નેશનલ અવૉર્ડ મળ્યા છે. એમાંથી એક ફિલ્મનું નામ શોધી કાઢો.

અ) ઝમીર બ) પિકુ ક) સરકાર રાજ ડ) પિન્ક

## માઈન્ડ ગેમ

૧૯૯૦ના દાયકામાં આવેલી કઈ ફિલ્મમાં ગોવિંદાએ સુપરસ્ટાર રાજેશ ખન્ના સાથે કામ કર્યું હતું એ વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) આવારગી બ) આ અબ લૌટ ચલે ક) મહા સંગ્રામ ડ) સ્વર્ગ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ધીરેન્દ્ર મુલરાજ (૫) પ્રતિમા પમાણી (૬) ભામિની સંપટ (૭) ડો. પ્રકાશ કટકિયા (૮) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૯) ભરત કજરિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) મીનળ કાપડિયા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૭) મહેશ એન. સંઘવી (૧૮) નેહુલ એમ. સંઘવી (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) નંદલાલ અ. ગોઠી (૨૨) ભાવના કર્વે (૨૩) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) કમલ માતલિયા (૨૮) અરવિંદ કામદાર (૨૯) શિલ્પા શ્રોફ (૩૦) અંજુ ટોલિયા (૩૧) ડાયના સંતોકે (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) વિજય આસર (૩૪) નિતીન જયંતીલાલ બજરિયા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) હિનાબેન દલાલ (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) રમેશભાઈ દલાલ (૪૦) સુભાષ મોમાયા (૪૧) પુષ્પા પટેલ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) મહેશ દોશી (૪૫) નીતા દેસાઈ (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) હિંમત પુરુષોત્તમ ખોલીયા

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૨૦૭ જવાબ: ૧) ચુરા કે દિલ મેરા ગોરીયા ચલી ઉડા કે નિંદિયા કહા તું ચલી, ૨) ચુરા લીયા હૈં તુમ ને જો દિલ કો નઝર નહીં ચુરાના સનમ, ૩) દિલ ચુરાલે ઓ ચાંદ સે ચેહરેવાલે મુસ્કુરા લે ઓ ચાંદ સે ચેહરેવાલે, ૪) હાય મેરા દિલ ચુરા કે લે ગઈ ચૂરાનેવાલી મેરી કાતિલ, હાય મેરા, ૫) દિલ મેરા ચુરાલો આંખો મેં છુપા લો અપના બના લો સનમ ૬) નીંદ ચુરાયી મેરી કિસને ઓ સનમ તુને ચૈન ચુરાયા મેરા કિસને, ૭) દિલ મેરા ચુરાયા ક્યું જબ યે દિલ તોડના હી થા હમસે દિલ લગાયા

ક્વિઝ ૨૦૮ જવાબ: ૧) ચોર મચાયે શોર ૨) ચોર ઔર ચાંદ, ૩) દો ચોર, ૪) ચોર પે મોર, ૫) ચોર ચોર, ૬) મહા ચોર, ૭) ચોર પોલીસ

# ૭૬મા જન્મદિવસે પીએમ મોદીને બોલિવૂડના કલાકારો તરફથી મળી શુભેચ્છાઓ

## અક્ષય કુમારથી શત્રુઘ્ન સિન્હા સુધીના દરેક સ્ટાર્સે પાઠવી શુભેચ્છાઓ

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે ૭૬મો જન્મદિવસ મનાવી રહ્યા છે. આ અવસરે દેશભરથી તેમના જન્મદિવસ નિમિત્તે તેમને જન્મદિવસની શુભકામનાઓ મળી રહી છે. ફિલ્મ સ્ટાર્સ જેવા કે અક્ષય કુમાર, ચિરંજીવી, શત્રુઘ્ન સિન્હા, કંગના રનૌત, અનુપમ ખેર, શિલ્પા શેટ્ટી અને જેકી શ્રોફ સહિત અનેક કલાકારોએ સોશ્યલ મીડિયા પર પોસ્ટ શેર કરી હતી.

### ■ અક્ષય કુમારે દેશને પ્રેરણા લેવા જણાવ્યું

અક્ષય કુમારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની શુભકામનાઓ આપતા પોતાની પોસ્ટમાં આ દિવસને સેવાના સંકલ્પ સાથે મનાવવાની વાત કરી હતી. તેણે લખ્યું કે કોઈ પણ જરૂરિયાતમંદના કામે આવવું એ કોઈના ચહેરા પર સ્મિત લાવવું જન્મદિવસ મનાવવાનો સુંદર રીત હોય શકે છે. અભિનેતાએ પીએમ મોદીને જન્મદિવસની શુભકામનાઓ આપતા તેમને આગળ પણ દેશને પ્રેરણા આપતા રહેવાની શુભકામનાઓ પાઠવી હતી.

### ■ શત્રુઘ્ન સિન્હાએ એડવાન્સમાં બર્થડે વિશ કરી

શત્રુઘ્ન સિન્હાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિવસથી એક દિવસ અગાઉ જ શુભેચ્છાઓ પાઠવી હતી. તેણે પીએમ મોદી સાથે પોતાની બે તસવીરો શેર કરી અને કહ્યું કે તેણે પહેલા જ શુભેચ્છાઓ આપવાનો નિર્ણય કર્યો કારણકે જન્મદિવસના દિવસે ઢગલાબંધ શુભકામનાઓ વચ્ચે તેમનો સંદેશો ખોવાઈ ન જાય. તેણે પીએમ મોદી માટે આરોગ્ય, ખુશી, શાંતિ અને લાંબા આયુષ્યની કામના કરી હતી.

### ■ કંગના રનૌતે સંસ્કૃત શ્લોક સાથે આપી શુભકામનાઓ

અભિનેત્રી અને સાંસદ કંગના રનૌતે પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ખાસ અંદાજમાં જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. તેણે સંસ્કૃત શ્લોક સાથે પોતાના સંદેશની શરૂઆત કરી અને વડા પ્રધાનના સારા સ્વાસ્થ્ય અને દીર્ઘાયુની કામના કરી હતી. કંગનાએ પોતાની પોસ્ટમાં દેશસેવા માટે તેમને શક્તિ મળવાની પ્રાર્થના પણ કરી હતી. આ સાથે જ તેણે લોકોને 'આશીર્વાદનો દીવો' પ્રગટાવી વડા પ્રધાનને શુભકામનાઓ આપવાની અપીલ કરી હતી.

### ■ અનુપમ ખેરે યાદ કરી પીએમ સાથેની મુલાકાત

અનુપમ ખેરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભકામનાઓ આપતા તેમની સાથેની પ્રથમ મુલાકાતનો પણ ઉલેખ કર્યો હતો. તેમણે કહ્યું કે અમદાવાદમાં થયેલી તે મુલાકાત તેમના માટે પ્રેરણાદાયક રહી હતી. અભિનેતાએ પોતાના સંદેશામાં પીએમ મોદીના શિસ્ત, મહેનત અને દેશ પ્રત્યે સમર્પણનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે વડા પ્રધાનના સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની કામના કરતા જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી.

### ■ જેકી શ્રોફ, પરેશ રાવલે પણ આપી શુભેચ્છાઓ

અભિનેત્રી શિલ્પા શેટ્ટીએ પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર તસવીર શેર કરી જન્મદિવસની શુભકામનાઓ આપી હતી. અભિનેતા જેકી શ્રોફે પણ વડા પ્રધાન મોદીને જન્મદિવસની શુભકામનાઓ આપી પોતાની તસવીર શેર કરી હતી, જેમાં બંને હાથ મિલાવતા નજર આવી રહ્યા છે. જેકી શ્રોફે આ તસવીર દ્વારા વડા પ્રધાનને તેમના જન્મદિવસ પર શુભેચ્છાઓ પાઠવી હતી. અભિનેતા પરેશ રાવલે પણ પીએમ મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તેણે એક્સ પોસ્ટમાં લખ્યું કે, 'ઈશ્વર પાસે નરેન્દ્ર મોદીજીના લાંબા અને સ્વસ્થ આયુષ્ય માટે પ્રાર્થના.'

# 'ડિજિટલ અરેસ્ટ' સ્કેમમાં બૅન્ક અધિકારી સહિત છની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દહિસરના સિનિયર સિટીઝનને ૨૩૮ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના કેસમાં સંડોવણીનો ભય દેખાડીને 'ડિજિટલ અરેસ્ટ'ને નામે ૧.૧૨ કરોડ રૂપિયા પડાવવાના કેસમાં સાયબર પોલીસે ખાનગી બૅન્કના ઑપરેશનલ મૅનેજર અને આઈટી ક્ષેત્રના વેબ ડેવલપર સહિત છની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીઓમાં સુરતના ઉચ્ચ શિક્ષિતનો પણ સમાવેશ હોઈ તે છેતરપિંડીથી મેળવેલી રકમ સિન્ડિકેટના લીડરો સુધી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

નૉર્થ રિજન સાયબર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ શિખર મૂકેશ ત્યાગી (૨૮), ગૌરવ મહેશ ગોયલ (૪૦), ચિંતનકુમાર સુરેશભાઈ દેસાઈ (૪૬), અજકુમાર કાલીપ્રસાદ શર્મા (૩૫), રાજેશકુમાર મોહનલાલ જૈન (૫૪) અને મોહમ્મદ તારીક અન્વર મોમીન (૪૯) તરીકે થઈ હતી.

દહિસરના ૬૮ વર્ષના રહેવાસીએ ગયા મહિને નોંધાવેલી ફરિયાદને આધારે સાયબર પોલીસે તપાસ હાથ ધરી હતી. ફરિયાદ અનુસાર ૩૦ જુલાઈથી ૧૨ ઑગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ફરિયાદી સાથે ૧.૧૨ કરોડ રૂપિયાનું ફ્રોડ થયું હતું. ફરિયાદીને વૉટ્સઍપ વીડિયો કૉલ કરવામાં આવ્યો હતો. પોલીસ વરદી પહેરીને આરોપીએ ફરિયાદીને તેમના સિમ કાર્ડની મદદથી ૨૩૮ કરોડ રૂપિયાનું મની લોન્ડરિંગ કરાયું હોવાનું જણાવ્યું હતું. આ મામલે દિલ્હી પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો હોવાનું જણાવી ફરિયાદીને સુપ્રીમ કોર્ટની બોગસ નોટિસ પણ મોકલવામાં આવી હતી. પોલીસ કાર્યવાહીનો ભય દેખાડી ડિજિટલ અરેસ્ટમાં રાખીને ફરિયાદીને નાણાં ટ્રાન્સફર કરવાની ફરજ પાડી હતી.

પોલીસ તપાસમાં જણાયું હતું કે ફરિયાદીએ વિવિધ બૅન્ક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં, જેમાંથી એક ખાતું દાદરમાં રહેતા જૈનનું હતું. જૈને પોતાને એક કંપનીનો ડિરેક્ટર હોવાનું જણાવી કંપનીના નામે બૅન્ક ખાતું ખોલાવ્યું હતું. બાદમાં બૅન્ક ખાતા સાથે લિંક સિમ કાર્ડ મોમીનને આપ્યું હતું.

દાદરમાં જ રહેતો મોમીન વિવિધ નામે બૅન્ક ખાતાં ખોલાવતો અને તેની સાથે સિમ કાર્ડ લિંક કરાવતો હતો. તે જ દાદર પરિસરમાંથી નવા મોબાઈલ ફોન ખરીદતો. પછી તેમાં બૅન્ક ખાતાં સાથે લિંક સિમ કાર્ડ નાખીને ફોન બૅન્કના ઑપરેશનલ મૅનેજર ત્યાગીને આપતો. ત્યાગી બૅન્ક સંબંધી બધી પ્રક્રિયા પૂરી કરીને ફોન ભિવંડીમાં રહેતા અને બીએ ભણેલા અજયકુમાર શર્માને આપતો. પછી વેબ ડેવલપર ગૌરવ ગોયલ મોબાઈલ સુરતના રાંદલ રોડ ખાતે રહેતા અને બીએ ભણેલા ચિંતન દેસાઈને આપતો હતો. દેસાઈ ફ્લાઈટથી દિલ્હી જતો અને ત્યાંથી ઉત્તર પ્રદેશના બિજનોર પહોંચી સિન્ડિકેટના લીડર સુધી મોબાઈલ પહોંચાડતો. તેમની સાથે મળી છેતરપિંડીની રકમ અન્યત્ર વાળવામાં પણ દેસાઈ મદદ કરતો, એમ પોલીસે જણાવ્યું હતું.

# ધનુષ્યબાણ એકેય જૂથને ન આપવા પર ચૂંટણી પંચે વિચાર કર્યો હતો?: સુપ્રીમ કોર્ટે કર્યો સવાલ

નવી દિલ્હી: શિવસેના કોનો પક્ષ છે અને કોનું ચિહ્ન ધનુષ્ય અને બાણ છે? એ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. શિવસેના શિંદે જૂથનું પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલ નીરજ કિશન કૌલે ઠાકરે જૂથના વકીલ કપિલ સિબ્બલની દલીલોનો જવાબ આપ્યો છે. કયો પક્ષ લાયક છે એ ચૂંટણી પંચ નક્કી કરશે કારણ કે એ તેમનો અધિકાર છે એમ કૌલે સુનાવણી દરમિયાન કહ્યું હતું. જોકે, પક્ષને ચિહ્ન ફાળવવાનો નિર્ણય ચૂંટણી પંચનો છે એ ખરું પણ પંચે આ નિર્ણય સમજી વિચારીને લીધો છે કે કેમ એ ચકાસવું પડશે એમ ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચીએ જણાવ્યું હતું.

અગાઉ બુધવારે (૧૬ સપ્ટેમ્બરે) થયેલી સુનાવણી દરમિયાન ચૂંટણી પંચે ધનુષ્ય અને બાણ પ્રતીકને તાત્પૂરતું સ્થગિત કેમ ન કર્યું અને પંચે બંને જૂથને અલગ અલગ પ્રતીકો આપવા જોઈતાં હતાં એવું નિરીક્ષણ સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ બાગચીએ કર્યું હતું. ત્યારબાદ ગુરુવારે સુપ્રીમ કોર્ટે ફરીથી શિવસેના કોનો પક્ષ એની સુનાવણી કરી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત, ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી અને ન્યાયમૂર્તિ વી. મોહનાની ખંડપીઠ સમક્ષ શિંદે જૂથ વતી વરિષ્ઠ વકીલ નીરજ કિશન કૌલે દલીલ કરી હતી.

ધનુષ્ય અને બાણ ચિહ્ન સ્થગિત કરવાના મુદ્દા પર બોલતા નીરજ કૌલે કહ્યું હતું કે ચૂંટણી પંચને બે અલગ અલગ પ્રતીકો આપવાનું શક્ય નહીં લાગ્યું હોય. ત્યારબાદ ન્યાયમૂર્તિ બાગચીએ કહ્યું હતું કે 'શું ચૂંટણી પંચે સંબંધિત અને મહત્ત્વપૂર્ણ બાબતો પર વિચાર કર્યો હતો? અને શું તેમણે તેના આધારે ઉદ્ભવી શકે તેવા પરિણામોની સમીક્ષા કરી હતી? અમે એમ નથી કહી રહ્યા કે આને કારણે ચૂંટણી પંચનો નિર્ણય ખોટો ઠરશે. જોકે, ન્યાયિક સમીક્ષાના દૃષ્ટિકોણથી, 'વાજબી વિચારણા' નો અર્થ એ છે કે શું બધા વિકલ્પો પર વિચાર કરવામાં આવ્યો છે એવો થાય અને એવું થયું હતું કે નહીં એ તપાસવું જરૂરી છે.'

ન્યાયમૂર્તિ બાગચીએ વધુમાં જણાવ્યું હતું કે અમારો વિવેકાધિકાર ચૂંટણી પંચથી ઉપર નથી. પરંતુ અમારે એ જોવાની જરૂર છે કે આ કેસમાં ચૂંટણી પંચે પોતાના વિવેકાધિકારનો ઉપયોગ કેવી રીતે કર્યો.

# જરાંગેએ ઉપવાસ છોડ્યા પણ સરકારને ચેતવણી

બીડ: મરાઠા અનામત માટે લડત ચલાવી રહેલા આંદોલનકર્તા મનોજ જરાંગેએ ૨૦ દિવસના ઉપવાસ ગુરુવારે છોડી મહારાષ્ટ્ર સરકારને ચેતવણી આપી કે જો ત્રણ મહિનામાં મરાઠા અનામત અંગેની તેમની માગણીઓ પર વિચાર નહીં કરવામાં આવે તો મુંબઈમાં વિરોધ પ્રદર્શન કરશે.

બીડ જિલ્લાના પાટોદા ખાતે પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલ, દાદા ભૂસે, વિધાનસભ્ય પ્રસાદ લાડ અને વિધાન સભ્ય સુરેશ ધસ અને વરિષ્ઠ અધિકારીઓ સહિત સરકારી પ્રતિનિધિમંડળ સાથેની વાતચીત બાદ જરાંગેએ આ જાહેરાત કરી હતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે સરકાર કોઈપણ પ્રકારની ધમકીભર્યા પ્રયાસો ચલાવી નહીં લે. હાલ ચાલી રહેલા ગણેશ ઉત્સવ દરમિયાન આંદોલન કરવાના ઔચિત્ય પર પ્રશ્ન ઉઠાવ્યાના થોડા દિવસો બાદ આ ઘટના બની છે. ગુરુવારે ફડણવીસે જરાંગેના ઉપવાસ છોડવાના નિર્ણયને આવકારી કહ્યું કે સરકારે તેમની ૧૩ માગણીઓમાંથી ૧૨ માગણીઓ પહેલાથી જ સ્વીકારી લીધી છે અને તે દરેક માગણીઓ પૂર્ણ કરશે.

બીડ જિલ્લાના પાટોદામાં જરાંગે સાથેની મુલાકાત દરમિયાન પ્રતિનિધિમંડળના સભ્યોએ તેમને મરાઠા અનામત માટે રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા પગલાં વિશે માહિતી આપી હતી. વિખે પાટીલે સૂચન કર્યું કે 'જરાંગેએ તેમની માંગણીઓ પર વિચાર કરવા અંગેની રજૂઆતની પ્રગતિ પર દેખરેખ રાખવા માટે ત્રણ પ્રતિનિધિ નિયુક્ત કરવા જોઈએ. એડવોકેટ જનરલ તરફથી લેખિત ટિપ્પણી મળ્યા પછી કોલ્હાપુર અને સતારા ગેઝેટ પર કાર્યવાહી કરવામાં લગભગ ત્રણ-ચાર મહિના લાગશે.'

જરાંગેએ કહ્યું કે તેઓ હૈદરાબાદ ગેઝેટ, સતારા ગેઝેટ અને ઔંધ ગેઝેટ જેવા ઐતિહાસિક વહીવટી રેકોર્ડને સત્તાવાર માન્યતા આપવાની તેમની માગ પર અડગ છે જેથી મરાઠાઓ કુણબી વંશ સાબિત કરી શકે અને ઓબીસી અનામત લાભનો દાવો કરી શકે. જો આગામી ત્રણ મહિનામાં આપણી સાથે દગો થશે તો આપણે બધા આપણા બાળકો અને સ્ત્રીઓ સાથે સીધા મુંબઈ જઈશું. 'તેમણે મુંબઈ ગયેલા એક લાખથી વધુ મરાઠાઓને તેમના ઘરે પાછા ફરવા કહ્યું.

## ૧૪૦૦ કરોડના કામ બંધ થતાં જરાંગેએ આંદોલન કર્યું?

મુંબઈ: મરાઠા પ્રદર્શનકારી મનોજ જરાંગે-પાટીલે સરકારી પ્રતિનિધિમંડળની બેઠક બાદ ૧૭ સપ્ટેમ્બરે આખરે ૯૦ દિવસ માટે ભૂખ હડતાળ સ્થગિત કરવાનો નિર્ણય જાહેર કર્યો. મનોજ જરાંગેએ પણ સ્પષ્ટતા અકરી હતી કે ભૂખ હડતાળ સ્થગિત કરવામાં આવી છે, પરંતુ આંદોલન ચાલુ રહેશે. મનોજ જરાંગેએ સરકારને ૯૦ દિવસની સમયમર્યાદા આપી છે. હવે કૉંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવારે આ અંગે ટિપ્પણી કરતા કહ્યું કે, 'જરાંગે પાટીલનું આંદોલન સ્થગિત થઈ રહ્યું હોય તેવું કંઈ પહેલીવાર બન્યું નથી. આ પહેલાં પણ મુંબઈ જતાં પહેલાં અને મુંબઈ જઈને, સરકાર હંમેશાં જરાંગે સામે ઝૂકી રહી છે. મહારાષ્ટ્રની સરકાર દેશની એકમાત્ર એવું સરકાર હશે જ્યાં મુખ્ય પ્રધાન, ઉપમુખ્ય પ્રધાનથી લઈને પ્રધાનો સુધી બધાને ગાળો અને શાપ આપ્યા પછી પણ પ્રતિનિધિ મંડળ જઈને તેમની માગણીઓ પૂર્ણ કરે છે અને આંદોલન સ્થગિત થાય છે.

મહારાષ્ટ્ર સરકારને ગાળો ખાવાની ટેવ પડી ગઈ છે. મનોજ જરાંગેએ સરકાર પાસેથી પોતાની શરતો લખાવી લીધી છે, જેનાથી ઓબીસી સમાજનું ભારે નુકસાન થશે. વડેટ્ટીવારે સ્પષ્ટ કર્યું કે તેઓ મરાઠા અનામતના વિરોધમાં નથી, પરંતુ તાકાતના જોરે ઓબીસી હિતોનું નુકસાન મહારાષ્ટ્રની જનતા સહન નહીં કરે.

વડેટ્ટીવારે આરોપ લગાવ્યો હતો કે જરાંગેના નજીકના લોકોના રૂ. ૧૪૦૦ કરોડનાં કામો ફડણવીસે અટકાવ્યા હોવાથી ગુસ્સામાં આ આંદોલન કરાયું હતું. તેમણે દાવો કર્યો કે આ કોઈ સાચો નિર્ણય નથી પરંતુ ઈડી અને કાર્યવાહીના ડરથી સરકાર અને જરાંગે પાટીલ વચ્ચે થયેલી માત્ર એક 'સમજૂતી' છે.

## વચગાળાની અરજી પર આદેશની જરૂર નથી: હાઇ કોર્ટ

મુંબઈ : મરાઠા અનામત આંદોલનકારી મનોજ જરાંગે દ્વારા તેમના આમરણ ઉપવાસ પાછા ખેંચવાના નિર્ણયને પગલે, બોમ્બે હાઈ કોર્ટે જણાવ્યું હતું કે મુંબઈના આઝાદ મેદાન ખાતે તેમના પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન માટેની મંજૂરી નકારવાની માંગ કરતી વચગાળાની અરજી પર કોઈ આદેશ પસાર કરવાની જરૂર નથી. એમી ફાઉન્ડેશન નામની એક સ્વૈચ્છિક સંસ્થા (એનજીઓ) એ બુધવારે હાઈ કોર્ટમાં એક વચગાળાની અરજી દાખલ કરી હતી. તેમાં જણાવાયું હતું કે, સત્તાવાળાઓ પાસેથી કોઈ સરઘસ કે હડતાળ યોજવાની પરવાનગી ન હોવા છતાં, આંદોલનકારીઓએ લોકોને એકત્ર કરીને મુંબઈ તરફ કૂચ શરૂ કરી છે.

જોકે, ગુરુવારે કોર્ટને જાણ કરવામાં આવી હતી કે મરાઠા અનામતના મુદ્દે જરાંગે મુંબઈ આવી રહ્યા નથી.

મુખ્ય ન્યાયાધીશ મહેશ ચંદ્ર ત્રિપાઠી અને ન્યાયાધીશ અદ્વૈત સેઠનાની ડિવિઝન બેન્ચે નોંધ્યું હતું કે તાજેતરના ઘટનાક્રમને ધ્યાનમાં લેતા, આ અરજી પર કોઈ વચગાળાનો આદેશ પસાર કરવાની જરૂર નથી.

ત્યારબાદ બેન્ચે મૂળ બાબતની સુનાવણી ૨૪ સપ્ટેમ્બર માટે નિયત કરી હતી.

ગુરુવારે સવારે, જરાંગેએ તેમના ૨૦ દિવસથી ચાલતા ઉપવાસ સમેટી લીધા હતા અને મહારાષ્ટ્ર સરકારને ચેતવણી આપી હતી કે જો ત્રણ મહિનામાં મરાઠા અનામત અંગેની તેમની માગણીઓ પર વિચાર કરવામાં નહીં આવે, તો તેઓ આ આંદોલનને મુંબઈ લઈ જશે. મધ્ય મહારાષ્ટ્રના બીડ જિલ્લાના પાટોડા ખાતે સરકારી પ્રતિનિધિમંડળ સાથેની વાતચીત બાદ કાર્યકરે આ જાહેરાત કરી હતી. આ પ્રતિનિધિમંડળમાં વરિષ્ઠ પ્રધાનો રાધાકૃષ્ણ વિખે પાટીલ (જેઓ મરાઠા અનામત અંગેની કેબિનેટ પેટા-સમિતિનું નેતૃત્વ કરે છે), દાદા ભૂસે, એમએલસી પ્રસાદ લાડ અને ધારાસભ્ય સુરેશ ધાસ તેમજ વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થતો હતો. (પીટીઆઈ)

## મરાઠાઓની બધી સ્વીકૃત માગણી પૂર્ણ કરાશે: ફડણવીસ

છત્રપતિ સંભાજી નગર: ઉપવાસ છોડવાના મરાઠા અનામત આંદોલનકર્તા મનોજ જરાંગેના નિર્ણયની પ્રશંસા કરી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે સરકારે તેમની ૧૩માંથી ૧૨ માગણી સ્વીકારી છે અને એ બારેબાર પૂર્ણ કરવામાં આવશે. સંભાજી નગરમાં 'હૈદરાબાદ મુક્તિ દિન' નિમિત્તે આયોજિત ધ્વજારોહણ વખતે સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે આ પ્રમાણે જણાવ્યું હતું.

ઉપવાસ છોડવાના જરાંગેના નિર્ણય વિશે પ્રતિક્રિયા આપતા ફડણવીસે જણાવ્યું હતું કે 'અમારી વિનંતીને માન આપી જરાંગેએ આંદોલન અટકાવી દીધું છે એનો મને આનંદ છે. અમે ૧૩માંથી ૧૨ માગણી સ્વીકારી જ લીધી છે અને બાકીની માગણી સંદર્ભે જે કાનૂની સમસ્યાઓ છે એ અમે સમજાવી દીધી છે. આપેલું વચન સરકારે પાળ્યું છે.'

ફડણવીસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને વરસગાંઠની શુભેચ્છાઓ આપી જણાવ્યું હતું કે પીએમ મોદી જન્મદિવસની ઉજવણી નથી કરતા. એટલે અમે આ નિમિત્તે કેટલાક કાર્યક્રમનું આયોજન કર્યું છે.

'સેવા સપ્તાહ' મારફત અમે અલગ અલગ પ્રકારે લોકોને મદદરૂપ થઈશું અને તેમની જરૂરિયાત પૂરી થાય એ અમારી કોશિશ હશે. (પીટીઆઈ)

# મુંબઈ સમાચારની મરાઠી વેબસાઈટનું ઉદ્ઘાટન માલિક મેહરવાનજી કામાના હસ્તે




મુંબઈ: ૨૦૫ વર્ષની પરંપરા ધરાવતા એશિયાના સૌથી જૂના અખબાર મુંબઈ સમાચારની મરાઠી વેબસાઇટનો ઉદ્ઘાટન સમારોહ ગુરુવારે માલિક મેહરવાનજી કામાના હસ્તે યોજાયો હતો. આ સમયે મુંબઈ સમાચારના તંત્રી નિલેશ દવે, બ્રાઈટ મીડિયાના ડૉ. યોગેશ લાખાણી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં, મુખ્ય મહેમાનોનું દીપ પ્રગટાવીને સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય અતિથિ મેહરવાનજી કામા સર દ્વારા કાઉન્ટડાઉન બાદ ચાંપ દબાવીને marathi.bombaysamachar.com વેબસાઇટનું ઉદ્ઘાટન કરાયું હતું. આ પ્રસંગે માર્ગદર્શન આપતા માનનીય મેહરવાનજી કામાએ કહ્યું હતું કે મુંબઈ સમાચાર હવે આપણું પોતાનું મુંબઈ સમાચાર હવે આપણી પોતાની માતૃભાષા, મરાઠીમાં આવી ગયું છે. મરાઠી વાચકો માટે, મુંબઈ સમાચાર હવે મરાઠી ભાષામાં હશે. તેમણે સૌને શુભેચ્છાઓ આપી અને ખાસ કરીને જય મહારાષ્ટ્ર કહીને માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમનું સમાપન મહારાષ્ટ્રના રાજ્ય ગીત સાથે કરવામાં આવ્યું હતું.

# પાંચ ઑક્ટોબરથી પાક નુકસાન સર્વેક્ષણ શરૂ, સરકાર ખેડૂતોની પડખે ઊભી રહેશે: સીએમ

છત્રપતિ સંભાજી નગર: મહારાષ્ટ્ર સરકાર પાંચ ઓક્ટોબર પછી પાકના નુકસાનનો સર્વે શરૂ કરશે એવી હૈયાધારણ આપી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે ખેડૂતોને ખાતરી આપી હતી કે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિસાદ ભંડોળ (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ - એનડીઆરએફ)ની સહાય મળશે ત્યાં સુધી રાજ્ય તેના પોતાના સ્રોતમાંથી નાણાકીય સહાય પૂરી પાડશે. 'મરાઠાવાડા મુક્તિ દિવસ' તરીકે પણ ઓળખાતા 'હૈદરાબાદ મુક્તિ સંગ્રામ દિન' નિમિત્તે છત્રપતિ સંભાજી નગરના સિદ્ધાર્થ ગાર્ડન ખાતે ધ્વજારોહણ સમારોહમાં હાજરી આપ્યા બાદ સીએમ મીડિયા સાથે વાત કરી રહ્યા હતા. તેમણે તત્કાલીન હૈદરાબાદ રાજ્યની મુક્તિ માટે લડત આપનારાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભારતે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ આઝાદી મેળવી હતી જ્યારે મધ્ય મહારાષ્ટ્રના મરાઠવાડા પ્રદેશને ૧૩ મહિના પછી નિઝામના શાસનમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો.

ફડણવીસે જણાવ્યું હતું કે સરકારે પાક નુકસાન સર્વેક્ષણની તૈયારીઓ શરૂ કરી દીધી છે. નિયમો અનુસાર પાંચ ઓક્ટોબર પછી શરૂ કરવામાં આવશે. મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ સોમવારે કહ્યું હતું કે અપૂરતા વરસાદને કારણે રાજ્યના ૧૮ જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે. મહારાષ્ટ્રના લગભગ અડધો અડધ ખેડૂતો હાલમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. હું ખેડૂતોને ખાતરી આપું છું કે આ નિર્ણાયક સમયમાં સરકાર તેમની પડખે ઊભી રહેશે. અમે તમામ શક્ય સહાય પૂરી પાડીશું. મુખ્ય પ્રધાને એમ પણ જણાવ્યું હતું કે આઠ જિલ્લાનો મરાઠાવાડા વિસ્તાર વર્ષોથી વિકાસ સંબંધિત સમસ્યા અનુભવી રહ્યો છે અને હવે તે દુષ્કાળના વર્ષનો સામનો કરી રહ્યો છે. અગાઉ, અમે વિચાર્યું હતું કે આ વર્ષે પાક સારી રીતે ઉગશે. જો કે, વરસાદના અભાવને કારણે પાકને નુકસાન થયું છે, અને ખેડૂતો મુશ્કેલીમાં છે. ખેડૂતોએ નહીં ભરેલા ૪૮ હજાર કરોડ રૂપિયાના વીજ બિલ માફ કરવામાં આવશે, એવી બાંયધરી મુખ્ય પ્રધાને આપી હતી. (પીટીઆઈ)

# ૧૯ જિલ્લાના ૮૩ તાલુકામાં ૨૦ દિવસથી વરસાદ નહિવત્

મુંબઈ: મહારાષ્ટ્રના ૧૯ જિલ્લાના ૮૩ તાલુકામાં ૨૦ દિવસથી વધુ સમયથી વરસાદ થયો નથી. તેના કારણે ખરીફ પાકો ગંભીર સંકટનો સામનો કરી રહ્યા છે અને અનેક જિલ્લાઓ દુષ્કાળની આરે પહોંચી ગયા છે. કેબિનેટની બેઠકમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અનેક મંત્રીઓએ સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. જોકે, તાત્કાલિક કોઈ રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી નથી. મુખ્ય પ્રધાન ફડણવીસે રાજ્યના વહીવટી તંત્રને હાઈ એલર્ટ પર રહેવા સૂચના આપી છે.

કેબિનેટમાં ચર્ચા બાદ સરકારે સ્પષ્ટ કર્યું કે તાત્કાલિક દુષ્કાળની સત્તાવાર જાહેરાત કરી શકાય નહીં. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડની માર્ગદર્શિકા અને દુષ્કાળ વ્યવસ્થાપનના કેન્દ્રીય નિયમો હેઠળ આર્થિક સહાય મેળવવા માટે ૫ ઓક્ટોબર બાદ જ પાક નુકસાનનું સત્તાવાર સર્વેક્ષણ અને સ્થળ પર તપાસ કરવાની રહેશે.

સરકારના જણાવ્યા અનુસાર, સમય પહેલાં સર્વે કરવામાં આવે તો ખેડૂતોને કેન્દ્ર તરફથી મળનારી સહાયમાં મુશ્કેલી ઊભી થઈ શકે છે. વહેલા કરવામાં આવેલા આકલનને કારણે નુકસાનનો યોગ્ય અંદાજ ન આવી શકે અને અસરગ્રસ્ત ખેડૂતો સત્તાવાર રાહત માટે અયોગ્ય ઠરી શકે છે.

સરકાર હાલમાં ખેડૂતો માટે રાહતના વિવિધ ઉપાયોની વિગતવાર યાદી તૈયાર કરી રહી છે અને અધિકારીઓ વચ્ચે વધુ સારા સંકલન માટે સૂચનાઓ આપવામાં આવી છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, કૃષિ વિભાગે પોતાની રજૂઆતમાં આ સ્થિતિ અંગે માહિતી આપી હતી. કેબિનેટે વિવિધ વિસ્તારોના અહેવાલોની સમીક્ષા કરી હતી.

અહેવાલો મુજબ ૧૮થી ૧૯ જિલ્લાઓમાં લાંબા સમયથી વરસાદની અછત છે. તેમાં મરાઠવાડા, વિદર્ભ અને પશ્ચિમ મહારાષ્ટ્ર સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં સામેલ છે. મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળે અને મુખ્ય પ્રધાને તમામ જિલ્લા કલેક્ટરો તથા ફિલ્ડ એડમિનિસ્ટ્રેશનને હાઈ એલર્ટ પર રહેવા અને પ્રાથમિક રાહત પ્રસ્તાવ તૈયાર કરવાનો આદેશ આપ્યો છે.

અસરગ્રસ્ત જિલ્લાઓમાં સ્થાનિક વહીવટીતંત્રને શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સંભવિત પાણીની અછતને ધ્યાનમાં રાખીને હાલના ડેમોમાં ઉપલબ્ધ પાણીના જથ્થાને પ્રાથમિકતા આપવા અને તેને માત્ર પીવાના પાણી માટે સુરક્ષિત રાખવા સૂચના આપવામાં આવી છે. પાંચમી ઓક્ટોબરથી સત્તાવાર સર્વે શરૂ થાય ત્યાં સુધી સરકાર કટોકટીની રાહત યાદીઓ તૈયાર કરી રહી છે. આ ઉપરાંત પશુઓ માટે ચારા ઉપલબ્ધતાનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. કૃષિ વિભાગોને બાકી રહેલા ખરીફ પાકને બચાવવા ખેડૂતોને સુરક્ષાત્મક સિંચાઈ અંગે માર્ગદર્શન આપવા પણ સૂચના આપવામાં આવી છે.

રાજ્યના કૃષિ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા વિસ્તારવાર પાક સ્થિતિના અહેવાલ મુજબ, બીડમાં વાવેતર થયેલા વિસ્તારમાંથી ૩૭.૨૧ ટકા વિસ્તારને નુકસાન થયું છે. જાલનામાં ૨૭.૮૩ ટકા અને છત્રપતિ સંભાજીનગરમાં ૭.૦૬ ટકા વિસ્તારને નુકસાન થયું હોવાનું જણાવાયું છે. લાતુર, ધારાશિવ અને પરભણીમાં હળવી જમીન ધરાવતા વિસ્તારોમાં સોયાબીન, મગ, અડદ અને કપાસના પાક સૂકાઈ રહ્યા છે. સોયાબીનના પાકમાં 'યલો મોઝેક વાયરસ'નો પણ મોટા પ્રમાણમાં પ્રકોપ જોવા મળી રહ્યો છે.

પશ્ચિમ મહારાષ્ટ્રના સોલાપુર, સતારા, સાંગલી અને અહિલ્યાનગર જેવા વરસાદ આધારિત વિસ્તારોમાં લાંબા સમયથી વરસાદ ન પડતાં મગ, અડદ, સોયાબીન, મકાઈ અને બાજરીના પાકને નુકસાન થઈ રહ્યું છે. આ વિસ્તારોમાં પાકના ઉત્પાદનમાં ૨૦થી ૨૫ ટકા સુધીનો ઘટાડો થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

**ફાર્મહાઉસમાં શસ્ત્રની ધાકે પરિણીતા પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો**

# ભાજપના ભૂતપૂર્વ વિધાનસભ્ય અને બરતરફ પોલીસ કર્મચારી વિરુદ્ધ ગુનો

થાણે: મદદ કરવાને બહાને પરિણીતાને પોતાની ઓફિસમાં બોલાવ્યા બાદ તેને ભિવંડી તાલુકાના બાપગાવમાં આવેલા ફાર્મહાઉસમાં લઇ જઇ શસ્ત્રની ધાકે તેના પર સામૂહિક બળાત્કાર ગુજારવાના આરોપસર કલ્યાણ પશ્ચિમ મતદારસંઘના ભાજપના ભૂતપૂર્વ વિધાનસભ્ય તેમ જ બરતરફ પોલીસ કોન્સ્ટેબલ વિરુદ્ધ પડઘા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પીડિતાને શસ્ત્રની ધાક દાખવીને ધમકાવ્યા બાદ તેને દારૂ પીવડાવીને દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું, એવો આરોપ ફરિયાદમાં કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણ પશ્ચિમમાં રહેનારી ૨૨ વર્ષની પીડિતાનો તેના પતિ સાથે વિવાદ હોવાથી મધ્યસ્થી કરવા માટે ભાજપના ભૂતપૂર્વ વિધાનસભ્ય નરેન્દ્ર પવારે તેને પોતાની ઓફિસમાં બોલાવી હતી. બાદમાં પીડિતાને ૧૩ સપ્ટેમ્બરે પવાર અને બરતરફ પોલીસ કર્મચારી શૈલેશ પાટીલ ભિવંડી તાલુકાના બાપગાવ ખાતેના ફાર્મહાઉસમાં લઇ ગયા હતા, જ્યાં તેની સાથે કથિત દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. મોડી રાતના પવાર ત્યાંથી જતો રહ્યા બાદ મળસકે શૈલેશ પાટીલે પીડિતા સાથે ફરી દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં પાટીલનો સાથીદાર પીડિતાને તેના ઘરે છોડી આવ્યો હતો, એમ ફરિયાદમાં જણાવાયું હતું. આ ઘટના બાદ ગભરાયેલી પીડિતાએ બુધવારે કૉંગ્રેસની નગરસેવિકા કંચન કુલકર્ણીનો સંપર્ક સાધ્યો હતો અને આપવીતી જણાવીને મદદ માગી હતી. તેણે વીડિયો ફૂટેજ અને વ્હૉટ્સઍપ ચેટ્સ સહિતના પુરાવા શૅર કર્યા હતા. પીડિતાને બાદમાં પડઘા પોલીસ સ્ટેશન લઇ જવામાં આવી હતી, જ્યાં તેણે પવાર અને પાટીલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) સદાનંદ દાતેના હસ્તક્ષેપ બાદ પડઘા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર પંકજ ગિરિએ વિગતોની ચકાસણી કરી હતી અને પવાર તથા પાટીલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ગિરિએ પુષ્ટિ કરી હતી કે પવાર અને પાટીલ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો છે અને બંનેની શોધ ચલાવવામાં આવી રહી છે.

### વ્યાજદર વધારવાના ફેડરલના નિર્ણય પશ્ચાત્ ઈક્વિટી માર્કેટ બેતરફી વધઘટે અથડાઈ

# સેન્સેક્સમાં સાધારણ બાવીસ પૉઈન્ટનો ઘટાડો, નિફ્ટીમાં ૫૩ પૉઈન્ટનો સુધારો

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બજારની અપેક્ષાનુસાર વ્યાજદરમાં વધારો કર્યો હતો અને નાણાનીતિ વધુ તંગ કરવાના સંકેતો આપતા આજે સાવચેતીના અભિગમ વચ્ચે સ્થાનિક ઈક્વિટી માર્કેટ બેતરફી વધઘટે અથડાઈ ગઈ હતી અને આરંભિક તબક્કે જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હતો. આજે સત્રના અંતે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ સાધારણ ૨૧.૮૬ પૉઈન્ટના ઘટાડા સાથે અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી સાધારણ ૫૩ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહેતા બન્ને બૅન્ચમાર્કમાં સામસામા રાહ જોવા મળ્યા હતા. આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૪,૩૩૬.૪૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૪,૧૮૨.૬૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૪,૧૬૩.૯૫ અને ઉપરમાં ૭૪,૬૭૭.૫૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા અથવા તો ૨૧.૮૬ પૉઈન્ટના ઘટાડા સાથે ૭૪,૩૩૬.૪૫ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે આજે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૨૧૭.૬૦ના બંધ સામે ઘટીને ૨૩,૧૯૫.૨૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૧૯૩.૬૫ અને ઉપરમાં ૨૩,૩૬૩.૫૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૦.૨૩ ટકા અથવા તો ૫૩ પૉઈન્ટ વધીને ૨૩,૨૧૭.૬૦ના મથાળે બંધ રહ્યો હતો.

આજે બજાર રેન્જ બાઉન્ડ રહ્યા બાદ એકંદરે મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સેન્સેક્સમાં સાધારણ બાવીસ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે નિફ્ટી હેઠળના ચોક્કસ શૅરોમાં લેવાલી રહેતાં ૫૩ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો, પરંતુ ખાનગી ક્ષેત્રની બૅન્કો અને આઈટી સ્ટોકમાં જોવા મળેલી નબળાઈને કારણે સુધારો મર્યાદિત રહ્યો હોવાનું રિસર્ચ એનાલિસ્ટ કંપની એચએસટી વૅલ્થના સ્થાપક અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર રાધાકૃષ્નને જણાવતા ઉમેર્યું હતું કે ગઈકાલે ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરવાની સાથે શેષ વર્ષ દરમિયાન વધુ વધારાના સંકેત આપતા બજારમાં સાવચેતીનો અભિગમ જોવા મળ્યો હતો. જોકે, આજે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પાંચ ટકા આસપાસ જળવાઈ રહેતાં વિદેશી ફંડોની વેચવાલીએ પણ બજારમાં સુધારો મર્યાદિત રાખ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

હાલ બજારમાં વૈશ્વિક પરિબળો અનિશ્ચિતતાના સ્રોત છે. ફેડરલ દ્વારા વ્યાજદરમાં વધારો અને વધુ તંગ નાણાનીતિના સંકેત ડૉલર અને ટ્રેઝરીની યિલ્ડને ઊંચી સપાટીએ રાખે છે. વધુમાં ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો આવ્યો હોવા છતાં હજુ બેરલદીઠ ૧૦૪ ડૉલર આસપાસ છે. આ ઉપરાંત વિદેશી ફંડોની એકતરફી વેચવાલીનું દબાણ બજારના સુધારાને રૂંધી રહ્યું છે. વધુમાં આઈપીઓની ભરમારને કારણે પ્રવાહિતા પણ પાતળી થઈ રહી હોવાનું




રેલિગેર બ્રોકિંગના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આજથી નેશનલ સ્ટોક એક્સચેન્જનું રૂ. ૨૨,૫૬૯ કરોડનું જાહેર ભરણું ખૂલ્યું છે અને પહેલા જ દિવસે ૩૯ ટકા ભરણું ભરાઈ ગયું હોવાના અહેવાલ હતા.

આજે બીએસઈ ખાતે કુલ ૪૫૩૫ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૨૬૨૬ શૅરના ભાવ વધીને, ૧૭૧૨ શૅરના ભાવ ઘટીને અને ૧૯૭ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૧૧૩ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૩૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૨૧ શૅરના ભાવ વધીને અને નવ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૨.૮૨ ટકાનો ઉછાળો ટાટા સ્ટીલમાં આવ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૨.૩૮ ટકાનો, ઈન્ડિગોમાં ૨.૩૨ ટકાનો, ઈટર્નલમાં ૨.૨૪ ટકાનો, મારુતિ સુઝુકીમાં ૧.૬૪ ટકાનો અને એશિયન પેઈન્ટ્સમાં ૧.૪૫ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં એચડીએફસી બૅન્કમાં ૧.૩૦ ટકાનો, ટાઈટનમાં ૧.૧૪ ટકાનો, આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૧.૦૩ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૦.૬૭ ટકાનો, ભારતી એરટેલમાં ૦.૫૨ ટકાનો અને એક્સિસ બૅન્કમાં ૦.૪૭ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં ઈન્સ્યોરન્સ ઈન્ડેક્સમાં ૩.૨૩ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૯૬ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૫૧ ટકાનો, રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૧.૪૭ ટકાનો, હૅલ્થકૅર ઈન્ડેક્સમાં ૧.૩૬ ટકાનો, હૉસ્પિટલ ઈન્ડેક્સમાં ૧.૩૫ ટકાનો, સર્વિસીસ ઈન્ડેક્સમાં ૧.૩૩ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૧.૧૨ ટકાનો અને ઑટો ઈન્ડેક્સમાં ૧.૧૧ ટકાનો વધારો થયો હતો. આ સિવાય ટોપ-૧૦ બૅન્ક ઈન્ડેક્સમાં ૦.૭૨ ટકાનો, પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૦.૬૩ ટકાનો, બૅન્કેક્સમાં ૦.૫૦ ટકાનો, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ક્વૉલિટી ટિલ્ટ ઈન્ડેક્સમાં ૦.૩૫ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૦.૩૫ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૦.૨૫ ટકાનો, હાઉસિંગ ફાઈનાન્સ ઈન્ડેક્સમાં ૦.૨૧ ટકાનો અને મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૦.૧૯ ટકાનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય આજે બીએસઈ સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૯૫ ટકાનો અને મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૭૨ ટકાનો સુધારો આવ્યો હતો. આજે એશિયન બજારોમાં જાપનાના નિક્કી ૨૨૫ ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જ્યારે દક્ષિણ કોરિયાના કોસ્પી, શાંઘાઈનાં એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગના હૅંગસૅંગમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું કે મધ્યસત્ર દરમિયાન યુરોપના બજારોમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

# ડૉલર સામે રૂપિયો ૯૬ની સપાટી કુદાવી પાછો ફર્યો, અંતે બે પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી હાઉસ ઑફ સેનેટે રશિયા પર પ્રતિબંધ મૂકતો ખરડો પસાર કરતાં હવે અમેરિકી પ્રમુખ રશિયા સાથે વેપાર કરનાર ભારત સહિતના દેશો ૧૦૦ ટકા ટૅરિફ લાદી શકે તેમ હોવાથી આજે વિશ્વ બજારમાં વેપાર અનિશ્ચિતતા સપાટી પર આવતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં પણ વેપાર અંગેની અનિશ્ચિતતા ઉપરાંત ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૦૩૨.૬૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન એક તબક્કે ગઈકાલના બંધ સામે ૧૯ પૈસા ગબડીને ૯૬ની સપાટી પાર કરી ગયો હતો, પરંતુ સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં અંતે રૂપિયો સાધારણ બે પેસાના સુધારા સાથે ૯૫.૮૯ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કર્યો હોવાને કારણે પણ અમુક અંશે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૯૧ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૫.૮૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૧૦ અને ઉપરમાં ૯૫.૭૮ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાધારણ બે પૈસાના સુધારા સાથે ૯૫.૮૯ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના છ સત્રમાં ડૉલર સામે રૂપિયામાં ૧.૪ ટકા અથવા તો ૧૪૮ પૈસાનું ધોવાણ થઈ ગયું હતું. એકંદરે આજે રૂપિયામાં ભારે ચંચળતાનું વલણ જોવા મળ્યું હતું. આરંભિક સાધારણ સુધારા બાદ ફેડરલ રિઝર્વના તંગ નાણાનીતિના અણસાર અને ડૉલર સામે એશિયન ચલણો નબળા પડ્યા હોવાથી રૂપિયાએ ૯૬ની સપાટી પાર કરી હતી. જોકે, ત્યાર બાદ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ બજારમાં હસ્તક્ષેપ કરતાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવવાની સાથે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૫.૪૫થી ૯૬.૩૦ આસપાસની સપાટીએ રહેવાની શક્યતા વ્યક્ત કરી હતી. દરમિયાન આજે આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા વધીને ૯૯.૯૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૨૯ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૧૦૪.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

### ક્રૂડતેલના ભાવ ઘટતાં વૈશ્વિક સોનાચાંદીમાં ઘટ્યા મથાળેથી સુધારો

# સ્થાનિકમાં ચાંદી ₹ ૧૬૯૭ ઘટી, સોનામાં ₹ ૫૧૩નો ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વની ફેડરલ ઓપન માર્કેટ કમિટીએ ગઈકાલે બે દિવસીય બેઠકનાં અંતે વ્યાજદરમાં બજારની અપેક્ષાનુસાર ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કર્યો હોવાના અહેવાલો સાથે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ ઘટીને છ સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા અને ચાંદીના ભાવ પણ ઘટી આવ્યા હતા.



જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પીછેહઠ જોવા મળતા લંડન ખાતે બન્ને કિંમતી ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ રહ્યું હતું. આમ વિશ્વ બજારનાં બેતરફી અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૬૯૭નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૧૧થી ૫૧૩નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૬૯૭ના ઘટાડા સાથે રૂ. ૨,૨૯,૬૪૨ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૧૧ ઘટીને રૂ. ૧,૫૧,૨૪૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૧૩ના ઘટાડા સાથે રૂ. ૧,૫૧,૮૪૯ની સપાટીએ રહ્યા હતા.


આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ઘટ્યા મથાળેથી ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૩૦૮.૫૭ ડૉલર અને વાયદામાં ડિસેમ્બર ડિલિવરી શરતે ભાવ ૦.૯ ટકા ઘટીને ૪૩૪૮.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫ ટકા વધીને ઔંસદીઠ ૬૩.૯૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વ બેઠકના અંતે વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ હોવાથી રોકાણકારોએ ઓવરસોલ્ડ પોઝિશન સરભર કરતાં આજે સોના-ચાંદીમાં સુધારો જોવા મળ્યો હોય તેવી શંકા એક સ્વતંત્ર વિશ્લેષક રોસ નોર્મને વ્યક્ત કરી હતી. વધુમાં ડૉલર ઈન્ડેક્સ પણ સાત સપ્તાહની ઊંચી સપાટીએથી પાછો ફર્યો હોવાથી તેમ જ ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવવાને કારણે સોનામાં સુધારાને ટેકો મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ કેવિન વાર્શે સર્વાનુમતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરવાની સાથે આગામી મહિનાઓમાં વ્યાજદરમાં વધુ વધારાની શક્યતા વ્યક્ત કરી હતી. જે ટ્રમ્પનું વહીવટીતંત્ર ફુગાવો કાબુ રાખવામાં અસફળ રહ્યું હોવાનો પણ નિર્દેશ આપે છે.

સામાન્યપણે ફુગાવામાં વધારો થવાથી રોકાણકારોની સોનામાં હેજરૂપી માગ રહેતી હોય છે, પરંતુ હાલના સંજોગોમાં ફુગાવામાં વધારો થવાથી કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદર વધારે તેવી શક્યતા પ્રબળ બનતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવે છે. જોકે, આજે યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા છે, જ્યારે આવતીકાલે બૅન્ક ઑફ જાપાન વ્યાજદર વધારીને ૩૧ વર્ષની ઊંચી સપાટીએ રાખે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. હાલમાં ક્રૂડતેલના ભાવમાં વધારો મુખ્યત્વે પુરવઠો ખોરવાઈ જવાને કારણે થઈ રહ્યો છે ત્યારે ફેડરલ રિઝર્વે તંગ નાણાનીતિ અખત્યાર કરવાનો નિર્ણય લીધો છે, પરંતુ ભાવલક્ષી દબાણ દૂર કર્યા વિના તંગ નાણાનીતિ અપનાવી રહી છે જેની આર્થિક વૃદ્ધિ પર માઠી અસર પડી શકે છે, એમ એક્સએસ ડૉટ કૉમના વિશ્લેષક લિન્હ ટ્રાને જણાવ્યું હતું.

# ઝિન્ક, ટીન અને કોપરની વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ ધીમો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે તંગ પુરવઠા સ્થિતિ વચ્ચે સત્રના આરંભે કોપરનાં ભાવમાં મક્કમ વલણ રહ્યું હતું. જોકે, ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં વધારો કરતાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ હોવાથી પડતરો વધવાને કારણે માગ મર્યાદિત રહેતા ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને કોપરની વેરાઈટીઓ, ટીન અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. ચારથી રૂ. ૨૦ સુધીનો સુધારો આવ્યો હતો, જ્યારે એકમાત્ર નિકલમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. બે ઘટી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૫૨૧૮, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૧૪૫૦, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને અનુક્રમે રૂ. ૧૩૬૭ અને રૂ. ૧૩૫૭, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૩૭૫ અને રૂ. ૧૨૭૫ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૪૩૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. બેના સાધારણ ઘટાડા સાથે રૂ. ૧૫૯૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમ કે બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૪ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)


નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર વેચવાલીના દબાણ હેઠળ ટેન્ડરના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦થી ૭૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪ના ઘટાડા સાથે રૂ. ૪૫૭૬થી ૪૬૯૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૬૮૦થી ૪૮૯૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની ખપપૂરતી લેવાલી અને મથકો પરના નિરુત્સાહી અહેવાલે ભાવમાં નરમાઈનું વલણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦થી ૫૦ના ઘટાડા સાથે રૂ. ૪૩૭૦થી ૪૪૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૫૦થી ૭૦ના ઘટાડા સાથે રૂ. ૪૪૫૦થી ૪૫૩૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.



# વિશ્વ બજાર પાછળ આયાતી તેલમાં નરમાઈ, વેપાર પાંખા



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે વ્યાજદરમાં વધારો કરતાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાને કારણે આજે ડૉલર ઈન્ડેક્સ સામે એશિયન ચલણો નબળા પડતાં મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૫૮ રિંગિટનો અને ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૬૯ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૦નો અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સન રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. જોકે, ભાવમાં વધુ ઘટાડાના આશાવાદ હેઠળ સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપાર નિરસ રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના ઑક્ટોબર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૨૫, ગોકુલ એગ્રોના ઑક્ટોબર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૨૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ તથા જી-વનના સોયા રિફાઈન્ડના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૪૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૪૫,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૭૦૦થી ૫૯૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૦૦૦થી ૬૦૭૫માં થયા હતા. તેમ જ આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૮૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૨૩૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૭૦૦ના મથાળે થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦, સિંગતેલના રૂ. ૧૮૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૬૫ અને સરસવના રૂ. ૧૭૭૦ના મથાળે રહ્યા હતા.

સાવરકુંડલામાં કાળજું કંપાવી દે તેવી ઘટના

# પિતાએ દીકરીને મારી નાખી, શણગારી અને ફ્રિજમાં મૂકી દીધી, પછી પોતે પણ ફાંસીએ લટકી ગયા

**બાળકીને આસન પર બેસાડી હતી અને ઢળી ન જાય એ માટે આજુબાજું ઓશિકાના ટેકા મૂક્યા હતા**

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલી : પૈસાની અછત માણસને અંદરથી કેટલો તોડી નાખે છે તેની સાક્ષી પૂરતો કિસ્સો અમરેલીના સાવરકુંડલામાં બન્યો હતો. અહીં સોની પરિવારના મોભીએ પોતાની પાંચ વર્ષની દીકરીને મોતને ઘાટ ઉતાર્યા બાદ પોતે પણ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. તેમણે આ અંગેની ત્રણ ચીઠ્ઠી લખી હતી અને તેમાં પૈસાની લેવડ-દેવડ અને આર્થિક તંગીનો ઉલ્લેખ કર્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

ઘટનાની મળતી વિગતો અનુસાર સાવરકુંડલાના હાડીડા ગામમાં ભાડાના મકાનમાં પરજીયા સોની પરિવાર રહેતો હતો. પરિવારના મોભી કિશોરભાઈ ધાણક ૧૬મી તારીખે પૈસાની ઉઘરાણી માટે મહુવા જવાનું કહી નીકળ્યા હતા. સાંજે તેમનાં પત્ની બહાર ગયાં હતા અને પરત આવ્યા તો ઘર અંદરથી બંધ હતું અને ઘણું ખખડાવવા છતાં ન ખોલાતા ગ્રામજનોને બોલાવી દરવાજો તોડ્યો ત્યારે હાથપગમાં મોજા પહેરેલા અને મોઢું ઢાંકી લટકતા કિશોરભાઈને જોઈ સૌ કોઈ ગભરાઈ ગયા હતા. ત્યારબાદ નાની દીકરી હિમાંશી (દીકુ) જોવા ન મળતા તેની શોધખોળ કરી ત્યારે તે ફ્રીજમાંથી મૃત હાલતમાં મળી આવી હતી. બાળકીને આસન પર બેસાડી હતી અને ઢળી ન જાય એ માટે આજુબાજું ઓશિકાના ટેકા મૂક્યા હતા. તેનાં મોઢામાં તુલસી જેવું પાંદડું મૂક્યું હતું અને તેને ફૂલોનો હાર પહેરાવ્યો હતો તેમ જ ચૂંદડી પણ ઓઢાડી હતી. બાળકીને આ રીતે જોઈ સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા.

તેમણે લખેલી સ્યૂસાઈડ નોટમાં બાકી રહેલી ઉઘરાણીના નાણા ન મળતા હોવાથી અને પોતે લીધેલી લૉનનો બોજ વધી ગયો હોવાનો ઉલ્લેખ છે. પિતાના મૃત્યુ બાદ દીકરી અનાથ ન થઈ જાય એટલે તેને પણ મારી નાખી હોવાનું તેમણે જણાવ્યું હતું.

મળતી વિગતો અનુસાર કિશોરભાઈ કન્સ્ટ્રક્શન સાઈટ પર સુપરવાઈઝરનું કામ કરતા હતા. તેમનાં પત્ની મંજૂબહેનની ફરિયાદને આધારે કેસ નોંધી પોલીસે તપાસ હાથ ધરી છે. લોકો સમસ્યાઓથી પરેશાન થઈ જાય છે તે વાત ખરી, પરંતુ હત્યા કે આત્મહત્યા કોઈ સમસ્યાનો હલ નથી. આ ઘટનાએ ફરી માનસિક સ્વાસ્થ્યની તકેદારીની જરૂરિયાતને ઉજાગર કરી છે. ■

# એસડી પ્રે કૌભાંડઃ ૧૧ શકમંદ પોલીસના રડારમાં, એસઆઈટીની તપાસ તેજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલી : રાજ્યભરમાં ચકચાર મચાવનારા એસડી પે અપના પે કૌભાંડમાં પોલીસ તપાસ આગળ વધતાં દરરોજ ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી હતી.

લોકોને માસિક ઊંચા વળતરની લાલચ આપી છેતરપિંડી આચરવાના આ કેસમાં ૧૦ લાખથી વધુ યુઝર્સ સંડોવાયેલા હોવાની વિગતો ખૂલી છે. પોલીસે અત્યાર સુધીમાં ૯ આરોપીની ધરપકડ કરી લીધી છે, જ્યારે ૧૧ શંકાસ્પદ આરોપીઓ પોલીસની રડારમાં છે. સમગ્ર મામલાની ગંભીરતા જોતાં દ્વારા એસઆઈટી તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

આરોપીઓએ સુનિયોજિત કાવતરું રચી રોકાણકારોને એસડી પે નામની ઓનલાઇન એપ્લિકેશનમાં રોકાણ કરવા પ્રેર્યા હતા.

જેમાં દર મહિને ૯ ટકા વળતર, કેશબેક અને અન્ય આકર્ષક સ્કીમોની લાલચ અપાઈ હતી. રોકાણકારોનો વિશ્વાસ જીતવા શરૂઆતમાં રિટર્ન અને કેશબેક ચૂકવાયું હતું. જોકે, કરોડો રૂપિયા એકઠા થઈ ગયા બાદ એપ્લિકેશનની તમામ સેવાઓ અચાનક બંધ કરી દેવાઈ હતી અને તેનું નામ બદલીને અપના પે કરી દેવાયું હતું.

તપાસમાં જાણવા મળ્યું હતું કે એક મુખ્ય આરોપીના રેફરલથી પ્રથમ લેવલે ૨૭૧ લોકોને જોડવામાં આવ્યા હતા. ત્યારબાદ મલ્ટિ-લેવલ સિસ્ટમથી અંદાજે દોઢથી પોણા બે લાખ લોકોને આ જાળમાં ફસાવવામાં આવ્યા હતા. એપ ડેવલપરના સ્ત્રોતો પરથી મળેલી માહિતી અનુસાર દેશભરમાંથી આશરે ૧૦ લાખથી વધુ યુઝર્સ આ એપ્લિકેશન સાથે જોડાયેલા હોવાની આશંકા છે. ■

# ઈટ હેપન્સ ઑન્લી ઈન ગીરઃ ડાલામથ્થો અને માણસ સામસામે આવી ગયા


(તસ્વીર :ફારુક કાઝી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉના : એક તરફ વન્યજીવો અને માનવ વસાહતો વચ્ચેનો સંઘર્ષ વધી રહ્યો છે તો બીજી બાજુ બન્નેના સહઅસ્તિત્વના ઘણા કિસ્સા મનને ટાઢક આપે છે. થોડા સમય પહેલા એક ખેડૂત સિંહની પાછળ પાછળ ચાલ્યો જતો હોવાનો વીડિયો વાયરલ થયો હતો ત્યારે ફરી સાવજ અને માણસનો એકબીજાની સામ-સામે આવી જવાનો વીડિયો વાયરલ થયો હતો. છોડવડીથી દરખાણીયા તરફના માર્ગ પર રસ્તા વચ્ચે વનરાજનું વિચરણ જોવા મળ્યું હતું. સામેથી આવતા બાઈક ચાલક સાથે સિંહની નજર મળી, બાદમાં બંને પોતપોતાના રસ્તે આગળ વધ્યા હતા. પાછળથી આવેલા બીજા બાઈક ચાલકે બાઈક રોકી, પરંતુ બાઈક ચાલુ ન થતાં સિંહે પણ માત્ર નજર કરી રસ્તો પકડ્યો હતો. ગીરમાં સિંહ અને માનવ વચ્ચેના સહઅસ્તિત્વના અદભુત દશ્યો કેમેરામાં કેદ થયા હતા. ■


ઈકો ફ્રેન્ડલી પ્રસાદ : સોમનાથ દાદાનો પ્રસાદ હવે ઈકો ફ્રેન્ડલી-રિયુઝેબલ પેકીંગમાં મળશે. દેશ-વિદેશના યાત્રિકોની સોમનાથ યાત્રા વધુ સુલભ-સરળ અને વેલ પ્લાન્ડ બનાવતા વન સ્ટોપ સોલ્યુશન સોમનાથ યાત્રા એપ્લીકેશનનું અપડેટેડ વર્ઝન કાર્યરત થયું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ પહેલને સામાજિક અને પર્યાવરણીય જવાબદારી નિભાવતી અનુકરણીય પહેલ ગણાવી છે. ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા લોંચીંગ કર્યુ હતું.

# રાજકોટમાં હરિહર ચોકથી ચૌધરી હાઈસ્કૂલ તરફનો રસ્તો ખુલ્લો મુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : શહેરના સદર બજાર નજીક હરિહર ચોક ખાતે જૂનો બ્રિજ તોડી નવો બ્રિજ બનાવવાની કામગીરી દરમિયાન વોર્ડ નંબર-૨માં હરિહર ચોકથી ચૌધરી હાઈસ્કૂલ તરફ જતો રસ્તો છેલ્લા એક વર્ષથી બંધ હતો. રસ્તો બંધ હોવાથી સ્થાનિકો અને વાહનચાલકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.


(તસ્વીર : પ્રવિણ સેદાણી)

લાંબી રાહ બાદ હવે આ રસ્તો આજથી લોકોની અવરજવર માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. લોકોને ભવિષ્યમાં અવરજવરમાં મુશ્કેલી ન પડે તે માટે રસ્તાનું કામ પૂર્ણ કરી સિમેન્ટ રોડ બનાવવામાં આવ્યો છે. સાથે જ રસ્તાને અગાઉની સરખામણીએ અંદાજે ૬ થી ૭ ફૂટ જેટલો પહોળો કરવામાં આવ્યો છે.

રસ્તો ખુલ્લો મુકાતા હરિહર ચોકથી ચૌધરી હાઈસ્કૂલ તરફ અવરજવર કરતા સ્થાનિકો અને વાહનચાલકોને મોટી રાહત મળી છે. એક વર્ષથી ચાલતી કામગીરીના કારણે લોકોને પડતી હાલાકીનો હવે અંત આવ્યો છે. ■

# વઢવાણ હદમાં સ્ટેટ મોનિટરિંગ સેલનો સપાટો, ₹ ૯૪.૮૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર : જિલ્લામાં ગેરકાયદે દારૂની હેરાફેરી સામે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં વધુ એક મોટી સફળતા મળી છે. વઢવાણ પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ-રાજકોટ હાઈવે પરથી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડી લાખો રૂપિયાની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરના જથ્થા સહિત કુલ રૂ.૧.૨૫ કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કરતાં દારૂની હેરાફેરી સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ, સ્ટેટ મોનિટરિંગ સેલના પોલીસ ઇન્સ્પેક્ટર બી.એચ. રાઠોડના માર્ગદર્શન હેઠળ ટીમે અમદાવાદ-રાજકોટ હાઈવે પર બલદાણા ગામ નજીક આવેલા જય દ્વારકાધીશ ટી સ્ટોલની સામેના ભાગે, લીંબડીથી રાજકોટ તરફ જતા જાહેર માર્ગ ઉપર દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયરની આશરે ૫૫૫ પેટી મળી આવી હતી. જેમાં કુલ ૨૦,૯૭૬ બોટલ હોવાનું સામે આવ્યું છે. પકડાયેલા દારૂના જથ્થાની અંદાજિત કિંમત રૂ.૯૪,૮૪,૧૪૦ હોવાનું જાણવા મળ્યું છે.

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે માત્ર દારૂનો જથ્થો જ નહીં પરંતુ દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલું એક વાહન, એક મોબાઈલ ફોન, રોકડ રકમ તથા અન્ય મુદ્દામાલ પણ કબજે કર્યો છે. આ તમામ મુદ્દામાલની કુલ કિંમત રૂ.૧,૨૫,૩૫,૧૧૧ હોવાનું જણાવાયું છે.

દરોડાની કાર્યવાહી દરમિયાન પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા, જ્યારે ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. ઝડપાયેલા આરોપીઓમાં હરિયાણાના યમુનાનગરના ગુલાબનગરમાં રહેતા જોગાનસિંહ સુંદરનસિંહ ભગીયા (જાટ) તથા હરિયાણાના ભિવાની જિલ્લાના ચાંગ ગામના રહેવાસી *નરેશ મદનલાલ શર્મા (પંડિત)*નો સમાવેશ થાય છે.

આ ગુનામાં હરિયાણાના રમેશકુમાર જાટ સહિત અન્ય ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. દારૂનો જથ્થો મંગાવનાર તથા ટ્રક માલિક સહિત અન્ય સંડોવાયેલા આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

આ સમગ્ર મામલે તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વઢવાણ પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨) તથા ૧૧૬(બી) મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલની આ મોટી કાર્યવાહીએ અમદાવાદ-રાજકોટ હાઈવે પર દારૂની હેરાફેરી કરતા તત્વોમાં ભારે ફફડાટ ફેલાવ્યો છે. સમગ્ર કેસમાં વધુ કોણ-કોણ સંડોવાયેલું છે અને દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો તે સહિતની વિગતો અંગે આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ■

# રાજકોટમાં ૧૨ વર્ષની સગીરા પાસે કેટરિંગનાં કામના નામે દેહવ્યાપાર કરાવાયો, બે મહિલા પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : શહેરમાં કેટરિંગના કામની લાલચ આપી ૧૨ વર્ષની સગીરાને બળજબરીથી દેહવ્યાપારમાં ધકેલવાનો ચોંકાવનારો કિસ્સો બન્યો હતો. પોલીસે આ મામલે કાર્યવાહી કરીને બે મહિલાની ધરપકડ કરી હતી.

રાજકોટમાં રહેતા એક શ્રમિક પરિવારની ૧૨ વર્ષની બાળકીને તેની પાડોશમાં રહેતી એક મહિલાએ કેટરિંગમાં કામ અપાવવાની લાલચ આપી હતી. ૧૧ સપ્ટેમ્બરે આ મહિલા બાળકીને ગોંડલ ચોકડીથી માંડા ડુંગર વિસ્તારના એક મકાનમાં લઈ ગઈ હતી.

મકાનમાં હાજર પાડોશી મહિલા અને તેની બહેનપણીએ બાળકીને સતત ચાર દિવસ સુધી ગોંધી રાખી હતી. બંને મહિલાઓ બહારથી અલગ-અલગ પુરુષોને બોલાવીને બાળકી સાથે બળજબરીથી શારીરિક સંબંધ બંધાવતી હતી. આરોપી મહિલાઓ પોતે મોટી રકમ રાખી લેતી અને સગીરાને માત્ર ૫૦૦ રૂપિયા આપતી હતી.

૧૪ સપ્ટેમ્બરે બાળકીની માતા મજૂરી કામ પર હતી ત્યારે અન્ય એક પાડોશીએ ફોન કરીને જાણ કરી કે તેમની દીકરી કોઈ મહિલા સાથે શંકાસ્પદ રીતે બહાર જઈ રહી છે. શોધખોળ બાદ સાંજે જ્યારે આરોપી મહિલા બાળકીને મૂકવા આવી અને રૂ. ૫૦૦ હાથમાં આપ્યા, ત્યારે પરિવારે પૂછપરછ શરૂ કરી હતી. આ સમયે આરોપી મહિલા ત્યાંથી સરકી જતાં માતા-પિતાએ બાળકીને વિશ્વાસમાં લઈને પૂછ્યાં તે ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી હતી અને પોતાની સાથે થયેલા અત્યાચારની વિગત જણાવી હતી.

પરિવારની ફરિયાદના આધારે આજીડેમ પોલીસે બંને આરોપી મહિલાઓ સામે પોક્સો એક્ટ તેમજ અન્ય કડક કલમો હેઠળ ગુનો નોંધીને તેમની ધરપકડ કરી હતી. તેમજ આ રેકેટ અંગે વધુ તપાસ શરૂ કરી હતી. ■

**કંડલા બંદરે રૂપિયા ૨૩૦૦ કરોડના ખર્ચે**

# દેશના પ્રથમ ગ્રીન ઈ-મિથેનોલ પ્લાન્ટનું ૨૬મીએ ભૂમિપૂજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:સમુદ્રી વેપાર ક્ષેત્રે કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને ગ્રીન એનર્જી સંક્રમણને વેગ આપવાના ભાગરૂપે કંડલા સ્થિત દીનદયાળ પોર્ટ ઓથોરિટી (ડીપીએ) ખાતે રૂ.૨,૩૦૦ કરોડના જંગી રોકાણથી આકાર પામનારા ૧૫૦ ટીપીડી (ટન પ્રતિ દિવસ) ક્ષમતાના ઈ-મિથેનોલ પ્લાન્ટનો શિલાન્યાસ સમારોહ આગામી તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ યોજાશે. કેન્દ્ર સરકારે દીનદયાળ પોર્ટને ગ્રીન હાઇડ્રોજન હબ જાહેર કર્યા બાદ આ દિશામાં આ પ્રોજેક્ટ એક સીમાચિહ્નરૂપ કદમ સાબિત થશે. દીનદયાળ પોર્ટ ઓથોરિટી અને આસામ પેટ્રો-કેમિકલ્સ લિમિટેડના સંયુક્ત સહયોગથી સ્થપાનારો આ પ્રોજેક્ટ દેશની અગ્રણી ઈ-મિથેનોલ ઉત્પાદન સુવિધાઓમાં સ્થાન પામશે. કંડલા ડીપીએ એક્ઝિબિશન ગ્રાઉન્ડ ખાતે સવારે ૧૧ કલાકે યોજાનારા આ ભવ્ય સમારોહમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, આસામના મુખ્ય પ્રધાન ડૉ. હિમંત બિસ્વા સરમા, કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ પ્રધાન સર્બાનંદ સોનોવાલ, કેન્દ્રીય રાજ્ય પ્રધાન શાંતનુ ઠાકુર, ગુજરાતના ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી તેમજ આસામના ઉદ્યોગ અને વાણિજ્ય પ્રધાન બિમલ બોરાહ વિશેષ ઉપસ્થિત રહેશે. ભારતના સૌથી વ્યસ્ત પશ્ચિમી દરિયાઈ વેપાર માર્ગ પર સ્થિત હોવાથી આ પ્લાન્ટ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વનો પૂરવાર થશે. ખાસ કરીને આંતરરાષ્ટ્રીય સિંગાપોર-રોટરડેમ ગ્રીન શિપિંગ કોરિડોર પર અવરજવર કરતાં વિશાળ કાર્ગો જહાજો માટે ગ્રીન ઇંધણ પૂરું પાડવામાં આ પ્લાન્ટ મુખ્ય ભૂમિકા ભજવશે, જેનાથી વૈશ્વિક ગ્રીન-ફ્યુઅલ ઇકોસિસ્ટમમાં ભારતનું સ્થાન વધુ મજબૂત બનશે. આ શિલાન્યાસ અવસરે કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, આસામના નાહરકટિયાના ધારાસભ્ય તરંગા ગોગોઈ, કેન્દ્રીય શિપિંગ સચિવ વિજય કુમાર, એપીસીએલના ચેરમેન બિકુલ ડેકા, વાઈસ ચેરમેન હેમંત ગોગોઈ તેમજ ડીપીએના ચેરમેન સુશીલકુમાર સિંઘ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. ■


વેર્યાં મેં બીજ અહીં છુટ્ટે હાથે : ચોમાસાની ઋતુના વિતેલા બે-બે મહિનામાં વરસાદની સંતાકુકડી જોતો જોતો મગફળીનો મોલ ભાદરવી તડકીને સહવા તૈયાર થઈ ચૂક્યો છે. આ તસવીર ડેરવાણ-કેશોદની છે. ખેડૂતની મહેનત જ્યારે લીલા રંગરૂપે ઊગી નીકળે ત્યારે જગતનો તાત થનગની ઉઠે છે. (દેવાયત ખટાણા)

# ગાંધીધામમાં વરસાદના વિરામ બાદ પણ જળબંબાકારઃ મેઘપર બોરીચી બેટમાં ફેરવાતાં રોગચાળાની ભીતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : પૂર્વ કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામ સંકુલમાં મેઘરાજાએ વિરામ લીધાને ૨૮ કલાકથી વધુ સમય વીતી જવા છતાં શહેરના પ્રમુખ માર્ગો તેમજ રહેણાંક વિસ્તારોમાંથી વરસાદી પાણી ઓસરવાનું નામ લેતા નથી. ખાસ કરીને મેઘપર બોરીચી પંથકની સોસાયટીઓ બેટમાં ફેરવાઈ જતાં સ્થાનિક રહીશોમાં ગંદકી અને મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાની ગંભીર દહેશત વ્યાપી ગઈ છે. ગાંધીધામ મહાનગરપાલિકા વિસ્તારમાં એ-ડિવિઝન પોલીસ સ્ટેશન રોડ, એમ્પાયર હોટેલ માર્ગ, ટાઉનહોલ પાછળનો પટ્ટો, ચાવલા ચોક તેમજ શક્તિનગર સહિતના આંતરિક માર્ગો પર હજુ પણ ગોઠણસમા પાણી ભરાયેલાં છે. સ્થાનિક નાગરિકો પાલિકા કમિશનર બી. ડી. દવેરા, નાયબ કમિશનર સંજય રામાનુજ અને સિટી ઈજનેર મયંક શાહ સમક્ષ યુદ્ધના ધોરણે પમ્પિંગ દ્વારા પાણી ઉલેચીને જંતુનાશક દવાઓનો છંટકાવ કરવાની ઉગ્ર માંગણી કરી રહ્યા છે. બીજી તરફ, મેઘપર બોરીચીની સોસાયટીઓમાં મકાનોની આસપાસ તળાવ જેવો માહોલ સર્જાયો છે. અહીં સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ચારેય બાજુ પાણી ભરાઈ જતાં ૧૦૮ સહિતની એમ્બ્યુલન્સ સેવાઓ પણ અટવાઈ પડી છે. તંત્ર દ્વારા જેસીબી મશીનો મૂકી કમ્પાઉન્ડ વોલ તોડીને પાણીનો નિકાલ કરવાની મથામણ કરવામાં આવી રહી છે, પરંતુ આડેધડ બાંધકામોના પગલે કુદરતી વહેણ રૂંધાતાં સ્થિતિ વધુ વિકટ બની છે. દરમિયાન, અપનાનગર ચાર રસ્તા પાસે કન્ટેનર શોપના ખૂણા પર મુખ્ય ભૂગર્ભ ગટર લાઈન અચાનક બેસી જતાં ભારતનગર અને અપનાનગર વિસ્તારમાં ગટરના ગંદા પાણી રસ્તાઓ પર ઉભરાયાં છે. ભારતનગર તરફ જતા માર્ગે પરબ નજીક જંક્શન પર ૨૪ કલાક જનરેટર અને જેટિંગ મશીનો ગોઠવીને દૂષિત પાણી ખેંચવાના પ્રયાસો ચાલી રહ્યા છે. પાલિકા તંત્રના જણાવ્યા અનુસાર, પાણીનું સ્તર ઘટતાંની સાથે જ બેસી ગયેલી પાઈપલાઈન બદલી નવી લાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. ■

# દ્વારકામાં ૨.૮ ઇંચ વરસાદથી આનંદની લહેર, આજે પણ વરસાદની વકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતમાં જુલાઈ માસમાં પડેલા વરસાદ દરમિયાન દ્વારકા જિલ્લો લગભગ સાવ કોરો રહી ગયો હતો. આ સાથે સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદની સારી એવી ઘટ નોંધાઈ હતી. જોકે છેલ્લા એકાદ અઠવાડિયાથી વરસી રહેલા વરસાદે ખેડૂતો સહિત સામાન્ય જનતાને થોડીઘણી રાહત આપી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા તાલુકામાં ૨.૮ ઇંચ વરસાદ નોંધાયો હતો. ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં આનંદની લાગણીઓ છવાઈ હતી. રાજ્ય ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે તારીખ ૧૭ સપ્ટેમ્બરે સવારે ૬ વાગ્યાથી લઈને સાંજે ૬ વાગ્યા સુધીમાં કુલ ૭૨ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખામંડળ તાલુકામાં ૨.૮ ઇંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે અરવલ્લી જિલ્લાના સાઠંબા તાલુકામાં સૌથી ઓછો ૦.૦૪ ઇંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકામાં ૧.૧૮ ઇંચ, વાવ-થરાદ જિલ્લાના ભાભર તાલુકામાં ૦.૬૭ ઇંચ, બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં ૦.૫૫ ઇંચ, છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં ૦.૫૧ ઇંચ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકામાં અને પંચમહાલ જિલ્લા શહેરા તાલુકામાં ૦.૪૭ ઇંચ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ૭ દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. લો પ્રેશર અને મોન્સૂન ટ્રફ સક્રિય હોવાથી રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ થશે. ખાસ કરીને તારીખ ૧૮ સપ્ટેમ્બરે રાજ્યના અનેક વિસ્તારોમાં થન્ડરસ્ટોર્મ સાથે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે આગાહી પ્રમાણે આગામી દિવસોમાં વરસાદી ગતિવિધિ યથાવત હોવાથી વરસાદ થશે તેવી આગાહી કરવામાં આવી છે. ■

# રાજકોટના કાલાવડ રોડ પર મહિલાની હત્યાની આશંકા, પોલીસ દોડતી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરના કાલાવડ રોડ પર મટુકી રેસ્ટોરન્ટ પાછળ આવેલા સીતારામ પાર્કમાં રહેણાંક મકાનમાંથી એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હોવાથી પ્રાથમિક તપાસમાં મહિલાની હત્યા કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. મૃતક મહિલાની ઓળખ ગીતાબેન વાજા (ઉંમર આશરે ૫૫ વર્ષ) તરીકે થઈ છે. તેઓ બ્યુટી પાર્લર ચલાવતા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ઘટનાની જાણ થતાં યુનિવર્સિટી પોલીસનો કાફલો તેમજ એસીપી સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. હાલ પોલીસ દ્વારા સમગ્ર વિસ્તારની તપાસ કરવામાં આવી રહી છે. હત્યાની આશંકાને પગલે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજીની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી છે. પોલીસ દ્વારા મૃતદેહ કબજે લઈ આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. મહિલાનું મોત કયા સંજોગોમાં થયું અને હત્યા પાછળનું કારણ શું છે તે જાણવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ■

# પડાણામાં યુટ્યૂબ પરથી જોઈ જાતે બંદૂક બનાવનાર શખસ ઝડપાયોઃ પૂર્વ કચ્છ એસઓજીએ હાથ બનાવટના હથિયાર સાથે દબોચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : સોશિયલ મીડિયાના દુરુપયોગનો અત્યંત ચોંકાવનારો કિસ્સો પૂર્વ કચ્છમાં સામે આવ્યો છે. પડાણા ગામે યુટ્યુબ પર હાઉ ટુ મેક અ રિયલ ગનના વીડિયો જોઈને જાતે જ દેશી તમંચો-બંદૂક તૈયાર કરનાર એક સ્થાનિક શખ્સને પૂર્વ કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે.

પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, પૂર્વ કચ્છ એસઓજીની ટીમ પડાણા પંથકમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે ગામથી સીમ તરફ જતા માર્ગ પર આવેલી ચાની હોટેલ નજીક એક શખ્સ ગેરકાયદે હથિયાર સાથે ઊભો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક છાપો મારી પડાણાના જ વતની મુકંદર દાઉદ ગંઢ નામના શખ્સને કોર્ડન કરી ઝડપી લીધો હતો.

ઝડપાયેલા શખ્સની અંગઝડતી લેતાં તેની પાસેથી રૂ.૫,૦૦૦ની કિંમતની દેશી હાથ બનાવટની એક બંદૂક મળી આવી હતી. પોલીસે હથિયાર જપ્ત કરી પૂછપરછ હાથ ધરતાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. આરોપીએ જણાવ્યું હતું કે, તેણે માત્ર પોતાના શોખ ખાતર યુટ્યુબ પર વીડિયો સર્ચ કરીને બંદૂક બનાવવાની રીત શીખી હતી અને ત્યારબાદ જુદા-જુદા સ્પેરપાર્ટ્સ એકઠા કરી જાતે જ આ જીવલેણ હથિયાર એસેમ્બલ કર્યું હતું. પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીએ અગાઉ આવાં કોઈ હથિયારો બનાવ્યાં છે કે કેમ તેમજ અન્ય કોઈને વેચ્યાં છે કે નહીં તે દિશામાં ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. ■